ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ : ૧૩૭

શ્રી પદ્મનંદ્યાચાર્ય વિરચિત

અનિત્ય પંચાશત્

અને

વીણેલાં રત્ન

: અનુવાદક :

સ્વ. ભાયાણી હરિલાલ જીવરાજભાઈ

ભાવનગર

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

સમર્પણ

અધ્યાત્મના પ્રેમી, સત્પથાનુગામી, ગુણગ્રાહી,
શાંત સ્વભાવી, પરોપકારી, વિશ્વદર્શનરૂપ જૈનધર્મના
પ્રચારમાં સવિશેષ ઉદ્યમી, બાલ બ્રહ્મચારી
પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવ

શ્રી કાનજીસ્વામીના

કરમકમલમાં

તેમના અનેક સદ્‌ગુણોમાં અનુરક્ત દ્વારા
શ્રી પદ્મનંદ્યાચાર્ય વિરચિત 'અનિત્ય પંચાશત્' નામક
પ્રકરણનો આ ગુજરાતી અનુવાદ સમર્પણ.

સં. ૨૪૭૩ ફાલ્ગુન શુક્લા ૧ — સંતસેવક –
શ્રી કુંદકુંદપ્રવચનમંડપોદ્‌ઘાટન — ભાયાણી હરિલાલ જીવરાજભાઈ

ત્રીજી આવૃત્તિનું
નિવેદન

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ વીર સંવત ૨૪૭૩માં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેને આશરે ૩૦ વર્ષ થઈ ગયા. તેના ગુજરાતી અનુવાદક શ્રી હરિલાલ જીવરાજભાઈ ભાયાણી આજે જગતમાં વિદ્યમાન નથી, પણ તેમણે કરેલ અનુવાદ ત્રીજીવાર છપાવીને વાંચકોના હસ્તમાં મૂકતાં આનંદ થાય છે.

આ પુસ્તક પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં ૮૯ વચનામૃત સહિત પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૯મી જન્મજયંતિ ઉપર અમારા સ્વ. પૂજ્ય પિતાશ્રી પોપટલાલ મોહનલાલ વોરાના સ્મરણાર્થે પ્રસિદ્ધ થઈ રહ્યું છે તે અમારા માટે વિશેષ આનંદનો વિષય છે.

લિ.

વૈશાખ સુદ ૨ — હસમુખભાઈ પોપટલાલ વોરા
વીર સંવત ૨૫૦૪ — તથા સમસ્ત પરિવાર
મુંબઈ

પ્રસ્તાવના

આ 'અનિત્ય પંચાશત્' શ્રી પદ્મનંદિમુનિ વિરચિત 'શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા' ગ્રંથનું ત્રીજું પ્રકરણ છે. શ્રી પદ્મનંદિ નામના અનેક મુનિ, *આચાર્ય, ભટ્ટારક થઈ ગયા છે, એમ 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' નામક ગ્રંથના વાંચન પરથી જણાય છે. જૈન ઇતિહાસની પૂરી સામગ્રીના અભાવે આ ગ્રંથના કર્તા સંબંધી ખાસ ઇતિહાસ મળતો નથી.

એક જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામનો પ્રાકૃત ભાષાનો કરણાનુયોગ વિષયનો ગ્રંથ છે. તેની પ્રશસ્તિમાં લખ્યા મુજબ તે ગ્રંથના કર્તા શ્રી પદ્મનંદિ મુનિ છે અને તે આ જ છે તેમ વિદ્વાનોનું માનવું છે. આ ગ્રંથ તેઓશ્રીએ બારાનગરમાં, શક્તિ ભૂપાલના સમયમાં લખ્યો છે. શ્રી પદ્મનંદિ મહારાજે તેની પ્રશસ્તિમાં પોતાના ગુરુ શ્રી વીરનંદિની, જૈન ભૂપાલ શક્તિની અને બારાનગર શહેરની પ્રશંસા કર્યા ઉપરાંત પોતાની લાયકાત દર્શાવી છે. આટલી હકીકત પરથી તેમનો સમય નિર્ણય કરવાનો રહે છે.

૧. શ્રી કુંદકુંદાચાર્ય રચિત નિયમસાર ગ્રંથ પર સંસ્કૃત તાત્પર્ય વૃત્તિ લખનાર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તે ગ્રંથના શુદ્ધભાવ અધિકાર પર વૃત્તિ લખતાં શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણના +પદ્યો ઉધ્ધૃત કર્યા છે. આ પરથી એટલો નિર્ણય કરી

* શ્રી દિગંબર સમાજ જેના પ્રત્યે પૂજ્યબુદ્ધિથી સદા જોઈ રહ્યો છે એ 'શ્રી કુંદકુંદાચાર્ય'નું એક નામ 'શ્રી પદ્મનંદિ' પણ હતું.

\+ શ્લોક નં –૭૯, ૧૪.

શકાય કે શ્રી પદ્મનંદિ મુનિ, શ્રી પદ્મપ્રભમલધારિ મુનિ પહેલાના દીક્ષિત મુનિ હતા.

૨. મદ્રાસ પ્રાંતના પટશિવપુરમ્ ગામમાં એક સ્તંભ પર *પશ્ચિમી ચાલુક્ય રાજા ત્રિભુવનમલ્લ સોમેશ્વર દેવના સમયનો શક સંવત ૧૧૦૭ (વિક્રમ સંવત ૧૨૪૨) નો એક લેખ (નં ૨૮) છે; તેમાં લખ્યું છે કે 'જ્યારે આ જિન મંદિર બનાવવામાં આવ્યું હતું ત્યારે શ્રી પદ્મપ્રભમલધારિદેવ અને તેમના ગુરુ શ્રી વીરનંદિ સિદ્ધાંત ચક્રવર્તી વિદ્યમાન હતા.'

૩. વળી શ્રી પદ્મપ્રભમલધારિદેવે પ્રથમોક્ત સંસ્કૃત તાત્પર્યવૃત્તિના પ્રારંભમાં અને પાંચમા અધ્યાયના અંતમાં શ્રી વીરનંદિ આચાર્યના ગુણગાન કરી વંદના કરી છે.

૪. પ્રથમ દર્શાવી ગયા મુજબ શ્રી પદ્મનંદિ મુનિએ પણ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ગ્રંથની પ્રશસ્તિમાં પણ શ્રી વીરનંદિ આચાર્યની પ્રશંસા સહ વંદના કરી છે.

ઉપરોક્ત સમય અને સંયોગો પરથી બંને વીરનંદિ આચાર્ય એક જ હોય તો એવા નિર્ણય પર આવવું પડે છે કે શ્રી પદ્મનંદિમુનિ અને શ્રી પદ્મપ્રભમલધારિ દેવ ગુરુભાઈ હતા.

આથી તેઓ સમકાલિન હોઈ આ બંને વચ્ચે થોડા વર્ષનું અંતર હોય, પણ શ્રી પદ્મનંદિ મુનિ પ્રથમ દીક્ષિત મુનિ હતા અને લગભગ વિ. સં. ૧૨૦૦ પહેલાં હતા એટલું તો ચોક્કસ છે. શ્રી પદ્મનંદિ આચાર્ય મહારાજે આ *પંચવિંશતિકા અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઉપરાંત ચરણસાર અને ધર્મરસાયન નામના બીજા બે ગ્રંથો પ્રાકૃત ભાષામાં રચેલા છે.

* સ્વ. બ્રહ્મ. શીતલપ્રસાદજી સંપાદિત મદ્રાસ, મૈસુર પ્રાંતકે પ્રાચીન જૈન સ્મારક.

બારમી સદીમાં થયેલા આ વિદ્વાન આચાર્યે દિગંબર અવસ્થાએ વનમાં રહી કરુણા બુદ્ધિએ આ અમૂલ્ય ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ દ્વારા આત્મહિતકર ધર્મોપદેશ આપી જનસમૂહ પર પરમ ઉપકાર કર્યો છે.

સ્વ. પરમ કૃપાળુ પરમ ઉપકારી સદ્‌ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ ગ્રંથને વનશાસ્ત્ર કહ્યું છે અને સત્‌શ્રુતની યાદીમાં આ ગ્રંથની ગણતરી કરી પ્રતિષ્ઠા સ્થાપી છે.

X પદ્મનંદિ –પંચવિંશતિકા ગ્રંથના પઠનથી જિજ્ઞાસુ જૈન ધર્મનો જાણકાર થાય છે, તે ઉપરાંત પોતાના આત્માનું પરમ કલ્યાણ કરી શકે છે. એવા ઉત્તમ ગ્રંથમાંનું આ 'અનિત્ય પંચાશત્' નામક પ્રકરણ, આત્મ-જિજ્ઞાસુઓને, અજ્ઞાની પામર જીવોને તેમજ શોકસંતપ્ત હૃદયોને સુપથ-દર્શક થાય તે ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવાની પસંદગી કરી છે.

ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ આદિના પ્રસંગે ગમે તેવું શોકસંતપ્ત હૃદય બન્યું હોય, પણ આ 'અનિત્ય પંચાશત્' એકવાર લક્ષપૂર્વક વાંચવામાં આવે તો ખૂબ શાંતિ પ્રાપ્ત થઈ જાય છે. તેના પઠનથી ઉદાસીનતા તથા ખેદ દૂર થઈ ચિત્તમાં પ્રસન્નતા અને સરસતા આવી જાય છે; સંસાર, દેહ, ભોગનાં સ્વરૂપનું જ્ઞાન થઈ હૃદયમાં વિવેક–બુદ્ધિ જાગૃત થાય છે. સંસારીજનોને તેમની ભૂલો માલૂમ પડી જાય છે અને તેમનામાં ધૈર્ય તથા પુરુષાર્થની માત્રા વૃદ્ધિને પામે છે, જે લોકો શોક–સંતાપમાં આત્મસમર્પણ કરી પોતાના ધર્માર્થાદિ પુરુષાર્થો ખોઈ બેસે છે –અકર્મણ્ય બની જાય છે, મહિનાઓ સુધી રોવે – કૂટે છે અને આ પ્રકારે પોતાના શારીરિક તથા માનસિક બળને ક્ષતિ (હાનિ) પહોંચાડી પોતાનું જીવન એક પ્રકારે દુઃખમય બનાવી

X આ પંચવિંશતિકામાં પણ શ્રી ઋષભજિન સ્તોત્ર અને શ્રી જિનેન્દ્ર સ્તોત્ર પ્રાકૃત ભાષામાં રચેલાં છે.

દે છે તેમના માટે આવા ગ્રંથોનો પરિચય ઘણો જ ઉપયોગી છે; તેવા આત્માઓને તેમનું દુઃખ દૂર કરવામાં અને પોતાની આત્મજાગૃતિ કરવામાં આ પ્રકરણ સહાયક જ છે.

જૈનેતર સમાજમાં સ્વજનનાં મૃત્યુ બાદ ગરુડપુરાણ, કુરાન આદિ ગ્રંથો વાંચવામાં આવે છે તેવી રીતે જૈન સમાજમાં આવા ગ્રંથોનું વાંચન કરવા–કરાવવાની જરૂર છે. આથી શોક શમે છે અને હૃદય વૈરાગી બને છે; તેવા પ્રસંગે એકત્ર થઈને થતા નિંદા–કુથલીના પ્રસંગો બંધ પડે છે ને તેના બદલે પવિત્ર વિચારો સ્ફૂરે છે, દાન–શીલ–તપ–ભાવ પ્રત્યે રુચિ વૃદ્ધિને પામે છે, અર્થાત્ અશુભભાવ મટી શુભભાવ થાય છે. માટે આવા શોકશમનકારક ગ્રંથોની જૈન સમાજમાં પ્રચાર થવાની બહુ આવશ્યકતા છે.

આ ગ્રંથની ભાષા સંસ્કૃત હોવાના કારણે સમાજ ઘણાં વર્ષો સુધી તેના લાભથી પ્રાયઃ વંચિત હતો એ જાણી લગભગ ૪૪ વર્ષ પહેલાં આ પરમોપકારી પ્રકરણનો હિન્દી પદ્યાનુવાદ શ્રીયુત પંડિત જીુગલકિશોર મુખ્તારે રચ્યો હતો; અને પંડિત શ્રી નાથુરામ પ્રેમીજીએ પ્રકાશિત કર્યો હતો; તેનું સંશોધિત, પરિવર્તિત અને ભાવાર્થ સહ સંવર્દ્ધિત હિન્દી સંસ્કરણ લગભગ બે વર્ષ પહેલાં પંડિત શ્રી જુગલકિશોરજીએ પ્રગટ કર્યું છે; તે અનુવાદમાં મૂળ વસ્તુ છૂટી ન જાય, આચાર્ય મહોદયના કહેલા ભાવ બરાબર સચવાઈ રહે અને અનુવાદની ભાષા સરળ રહે તે બાબતનું તેમણે ધ્યાન રાખ્યું છે; તે તૈયાર સામગ્રીનો આ *ગુજરાતી અનુવાદ છે. તે કરવામાં કેવી સફળતા પ્રાપ્ત થઈ છે તે વિચારવાનું વિદ્વાન પાઠકો પર છોડું છું.

* આવો એક ગુજરાતી અનુવાદ શ્રીયુત માલવી મોતીલાલ ત્રિકમદાસ તરફથી વિ. સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ થયેલ છે; તેમજ બે મરાઠી ભાષાંતર મરાઠી પદ્યાનુવાદ સહ પણ થયેલા છે.

પરંતુ આ અમૃત-ભોજન પીરસવાનો યશ તો શ્રીયુત પંડિત જુગલકિશોર મુખ્તારને ઘટે છે.

આ પુસ્તક સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષાના અભ્યાસીને ઉપયોગી થવા માટે આમાં મૂળ શ્લોક, પં. શ્રી જુગલકિશોર રચિત હિન્દી પદ્યાનુવાદ અને તેમના હિન્દી ભાવાર્થનો ગુજરાતી અનુવાદ દાખલ કરેલ છે.

વિશેષમાં આ ગ્રંથની વસ્તુને સમૃદ્ધ કરવા નિમિત્તે તથા વાચકોને વધુ દિવસો સુધી શોકશમનકારક બોધામૃત મળવા નિમિત્તે પ્રાચીન તેમજ અર્વાચીન અધ્યાત્મી આચાર્ય મહારાજો ને વિદ્વજ્જનો–કથિત સદુપદેશના અવતરણો પુસ્તકમાં તથા પાદ–ટિપ્પણમાં ઉમેર્યાં છે.

આ પ્રકરણ તૈયાર કરતી વખતે શ્રીમાન હીરાચંદ નેમચંદ દોશી સંપાદિત તથા પં. શ્રી ગજાધરલાલ જૈન ન્યાયશાસ્ત્રી સંપાદિત શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા ગ્રંથની સહાય લીધી છે.

પં. શ્રી જુગલકિશોરજીએ આ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવાની સંમતિ આપ્યા ઉપરાંત પ્રેમપૂર્વક એક નકલ વિશેષ સંશોધિત કરીને મોકલવા તસ્દી લીધી છે તે બદલ તેમનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું.

પૂજ્ય મુરબ્બી ભાઈ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ આ પુસ્તક સાદ્યંત જોઈ જવા પ્રેમપૂર્વક તસ્દી લીધી છે; આથી આચાર્યદેવના માનનીય શાસ્ત્રોક્ત ભાવો (આશયો) સચવાઈ રહ્યા છે એ માટે મને બહુ આનંદ થાય છે.

પ્રાકૃત ભાષાના વિદ્વાન શ્રી અમૃતલાલ ગોપાણી આ પુસ્તક જોઈ ગયા છે તેથી શ્લોકોમાં ભૂલો રહેવા સંભવ નથી, છતાં રહી હોય તો વાચક વર્ગ ક્ષમા કરે તેવી પ્રાર્થના છે. વિશેષમાં આ પુસ્તકનું વાંચન લાંબો સમય ચાલે તે આશયથી પરમોપકારી કૃપાળુદેવ શ્રી રાજચંદ્રે શારીરિક વેદના અંગે, મૃત્યુભય નિવારણ અંગે વચનામૃતો

દ્વારા તથા પરિચયી શોકસંતપ્ત કુટુંબોને દિલાસા-પત્રો દ્વારા સદ્‌બોધ આપ્યો છે તે અત્રે દાખલ કરેલ છે. આ સંગ્રહ ‘રાજપત્રાવલિ’ શીર્ષકથી આ પુસ્તકમાં દાખલ કરેલ છે.

અનિત્ય પંચાશત્ પંચાવનમાં પૃષ્ઠે પૂર્ણ થઈ જતું હતું પણ આ જ આચાર્યદેવે રચેલ વૈરાગ્યપૂર્ણ ‘બાર અનુપ્રેક્ષા (ભાવના)’ ઉમેરી સદુપદેશની વૃદ્ધિ કરી છે. આશા છે કે આ પુસ્તકનું મનનપૂર્વક વાંચન, શ્રવણ વાચક અને શ્રોતાના હૃદય પર એવો પ્રભાવ પાડશે કે તેમને સ્વજન પ્રત્યેના મોહવશાત્ થતા શોક સંતાપો શમાવશે એટલું જ નહિ પણ વિષયવાસનાના ત્યાગ સહ જીવનધારાનું પરિવર્તન કરવા અને આત્મોન્નતિ કરવા અંશતઃ પ્રેરણા આપશે. છેવટમાં શ્રી પદ્મનંદિ આદિ આચાર્યોએ કરેલ સદુપદેશ દ્વારા પરમોપકાર, વિદ્વજ્જનોએ દર્શાવેલ સહાનુભૂતિ, આપ્તજનોએ દર્શાવેલ પ્રેમ અને દાતાઓએ કરેલ લક્ષ્મીનો સદુપયોગ –તે સર્વ માટે સર્વનો હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

સંત સેવક–

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

સુભાષિત રત્નસંદોહ

पुरुषस्य विनश्यति येन सुखं वपुरेति कृशत्वमुपैत्यबलं।
मृतमिच्छति मूर्च्छति शोकवशस्तत्यजतैनमतस्त्रिविधेन बुधाः।।

અર્થ :– જે શોકને વશ પડવાથી, મનુષ્યનાં સુખનો નાશ થાય છે, શરીર કૃશ થાય છે, નિર્બળતા પગદંડો જમાવે છે, મૂર્ચ્છા આવે છે અને મરણને શરણ થવાની પ્રબળ ઇચ્છા થાય છે; તેથી હે બુધજનો ! મન, વચન અને કાયાથી શોકને ત્યાજ્ય ગણો.

उदितः समयः श्रयतेऽस्तमयं कृतकः सकलो लभते विलयं।
सकलानि फलानि पतन्ति तरोः सकला जलधिं समुपैति नदी।।
सकलं सरसं शुषिमेति यथा सकलः पुरुषो मृतिमेति तथा।
मनसेति विचिंत्य बुधो न शुचं विदघाति मनागपि तत्त्वरुचिः।।

અર્થ :– ઉદય પામેલ દિવસ અવશ્ય અસ્તને પ્રાપ્ત થાય છે, જેની ઉત્પત્તિ છે તે સર્વ વિલયને પામે છે, વૃક્ષ પરના સર્વ ફળો ખરી પડે છે, સમસ્ત નદીઓ સાગરને મળે છે, જે રસાદ્ર છે તે સર્વ સુકાય છે તેમ, જે મનુષ્યો જન્મે છે તે અવશ્યમેવ મૃત્યુને પામે છે એમ (સંસારની ઉત્પત્તિ–લયયુક્ત સ્થિતિનો) મનથી વિચાર કરી તત્ત્વરુચિ બુધજન જરાપણ શોક કરતો નથી.

यदि रक्षणमन्यजनस्य भवैद्यदि कोऽपि करोति बुधः स्तवनं।
यदि किंचन सौख्यमथ स्वतनोर्यदि कश्चन तस्य गुणो भवति।।
यदि वाऽऽगमनं कुरुतेऽत्र मृतः सगुणं भुवि शोचनमस्य तदा।
विगुणं विमना बहु शोचति यो विगुणां स दशां लभते मनुजः।

અર્થ :– યદિ અન્ય જનનું રક્ષણ થતું હોય વા કોઈ બુધજન પ્રશંસા કરતો હોય, યદિ પોતાના શરીરને કોઈ સુખ પ્રાપ્ત થતું હોય

વા કોઈ સદ્‌ગુણની પ્રાપ્તિ થતી હોય, યદિ મરેલાં સજીવન થઈ પાછા આવતાં હોય તો તે મનુષ્યનો શોક કરવો સાર્થક છે; પરંતુ આ માંહેલું તો કાંઈ બનતું નથી. તેથી જે મનુષ્ય શૂન્ય ચિત્તે વ્યર્થ બહુ શોક કરે છે તે નિર્ગુણ દશાને પ્રાપ્ત થાય છે.

ददाति योऽन्यत्र भवे शरीरिणामनेकधा दुःखमसह्यामायतं।
इहैव कृत्वा बहु दुःखपद्धतिं स सेव्यते शोकरिपुः कथं बुधैः।।

અર્થ :– જે શોક, પરભવમાં જીવોને અનેક પ્રકારના અસહ્ય દુઃખો ભોગવાવે છે અને આ ભવમાં પણ બહુ દુઃખ આપે છે તે (બંને ભવમાં દુઃખદાયી) શોક શત્રુને, ડાહ્યા પુરુષો શા માટે સેવે ? અર્થાત્ બુધજનો શોક કરતા નથી.

पूर्वोपार्जितपपाकवशतः शोकः समुत्पद्यते,
धर्मात्सर्वसुखाकराज्जिनमतान्नश्यत्ययं तत्त्वतः।
विज्ञायेति समस्तदुःखसकलामूलो भवोर्वोरुहः,
संसारस्थितिवेदिभिर्बुधजनैः शोकस्त्रिधा त्यज्यते।।

અર્થ :– પૂર્વોપાર્જિત પાપકર્મવશ, કર્મની ઉત્પત્તિ થાય છે અને તે શોક, સમસ્ત સુખની ખાણરૂપ જિન ધર્મના અવલંબનથી અવશ્ય નષ્ટ થાય છે એમ તત્ત્વથી વિચારી, સંસારસ્થિતિના જાણનારા બુધજનો, સમસ્ત પ્રકારનાં દુઃખોના મૂળરૂપ, ભવ-વૃક્ષ સમાન શોકનો મન–વચન–કાયાથી ત્યાગ કરે છે.

श्री अमितगति आचार्य।

ॐ

શ્રી પદ્મનંદ્યાચાર્ય વિરચિત

અનિત્ય પંચાશત્

હિન્દી પદ્યાનુવાદ અને ગુજરાતી ભાવાર્થ સહ

મંગલાચરણ

आर्या

जयति जिनो धृतिधनुषामिषुमाला भवति योगियोधानाम्।
यद् वाक्करूणामय्यपि मोहरिपुप्रहतये तीक्ष्णा।।१।।

आर्याछंद[१]

जिनके वचन करुण भी, शरगण हों मोह-शत्रु नाशनको।
धैर्य-धनुर्धर-योगी-सुभटोंके जयहु सु-जिनदेव।।१।।

ભાવાર્થ :– મોહ-શત્રુનો વિનાશ કરવા અર્થે જેમના કરુણ (દયામય) વચન પણ ધૈર્ય–ધનુષ ધારણ કરનાર યોગીરૂપ યોદ્ધાઓના તીક્ષ્ણ બાણસમૂહ બની જાય છે અર્થાત્ જેના અહિંસા ધર્માત્મક વચનોનો આશ્રય લઈ સમ્યક્ પ્રયોગ કરી યોગીજન પોતાના

૧. આ છંદના ચાર ચરણમાં ક્રમશઃ ૧૨, ૧૮, ૧૨, ૧૫ માત્રાઓ હોય છે.

મોહશત્રુનો નાશ કરી નાંખે છે તે શ્રી જિનદેવ –કર્મશત્રુઓના નાશ કરનાર શ્રી અર્હંતપ્રભુ –જયવંત હો –ભવ્યજનોના હૃદયમાં તેમનો પ્રભાવ સદાય અંકિત રહો. ૧.

મનુષ્યદેહનું અનિત્યપણું :–

शार्दूलविक्रीडित छंद

यद्येकत्र दिने न भुक्तिरथवा, निद्रा न रात्रौ भवेत्,
विद्रात्यम्बुजपत्रवद्दहनतोऽभ्याशस्थिताद्यद् ध्रुवम्।
अस्त्रव्याधिजलादितोऽपि सहसा, यच्च क्षयं गच्छति,
भ्रातःकाऽत्र +शरीरके स्थितिमति, -र्नाशेऽस्य को विस्मयः।।२।

नरेन्द्र छंद

एक दिवस भोजन न मिले या नींद न निशको आवे,
अग्नि-समीपी अंबुज-दल-सम वह शरीर मुरझावे।
शस्त्र-व्याधि-जल आदिकसे भी क्षणभरमें क्षय हो है,
चेतन ! क्या स्थिर-बुद्धि देहमें ? विनशत अचरजको है।२।

+ શરીર સ્થિર નથી અને અનેક પ્રકારે ક્ષીણ થાય છે એવું કથન પરમકૃપાળુ શ્રી કુંદકુંદાચાર્યદેવે 'ભાવપાહુડ'માં કહ્યું છે :–

विसवेयणरत्तक्खयभयसत्थग्गहणसंकिलेसाणं।
आहारुस्सासाणं णिरोहणा खिज्जए आऊ।।२५।।
हिमजलणसलिलगुरुयरपव्वयतरुरुहणपडणभंगेहिं।
रसविज्जजोयधारण अणयपसंगेहिं विविहेहिं।।२६।।

અર્થ :– વિષ, વેદના, રુધિરનો ક્ષય, ભય, શસ્ત્રઘાત, સંકલેશ પરિણામ, આહારની અપ્રાપ્તિ, શ્વાસનિરોધ, હિમ, અગ્નિ, જળ, મહાપર્વત કે વૃક્ષ પર ચડતાં પડવાથી શરીરના ભંગ, રસ બનાવવાની વિદ્યાના પ્રયોગથી અને વિવિધ અન્યાયી પ્રસંગો (ચોરી, વ્યભિચાર)થી આયુનો ક્ષય થાય છે. તો હે મિત્ર ! આવી રીતે શરીરનું અકાળ મૃત્યુ થાય છે તેમાં સ્થિરતાની બુદ્ધિ કેવી ?

ભાવાર્થ :– જો એક જ દિવસ ભોજન ન મળે અથવા રાત્રે નિંદ્રા ન આવે તો તે શરીર, અગ્નિ સમીપ રહેલ કમલપત્રની જેમ કરમાય છે –શિથિલ થાય છે; તે ઉપરાંત શસ્ત્રથી, રોગથી અને જળ આદિથી આ શરીર શીઘ્ર જ નાશ પામે છે. છેદાઈ, ભેદાઈ, કપાઈ, પીડાઈ, વિકૃત થઈ, પાણીમાં ડૂબી, અગ્નિથી બળી, પવનાદિથી પ્રતાડિત થઈ, સર્પાદિથી દંશાઈ, વિષથી મૂર્ચ્છિત થઈ, વિજળી પડવાથી, પર્વતાદિ પરથી પડી જવાથી, માળના કાટ નીચે દબાવાથી, શ્વાસોચ્છ્વાસ રૂંધાવાથી – Heart fail થવાથી, વિકાર–ગ્રસિત થઈ ક્ષણભરમાં મરણને શરણ થાય છે અથવા તો એમ કહીએ કે જ્યાં ને ત્યાં રામ પામી જાય છે. માટે હે ચેતન ! વિચારવાન ભાઈ ! આવા ક્ષણભંગુર દેહમાં સ્થિરતાની બુદ્ધિ કેવી ? અથવા તો એના નાશમાં આશ્ચર્ય શું ? તેમાં તો નથી સ્થિરતાની વાત, તેમજ તેના નાશમાં નથી કોઈ પણ આશ્ચર્યજનક સ્થાન. ૨. *

કાયા–કુટીનું સ્વરૂપ :–

दुर्गन्धाऽशुचिधातुभित्तिकलितं, सञ्छादितं चर्मणा,
विण्मूत्रादिभृतं क्षुधादिविलसदुःखाखुभिश्छिद्रितम्।
क्लिष्टं कायकुटीरकं स्वयमपि प्राप्तं जरावह्निना,
चेदेतत्तदपि स्थिरं शुचितरं मूढो जनो मन्यते।।३।।

चर्म-मढी दुर्गन्ध-अशुचिमय-धातु-कुभीत-धिरी है,
क्षुधा-आदि दुःख-मूसक-छिद्रित मल-मूत्रादि-भरी है।

गीति

* ખાણ મૂત્ર ને મળતી, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.
—શ્રીમદ્ રાજચંદ્ર.

जरत स्वयं ही जरा-वह्निसे काय-कुटी सब जानें,
मूढ मनुष हैं इतने पर भी जो थिर-शुचितर मानें।।३।।

ભાવાર્થ :– સર્વ જાણે છે કે આ શરીર ઝૂંપડી દુર્ગંધ અને અશુચિ ધાતુરૂપ (બોદી) ભીંતોથી ઘેરાયેલી છે. ઉપરથી ચામડાથી મઢાયેલી છે. અંદર મલ–મૂત્ર આદિથી ભરેલી છે, ક્રીડા કરતા ક્ષુધા-તૃષા આદિ દુઃખરૂપ ઉંદરોથી છિદ્રિત છે અર્થાત્ ભૂખ-તરસ આદિ દુઃખરૂપ ઉંદરોએ છિદ્ર પાડ્યા છે અને સ્વયં વૃદ્ધાવસ્થારૂપ અગ્નિથી બળી રહી છે, દિન-પ્રતિદિન પોતે જ વૃદ્ધાવસ્થામાં પરિણત થઈ જીર્ણ થતી જાય છે. આવું હોવા છતાં પણ જે, આ કાયા–કુટીને સ્થિર અને અતિ પવિત્ર માની રહે છે તે મૂઢ મનુષ્ય છે – મોહને વશીભૂત અજ્ઞાની જીવ છે. ૩. *

જગતના ક્ષણભંગુર પદાર્થોનું સ્વરૂપ :–

+अम्भोबुद्बुदसन्निभा तनुरिय श्रीरिन्द्रजालोपमा,
दुर्वाताहतवारिवाहसदृशाः कान्ताऽर्थ - पुत्रादयः।

---

* વળી શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને 'ભાવપાહુડ'માં દેહનું સ્વરૂપ એવું કહ્યું છે કે :–

संसट्ठीसुक्कसोणियपित्तं तसवत्तकुणिमदुग्गंधं।
खरिसवसपूयखिब्भिसभरियं चिंतेहि देहउडं।।४२।।

અર્થ :– હે જીવ ! માંસ, હાડ, વીર્ય, રુધિર, પિત્ત આંતરથી ઝરતી મુડદા જેવી દુર્ગંધથી યુક્ત તથા અપક્વ મળસહિત બળખા, ચરબી અને પરુ આદિ અપવિત્ર વસ્તુઓથી ભરેલ આ દેહરૂપી ઘડાનું સ્વરૂપ વિચાર.

\+ વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.
– શ્રીમદ્ રાજચંદ્ર.

सौख्यं वैषयिकं सदैव तरलं मत्ताङ्गनाऽपाङ्गवत्,
तस्मादेतदुपप्लवाप्तिविषये शोकेन किं किं मुदा।।४।।

जल-बुदबुद-सम है तनु, लक्ष्मी इन्द्रजालवत् मानो,
तीव्र पवन-हत मेघ-पटल-सम धन कान्ता सुत जानो।
मत्त त्रियाके ज्यों कटाक्ष त्यों चपल विषय-सुख सारे,
इससे इनकी प्राप्ति-नास्ति में, हर्ष-शोक क्या प्यारे ?।।४।।

ભાવાર્થ :– આ શરીર પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે, લક્ષ્મી ઇન્દ્રજાળની જેમ માયામય છે –ક્ષણભરમાં અદૃશ્ય થઈ જાય છે, સ્ત્રી, ધન, પુત્ર, મિત્ર, બાંધવ અને માતા–પિતાદિની સ્થિતિ તીવ્ર પવનથી પ્રતાડિત થઈ છિન્નભિન્ન થતાં દેખાતાં ને વિલીન થતાં વાદળા જેવી છે અને ઇન્દ્રિયોના વિષય–સુખ કામોન્મત્ત સ્ત્રીના કટાક્ષ જેવાં ચંચળ છે – કામિનીના તિર્યગ્દૃષ્ટિ-સંચાલનની જેમ, તે (સુખો) પણ ક્ષણ-ક્ષણમાં બદલાતાં રહે છે. અતઃ આવા શરીર આદિની પ્રાપ્તિમાં હર્ષ કરવાથી અને તેની નાસ્તિમાં શોક કરવાથી શો ફાયદો છે ? કાંઈ પણ લાભ નથી. ૪.

નોંધ :– એક વાત આબાલગોપાલ પ્રસિદ્ધ છે કે જે જન્મેલ છે તે અવશ્યમેવ મરશે–નાશ પામશે; માટે ડાહ્યા સમજુજનોએ બાળકના જન્મ, લક્ષ્મી આદિની પ્રાપ્તિમાં હર્ષ અને તેમના વિયોગમાં શોક ન કરવો જોઈએ, અને યથાશક્ય પુરુષાર્થ દ્વારા આત્માનું જ કલ્યાણ કરવું જોઈએ.

આત્મસ્વરૂપ ચિંતનનો બોધ :—

***दुःखे वा समुपस्थितेऽय मरणे शोको न कार्यो बुद्धैः,**
संबंधो यदि विग्रहेण यदयं सम्भूतिदात्री तयोः।

* શ્રી પૂજ્યપાદસ્વામીએ પણ 'ઇષ્ટોપદેશા' ગ્રંથમાં શરીરનો ત્યાગ

तस्मात्तत्परिचिन्तनीयमनिशं, संसारदुःखप्रदो,
येनाऽस्य प्रभवः पुरः पुनरपि प्रायो न सम्भाव्यते।।५।।

काया जननी दुःख-मरण की हुआ योग यदि यासे,
तो फिर शोक न बुधजन कीजे मरते वा दुःख आते।
आत्मस्वरूप विचारो तब तो नित तज आकुलताई,
संभव हो न कभी फिर जिससे देह-जन्म दुःखदाई।।५।।

ભાવાર્થ :– દેહ તો દુઃખ અને મરણની જનની છે –દુઃખ અને મરણ એનાથી ઉત્પન્ન થાય છે, યદિ કાયા ન હોય તો આત્માને દુઃખ ઉઠાવવું ન પડે અને મરણ પણ ન હોઈ શકે. જો કાયા સાથે આત્માનો સંબંધ છે તો પછી બુદ્ધજનોએ જેનું સંબંધાવસ્થામાં હોવું અવશ્યંભાવી છે એવું દુઃખ અથવા મરણ ઉપસ્થિત થયે, શોક ન કરવો જોઈએ; તેને બદલે તેમણે તો સદાય નિરાકુલ થઈ બહિરાત્મ–બુદ્ધિના ત્યાગપૂર્વક * આત્મસ્વરૂપનો પોતાની મુક્તિનો વિચાર કરવો જોઈએ કે જેથી દુઃખદાયી દેહનો ફરી ફરી જન્મ જ ન સંભવે. ૫.

સૂચવ્યો છે :–

दुःखसंदोहभ गित्वं संयोगादिह देहिनाम् ।
त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः।।२८।।

અર્થ :– જીવોને શરીરાદિના સંબંધથી દુઃખસમૂહના ભાગી થવું પડે છે, તેથી મન–વચન–કાયાની ક્રિયા વડે એ સર્વનો ત્યાગ કરું છું, અર્થાત્ એ સર્વને પોતાના માનતો નથી.

* **શ્રી પૂજ્યપાદસ્વામીએ** 'ઇષ્ટોપદેશ' માં આતમસ્વરૂપ–ભાવના કહી છે. તે ઉપયોગી હોઈને અત્રે દાખલ કરી છે **:–**

न मे मृत्युः कुतो भीति,-र्न मे व्याधिः कुतो व्यथा।
नाहं बालो न वृद्धोऽहं, न युर्वतानि पुद्गले।।२९।।

અર્થ :– મારું (આત્માનું) મરણ થતું નથી તેથી મને ડર નથી, મને

શોકાતુરના પુરુષાર્થ નિષ્ફળ :—

दुर्वारार्जितकर्मकारणवशादिष्टे प्रनष्टे नरे,
यच्छोकं कुरुते तदत्र नितरामुन्मत्तलीलायितम्।
यस्मात्तत्र कृते न सिद्धयति किमप्येतत् परं जायते,
नश्यन्त्येव नरस्य मूढमनसो धर्मार्थकामादयः।।६।।

दुर्निवार-निजकर्म-हेतु-वश इष्ट स्वजन मर जावे,
जो उस पर बहु शोक करे नर वह उन्मत्त कहावे।
क्यों कि शोकसे सिद्धि नहीं कुछ, हाँ इतना फल होवे,
मूढमना वह मानव अपने धर्मार्थादिक खोवे।।६।।

ભાવાર્થ :– જ્યારે પોતાના પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મકારણવશાત્ કોઈ ઇષ્ટ સ્વજન મરણ પામે ત્યારે તેના માટે શોક કરવો – રડવું તે ઉન્મત્તોની લીલા સમાન છે અને તેથી તેમ કરનારને પાગલ સમજવો જોઈએ. કેમકે રડવાથી કાંઈ સિદ્ધિ થતી નથી. હા ! એટલું ફળ જરૂર મળે છે કે એવા શોકાકુળ મૂઢ મનુષ્યના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ –એ ચારેય પુરુષાર્થ નાશ પામે છે. શોકાવસ્થામાં નથી ધર્મધ્યાન બનતું, નથી અર્થોપાર્જન થતું, નથી ઇન્દ્રિયવિષયો સધાતા તેમ જ નથી મોક્ષ–સાધના બનતી. ચારેય પુરુષાર્થો તે મૂઢ મનુષ્ય ખોઈ બેસે છે. ૬.

उपेन्द्रवज्रा

उदेति पाताय रविर्यथा तथा,
शरीरमेतन्ननु सर्वदेहिनाम्।

વ્યાધિ થઈ શકતી નથી તેથી મને કોઈ પણ દુઃખ નથી, વળી હું બાળક, વૃદ્ધ અને યુવાન પણ નથી; કેમકે એ સર્વ વિકાર પુદ્‌ગલના છે.

स्वकालमासाद्य निजे हि संस्थिते,
करोति कः शोकमतः प्रबुद्धधीः।।७।।

*होकर उदित सूर्यमंडल ज्यों पा स्व-काल छिप जावे,
देहधारियोंका तनु त्यों यह उपजे औ' नश जावे।
इससे पाकर जो स्व-काल निज इष्ट स्वजन मर जावे,
उस पर शोक करे को भविजन ? जो सुबुद्ध कहलावे।।७।।

ભાવાર્થ :– જેમ સૂર્ય પ્રાતઃકાળે ઉદયને પ્રાપ્ત થાય છે અને સાંજે સ્વ-સમય પૂરો કરી અસ્તને પામે છે – છુપાઈ જાય છે, તેમ સર્વ પ્રાણીઓનો દેહ ઊપજે છે અને આયુ પૂર્ણ થતાં વિનાશ પામે છે. તેના માટે એવો ક્યો સુબુદ્ધ જન હોય કે જે શોક કરે ? બુદ્ધિમાન તો જરાપણ શોક કરે નહિ; ફક્ત બહિરાત્મદ્રષ્ટિમૂઢ જન શોક કર્યા જ કરે. ૭.

આચાર્યદેવ શોક દૂર કરવાનો ઉપાય દર્શાવે છે :–

भवन्ति वृक्षेषु पतन्ति नूनं पत्राणि पुष्पाणि फलानि यद्वत्।
कुलेषु तद्वत् पुरुषाः किमत्र हर्षेण शोकेन च सन्मतीनाम्।।८।।

+वृक्षन पर उगकर झड़ पड़ते पत्र फूल फल जैसे,
जन्म कुलों में ले कर प्राणी मरण लहै है तैसे।

---

* મૂળનો શબ્દાનુવાદ પ્રાયઃ આ પ્રમાણે થઈ શકે છે :–
`पतन-हेत रवि ज्यों उगे, त्यों नर देह बखान।
काल पाय हितु-नशत को कर है शोक सुजान ?'

+ આ મૂળનો ભાવાનુવાદ છે; શબ્દાનુવાદ પ્રાયઃ આ થઈ શકે છેઃ–
`हों तरु पर निश्चय गिरें पत्र, फूल, फल, भ्रात् !
त्यों कुलमें नर; सुबुध के हर्ष-शोक किस भाँत ?'

इस विध नियम अखंडित लख बुध हर्ष-शोक क्या कीजे?
वस्तुस्वरूप विचार हृदयमें समता-भाव धरीजे।।८।।

ભાવાર્થ :– જેમ વૃક્ષો પર સ્વકાળ અનુસાર પત્ર, ફૂલ, ફળ ઉત્પન્ન થાય છે અને પોતપોતાના કાળાનુસાર નિશ્ચયે પડે છે –ખરી પડે છે; તેમ જ જીવ પોતપોતાના કર્માનુસાર ઉચ્ચ-નીચ કુળમાં જન્મ લે છે અને મરે છે માટે આ પ્રકારનો અટલ નિયમ પ્રત્યક્ષ દેખી બુધજનોએ જન્મ-મરણના પ્રસંગે શા માટે હર્ષ–શોક કરવા જોઈએ ? નહિ કરવા જોઈએ. તેમણે તો *વસ્તુસ્વરૂપનો વિચાર કરી હૃદયમાં સમતાભાવ ધારણ કરવો જોઈએ. ૮.

જગતના સર્વ પદાર્થો અવસ્થા-દૃષ્ટિએ નાશવંત છે :–

शार्दूलविक्रीडित

दुर्लध्याद्भवितव्यताव्यतिकरान्नष्टे प्रिये मानुषे,
यच्छोकः क्रियते तदत्र तमसि प्रारभ्यते नर्त्तनम्।
सर्वं नश्वरमेव वस्तु भुवने मत्वा महत्या धिया,
निर्धूताखिलदुःखसन्ततिरहो धर्मः सदा सेव्यताम्।।९।।

* આત્મસ્વરૂપમાં જેની બુદ્ધિ છે એવો અંતરાત્મા આવા પ્રસંગે એવુ વિચારે છે કે :–

आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।
मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम्।।७७।।

અર્થ :– આત્મસ્વરૂપમાં જ જેની દૃઢ આત્મબુદ્ધિ છે એવો અંતરાત્મા શરીરના વિનાશને અથવા બાળ-યુવા આદિ રૂપ પરિણતિને પોતાના આત્માથી ભિન્ન માને છે –શરીરના ઉત્પાદ–વિનાશમાં પોતાના આત્માનો ઉત્પાદ-વિનાશ માનતો નથી અને આ રીતે મરણ પ્રસંગે એક વસ્ત્રને છોડી બીજું વસ્ત્ર ગ્રહણ કરવાની જેમ નિર્ભય રહે છે. (समाधितंत्र)

दुर्निवार-भावी-वश अपना प्रियजन मरण करे जो,
अंधकारमें नृत्य करे वह उस पर शोक करे जो।
संमति से सब वस्तु जगतमें नाशवंत लख भाई !
सब दुःखसंतति-नाशक सेवो धर्म सदा मन लाई।।९।।

ભાવાર્થ :– જેનું દુઃખે કરીને પણ ઉલ્લંઘન ન થઈ શકે તેવી ભવિતવ્યતાના વશે–કારણે પોતાના કોઈ પ્રિય સ્ત્રી, પુત્ર આદિના મરણ થયે જે મનુષ્ય શોક કરે છે તેની તે શોક–ક્રિયા અંધકારમાં કરાતા નૃત્ય સમાન વ્યર્થ છે. આથી કોઈને પણ કશાય લાભની પ્રાપ્તિ થતી નથી, માટે શોકને દૂર કરી વિવેકને અપનાવવો જોઈએ અને તે દ્વારા એવું સ્વીકારવું જોઈએ કે જગતના સર્વ પદાર્થો અવસ્થા દૃષ્ટિએ નાશવંત છે. કોઈ પણ પદાર્થ પોતાની એક અવસ્થામાં સદા સ્થિર રહેનાર નથી. માટે આચાર્ય ભગવાન ઉપદેશ દે છે કે મહા દુઃખ–પરંપરાના જડમૂળનાશક ધર્મનું સદા સાદર સેવન કરો. ૯.

पूर्वोपार्जितकर्मणा विलिखितं यस्यावसानं यदा,
तज्जायेत तदैव तस्य भविनो ज्ञात्वा तदेतद् ध्रुवम्।
शोकं मुञ्च मृते प्रियेऽपि सुखदं, धर्मं कुरुष्वादरात्,
सर्पे दूरमुपागते किमिति भोस्तद् घृष्टिराहन्यते।।१०।।

पूर्व कर्मने जिस प्राणीका अंत लिखा जब भाई !
उसका अंत तभी होता है यह निश्चय उर लाई।
छोड़ शोक मरने पर प्रिय क सादर धर्म करीजे,
दूर गया जब निकल साँप तब लीक पीट क्या कीजे?।।१०।।

ભાવાર્થ :– પોતાના પૂર્વોપાર્જિત કર્મ દ્વારા જે જીવનો [X] જે સમયે અંત (મરણ) થવાનું લખાયેલ છે –જે નિયત થયેલ છે તેનો તે જ સમયે અંત થાય છે જ –પ્રથમ યા પાછળ નહિ; આ ધ્રુવ સત્ય જાણી હે સંસારી પ્રાણી ! પ્રિયજનના મરણ નિમિત્તે શોક–અફસોસ કરવો છોડી સુખકારી ધર્મનું આદરપૂર્વક આચરણ કર; સાપ દૂર ચાલ્યા ગયા પછી તેના પડેલા લિસોટા પીટવાથી કાંઈ સાર્થકતા નથી. જેમ લિસોટા પીટવાથી સર્પ મરતો નથી તેમ સ્વજનના વિયોગ માટે કરાતા શોકથી દુઃખ ટળતું નથી. ૧૦.

આક્રંદ કરનાર નવા કર્મ બાંધી દુઃખના ભાગી થાય છેઃ–

ये मूर्खा भुवि तेऽपि दुःखहतये व्यापारमातन्वते,
सा मा भूदथवा स्वकर्मवशतस्तस्मान्न ते तादृशाः।
मूर्खान्मूर्खशिरोमणीन्ननु वयं तानेव मन्यामहे,
ये कुर्वन्ति शुचं मृते सति निजे पापाय दुःखाय च।।११।।

X આવું જ કથન મહાન્ પૂર્વાચાર્યદેવ શ્રી સ્વામીકાર્તિકેયે કહ્યું છેઃ–
जं जस्स जम्मि देसे जेह विहाणेण जम्मि कालम्मि।
णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा।।३२१।।
तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि।
को सक्कइ चालेदुं इंदो वा अह जिणिंदो वा।।३२२।।

ભાવાર્થ :– જે જીવના, જે દેશે, જે વિધિથી, જે કાળે જન્મ તથા મરણ ઉપલક્ષણથી દુઃખ–સુખ, રોગ, દારિદ્રય આદિ (આ જ પ્રમાણે થશે એમ) સર્વજ્ઞદેવે નિશ્ચયપૂર્વક જાણ્યાં છે. તે જ પ્રમાણે તે જ દેશે, તે જ વિધિથી, તે જ કાળે જન્મ–મરણ થાય છે. તેને કોણ–ઇન્દ્ર કે જિનેન્દ્રદેવ પણ નિવારવાને શક્તિમાન છે ? અર્થાત્ કોઈ પણ શક્તિમાન નથી.

(स्वामीकार्तिकेयानुप्रेक्षा)

दुःखनाशनको मूढ जगतमें रुदनकर्म विस्तारें,
वह दुःख दूर न हो स्वकर्मवश नहिं वे सुख निर्धारें।
उन मूढों को मूढ-शिरोमणि हम निश्चित ही मानें,
पाप और दुःख-हेतु शोक को स्वजन मारे जो ठानें।।११।।

ભાવાર્થ :– સંસારમાં જે મૂઢ પ્રાણી છે તે દુઃખ દૂર કરવા માટે રુદનવ્યાપાર –આક્રંદ કરે છે; પરંતુ કર્મને પોતે આધીન થવાથી તે દુઃખ દૂર થતું નથી અને રુદનથી ન તો તે કોઈ સુખનો અનુભવ કરી શકે કે ન તો સુખી બની શકે.

આચાર્ય મહોદય કહે છે કે, જે જીવ સ્વજનનાં મરણ નિમિત્તે, પાપ અને દુઃખના કારણભૂત શોકનું અનુષ્ઠાન કરે છે તેવા મૂઢોને ખરેખર અમે મૂર્ખ–શિરોમણિ માનીએ છીએ, કેમકે શોક કરવાથી અસાતા વેદનીયરૂપ પાપકર્મનો બંધ કરે છે અને તેના ફળસ્વરૂપે આગામી દુઃખનો પણ ભાગી બને છે. ૧૧.

વળી આચાર્ય પ્રભુ શિક્ષા આપે છે કે :–

किं जानासि न, किं श्रृणोपि न, न किं प्रत्यक्षमेवेक्षसे,
निःशेषं जगदिंद्रजालसदृशं रम्भेव सारोज्झितम्।
किं शोकं कुरुषेऽत्र मानुषपशो ! लोकान्तरस्थे निजे,
तत्किञ्चित् कुरु येन नित्यपरमानंदास्पदं गच्छसि।।१२।।

नहिं जाने क्या नाहिं सुने तू ? नहिं क्या सन्मुख देखे ?
`कदलीवत् निःसार जगत सब इन्द्रजाल हो जैसे'
इष्ट मरण शोक करे क्या ? मनुषाकार पशू रे !
जिससे नित्य परम सुख पावे वह कुछ तो कर तू रे !।।१२।।

ભાવાર્થ :– હે મનુષ્યાકાર પશુ–મૂઢ પ્રાણી ! તું એટલુંય નથી જાણતો, નથી સાંભળતો, અરે પ્રત્યક્ષ પોતાની આંખ સામે નથી દેખતો કે આખુંય જગત ઇન્દ્રજાળ જેવું માયામય અર્થાત્ ક્ષણભંગુર અને કેળના સ્તંભ સમાન નિઃસાર છે ! યદિ આ સર્વ જાણે છે, સાંભળે છે ને દેખે છે તો પછી સ્વજનના મરણ સમયે–પરલોકવાસી થવા સમયે –શા માટે શોક કરે છે ? શોક છોડી દઈ એવું કોઈ * કાર્ય કર કે જેથી નિત્ય, સ્થિર પરમ સુખ આપનાર સ્થાનની પ્રાપ્તિ થાય.

સંસારમાં જો એક પણ પદાર્થ નિત્ય, સારભૂત હોય તો શોક કરવો કામનો કિન્તુ સંસારમાં તો સમસ્ત વસ્તુ ઇન્દ્રજાળ અને કેળના સ્તંભ સમાન વિનાશક અને અસાર છે તો પછી શોક કરવો સર્વથા

---

* આત્માર્થી અનુપ્રેક્ષા દ્વારા સંસારના પદાર્થોની અનિત્યતાનું ચિંતન કરતાં એવું વિચારે કે :–

एगो मे सस्सदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।५१।।

અર્થ :– મારો આત્મા એક છે અર્થાત્ તેમાં કોઈ અન્યનું મિશ્રણ નથી, શાશ્વત છે અર્થાત્ કદી નષ્ટ થનાર નથી અને જ્ઞાન–દર્શન લક્ષણયુક્ત (જ્ઞાતા–દૃષ્ટા) છે. શેષ સંયોગ–લક્ષણયુક્ત સમસ્ત પદાર્થો મારા આત્માથી બાહ્ય છે–તે મારાં નથી અને હું તેમનો નથી. (भावपाहुड)

પછી **શ્રી પૂજ્યપાદસ્વામીએ** 'ઇષ્ટોપદેશ' માં કહી તેવી ભાવના ભાવે કે :–

एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रकोचरः।
बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा।।२७।।

અર્થ :– હું એક છું, મમત્વરહિત છું, શુદ્ધ છું, જ્ઞાની છું, યોગીઓના જ્ઞાનનો વિષય છું, સંયોગ દ્વારા થતા ભાવ મારા (સ્વરૂપ)થી સર્વથા બાહ્ય છે, અંશમાત્ર પણ મારા નથી.

વ્યર્થ છે. માટે હે ભવ્યો ! આ પ્રસિદ્ધ +રત્નત્રય (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર)નું આરાધન કરો કે જેથી તમને વિના તકલીફે મોક્ષ આદિ સુખની પ્રાપ્તિ થાય જ. ૧૨.

જન્મનાર અવશ્યમેવ મૃત્યુને પામે છે :–

जातो जनो म्रियत एव दिने च मृत्योः,
प्राप्ते पुनस्त्रिभुवनेऽपि न रक्षकोऽस्ति।
तद्यो मृते सति निजेऽपि शुचं करोति,
पूत्कृत्य रोदिति वने विजने स मूढः।।१३।।

जो जनमा वह नियत मरे है मृत्यु-दिवस जब आवे,
तीन भुवन में तब उसका रक्षक कोई न पावे।

\+ આવું જ કથન શ્રી કુંદકુંદાચાર્યદેવે 'સમયસાર' માં કહ્યું છે :–

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।

અર્થ :– (હે ભવ્ય !) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની બુદ્ધિના દોષથી પરદ્રવ્ય રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં, પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળી તેને અતિ નિશ્ચળપણે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થાપ; તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ ધ્યાવ; તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળ ચેતનાના ત્યાગ વડે શુદ્ધ જ્ઞાનચેતનામય થઈને જ્ઞાન–દર્શન–જ્ઞાન–ચારિત્રને જ અનુભવ; તથા દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે-ક્ષણે પરિણામો ઉપજે છે તે-પણા વડે તન્મય (દર્શન–જ્ઞાન–ચારિત્રમય) પરિણામવાળો થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ વિહર તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરાપણ ન વિહર.

इससे जो प्रियजन के मरते शोक कर अधिकाहीं,
कर पुकार वे रुदन करें हैं मूढ विजन-वन-मांही।।१३।।

ભાવાર્થ :– જેણે જન્મ લીધો છે તે, મૃત્યુનો દિવસ આવ્યે નિશ્ચયપૂર્વક –અવશ્યમેવ મરે છે; પછી ત્રણે લોકમાં તેનો કોઈ રક્ષક થતો નથી તેને મોતથી બચાવી શકાતું નથી. હવે જે મનુષ્ય પોતાના પ્રિય સંબંધીના મરણ નિમિત્તે શોક કરે છે તે નિર્જન વનમાં વિલાપ કરવા જેવું છે. જેમ નિર્જન વનનો વિલાપ વ્યર્થ બને છે તેમ તેનો શોક પણ વ્યર્થ બને છે. ૧૩.

પૂર્વોપાર્જિત કર્માનુસાર ફળ :–

इष्टक्षयो यदिह ते यदनिष्टयोगः,
पापेन तद्भवति जीव पुराकृतेन।
शोकं करोषि किमु तत्य कुरु प्रणाशम्,
पापस्य तौ न भवतः पुरतोऽपि येन।।१४।।

*इष्ट-वियोग अनिष्ट-योग जो जगमें होते जानो,
पूर्व पापके फल हैं दोनों, यह चेतन ! उर आनो।
शोक करे किस हेतु ? नाश कर पाप, वृथा मत रोवे,
इष्ट-वियोग अनिष्ट-योग का जन्म न जिससे होवे।।१४।।

ભાવાર્થ :– આ સંસારમાં ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ રચાય છે તે સર્વ પૂર્વોપાર્જિત પાપ-કર્મને આધીન થાય છે –એ બંને પાપનાં ફળ છે. પાપ–કર્મ, ઉદયમાં આવી અહીં વહાલી વસ્તુનો વિયોગ કરે છે અને એવી સાધનસામગ્રી ઝૂંટે છે કે જે (ઘટના) પોતાને

* મૂળનો સંક્ષિપ્ત અનુવાદ :–
'योग अनिष्ट व इष्टक्षय पूर्वपाप-फल दोय।
शोक करे क्या ? पाप नश, जिससे दोउ न होय।।'

પ્રિય ન લાગતાં અનિષ્ટ અથવા દુઃખકારી બને છે. હે ચેતન ! આથી તું શોક શા માટે કરે છે ? તે પાપોનો નાશ કર કે જેથી ભવિષ્યમાં ઇષ્ટવિયોગ ને અનિષ્ટયોગ –બંનેય બનવા ન પામે.

शार्दूलविक्रीडित

नष्टे वस्तुनि शोभनेऽपि हि तदा शोकः समारभ्यते,
तल्लाभोऽथ यशोऽथ सौख्यमथवा धर्मोऽथवा स्याद्यदि।
यद्येकोऽपि न जायते कथमपि स्फारैः प्रयत्नैरपि,
प्रायस्तत्र सुधीर्मुधा भवति कः शोकोग्ररक्षोवशः।।१५।।

इष्ट वस्तु के नष्ट हुए भी शोकारंभ तब कीजे,
यदि हो उसका लाभ, सुयश, सुख अथवा धर्म लहीजे।
चारोंमेंसे एक भी जो न बहु प्रयत्न कर होवे,
वृथा शोक-राक्षस-वश हो तब कौन सुधी सुख खोवे ?।।१५।

ભાવાર્થ :– વહાલી વસ્તુનો નાશ થયે શોક તો ત્યારે જ કરવો જોઈએ કે જ્યારે શોક કરવાથી તે નાશ પામેલ વસ્તુની પ્રાપ્તિ થાય, સુયશની પ્રાપ્તિ થાય, સુખ મળતું હોય અથવા તો ધર્મની સાધના થતી હોય. થોડો ઘણો પ્રયત્ન કર્યા છતાં પણ જો એ ચારેમાંથી એકની પણ પ્રાપ્તિ ન થાય તો પછી એવો ક્યો બુદ્ધિમાન હોય કે જે નકામો જ શોક–રાક્ષસને વશ થાય અને આ રીતે પોતાનું વર્તમાન અને આગામી સુખ પણ ખોઈ બેસે ? ૧૫.

કુટુંબ એ, રાત્રિએ વૃક્ષ પર એકત્ર થતાં પક્ષીઓ જેવો મેળો :—

वसंततिलका

***एवद्रुमे निशि वसंति यथा शकुन्ताः,**
प्रातः प्रयान्ति सहसा सकलासु दिक्षु।
स्थित्वा कुले बत तथाऽन्यकुलानि मृत्वा,
लोकाः श्रयन्ति विदुषा खलु शोच्यते कः।।१६।।

एक वृक्ष पर आ पक्षी ज्यों करते रयन-बसेरा,
प्रातः उठ सब दश दिश जाते उखड़ जात है डेरा।
त्यों कुल-स्थिति कर बहु प्राणी मरकर अन्य कुलों में-
जा बसते, किस हेतु सुबुध तब शोक करें हृदयों में ?।।१६।।

ભાવાર્થ :— જેમ ઘણા પક્ષીઓ રાત્રે એક વૃક્ષ પર આવીને વસે છે —તેમાં રાત્રિવાસો કરે છે અને પ્રાતઃકાળે (સવાર પડતાં) જ સર્વે ઊઠી, દશે દિશાઓમાં ચાલ્યા જાય છે, તેમનો તે ડેરો ઊખડી જાય છે. તેઓમાંથી કોઈ પણ ત્યાં પડ્યું રહેતું નથી. તેમ ઘણા જીવો એક કુળમાં જન્મી એકઠાં થાય છે, થોડો કાળ ભેગાં રહી આગળ—પાછળ મરે છે અને અન્ય કુળોમાં જઈ જન્મ લે છે —વસી જાય છે. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં બુધજન કોનો ને શા માટે શોક

* આવું જ કથન શ્રી પૂજ્યપાદ સ્વામીએ 'શ્રી ઇષ્ટોપદેશ' ગ્રંથમાં કર્યું છે :—

दिग्देशेभ्यः खगा एत्य संवसंति नगे नगे।
स्वस्वकार्यवशाद्यांति देशे दिक्षु प्रगे प्रगे।।९।।

અર્થ :— પક્ષીગણ પૂર્વ આદિ દિશાઓથી ને અંગ—બંગ આદિ દેશોથી આવી સંધ્યાકાળે એકઠાં થઈ વૃક્ષ પર રાતવાસો કરે છે, પરંતુ પ્રભાત થતાં જ અનેક દિશા ને દેશોમાં પોતપોતાના કાર્યવશ ચાલ્યા જાય છે.

કરે છે ? કોઈના માટે શોક કરવો તે તેમના (સુજ્ઞ) માટે જરાપણ ઊચિત નથી. ૧૬.

આ સંસાર-વનમાં એક જ્ઞાન-દીપક જ આશ્રયભૂત છે :—

शार्दूलविक्रीडित

दुःखव्यालसमाकुलं भववनं जाड्यान्धकाराश्रितं,
तस्मिन् दुर्गतिपल्लिपातिकुपथैर्भ्राम्यन्ति सर्वेऽङ्गिनः।
तन्मध्ये *गुरुवाक्प्रदीपमलज्ञानप्रभाभासुरं,
प्राप्यालोक्य च सत्पथं सुखपदं, याति प्रबुद्धो ध्रुवम्।।१७।।

जड़ता-तमसे व्याप्त जगतवन, जहँ दुःख-गज विचरें हैं,
दुर्गतिगेह-सहाइ-कुपथसे जहँ सब जीव भ्रमें हैं।।
तहँ अति निर्मल-ज्ञान-प्रकाशक गुरुवच-दीप जगे हैं।
जिसको पाकर देख सुपथ को सुख-पद सुबुध लहे है।।१७।।

ભાવાર્થ :— આ સંસાર-વન, દુઃખરૂપ વ્યાલોથી અર્થાત્ દુષ્ટ હાથીઓ અથવા દુષ્ટ સર્પોથી ભરેલું છે, અજ્ઞાનરૂપ અંધકારથી વ્યાપ્ત છે અને તેમાં એવા કુમાર્ગો છે કે જે દુર્ગતિરૂપ ગૃહો પર લઈ જનારા છે, વળી આવા સંસાર-વનમાં પડી સર્વે પ્રાણી ભૂલી —અટકી રખડ્યા કરે છે. ભવવનમાં ગોથા ખાધા કરે છે. આવા વનમાં નિર્મળ

* જ્ઞાનરૂપ—દીપકની પ્રશંસા :—

મોહ મહા તમ મલ હરૈ, ધરૈ સુમતિ પરકાસ;
મુક્તિ-પંથ પરગટ કરૈ, દીપક ગ્યાન વિલાસ.

જ્ઞાનરૂપ દીપક મોહરૂપ મહા અંધકારના મળને નષ્ટ કરી સુબુદ્ધિનો પ્રકાશ કરે છે અને મોક્ષમાર્ગ દર્શાવે છે.

— સ્વ. કવિવર પં. શ્રી બનારસીદાસ

જ્ઞાનપ્રભાથી દેદીપ્યમાન ગુરુ–વાક્યરૂપ (અર્હંત પ્રવચનરૂપ) મહાન્ દીપક જળી રહ્યો છે; જે સુબુધજન છે તે જ્ઞાનદીપક પ્રાપ્ત કરી અને તેના આશ્રયથી* સન્માર્ગ ગ્રહણ કરી સુખપદ – સુખનાં વાસ્તવિક સ્થાન (મોક્ષ)–ને પામે છે તેમાં જરાપણ સંદેહ નથી. ૧૭.

કર્મરચિત મરણ-ઘડીએ જ દેહોત્સર્ગ :–

વસંતતિલકા

यैव स्वकर्मकृतकालकलाऽत्र जन्तुस्तत्रैव,
याति मरणं न पुरो न पश्चात्।

---

* શ્રી કુંદકુંદાચાર્ય પ્રભુએ કરુણા-બુદ્ધિથી 'મોક્ષપાહુડ' માં નીચે મુજબ સન્માર્ગ દર્શાવ્યો છે. તે ઉપયોગી હોઈને અત્રે ઉદ્દ્ધૃત કર્યો છે :

तच्चरुई सम्मत्तं तच्चग्गहणं च हवइ सण्णाणं।
चारित्तं परिहारो परूवियं जिणवरिंदेहिं।।३८।।

ભાવાર્થ :– જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ –આ સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન, યથાર્થ જાણવું તે સમ્યગ્જ્ઞાન, પર દ્રવ્ય (શરીર, ધન, પુત્ર, સ્ત્રી આદિ બાહ્ય ને કષાય આદિ અંતરંગ)નો પરિહાર –સર્વથા ત્યાગ તથા ઉપરોક્ત જ્ઞાન–દર્શનમાં રમણતા તે સમ્યક્ ચારિત્ર છે –એમ શ્રી જિનેશ્વર દેવે કહ્યું છે તે નિશ્ચય–વ્યવહાર નયથી આગમાનુસાર સાધો. વિશેષમાં કહ્યું છે કે :–

जो रयणत्तयजुतो कुणइ तवं संजदो ससत्तीए।
सो पावइ परमपयं झायंतो अप्पयं सुद्धं।।४३।।

ભાવાર્થ :– જે સંયમી,, (ઉપરોક્ત) રત્નત્રય ધારણ કરી સ્વશક્તિ અનુસાર (ઇચ્છાનિરોધરૂપ) તપ કરે છે તે શુદ્ધાત્માનું ધ્યાન કરતાં કરતાં પરમ પદ –મોક્ષ પ્રાપ્ત કરે છે.

मूढास्तथापि हि मृते स्वजने विधाय,
शोकं परं प्रचुरदुःखभुजो भवन्ति।।१८।।

जो निजकर्मरचित हे भविजन ! मरण-घड़ी जगमाहीं,
जीव उसीमें मरता निश्चित, पूर्व पिछाडी नाहीं।
तौ भी मूरख ठान शोक अति, बहु दुःखभागी हो है,
पाकर काल मरे यदि कोई अपना प्रियजन जो है।।१८।

ભાવાર્થ :– આ સંસારમાં પોતાનાં જ કર્મ દ્વારા જે મરણ-ઘડી યોજાઈ છે તે જ ઘડીએ આ જીવ દેહ છોડે છે –મરણ પામે છે, ન તો પહેલાં કે ન તો પછી. આવું હોવા છતાં પણ મૂઢ જન પોતાના કોઈ સ્વજનનું (કાળ આવ્યે) મરણ થતાં અત્યંત અફસોસ કરી મહાન દુઃખનો ભાગી થાય છે –તીવ્ર અસાતાવેદનીય કર્મનો બંધ પાડી દુર્ગતિને પાત્ર બને છે અને અનેક જાતના દુઃસહ કષ્ટ ઉઠાવે છે. ૧૮.

शार्दूलविक्रीडित

वृक्षाद् वृक्षमिवाण्डजा मधुलिहः पुष्पाच्च पुष्पं यथा,
जीवा यान्ति भवाद्भवान्तरमिहाऽश्रान्तं तथा संसृतौ।
तज्जातेऽथ मृतेऽथवा न हि मुदं शोकं न कस्मिन्नपि,
प्रायः प्रारंभतेऽधिगम्य मतिमानस्थैर्यमित्यङ्गिनाम्।।१९।।

तरुसे तरु पर पक्षी, मधुकर ज्यों पुष्पों पर जावें,
त्यों हि जीव भव छोड़ अन्य भव इस जगमें अपनावें।
इस विध जीवों की अस्थिरता जान सुबुधजन जो हैं,
जन्मत-मरते स्वजनादिकके हर्ष न शोक करें हैं।।१९।।

ભાવાર્થ :– જેમ પક્ષી એક વૃક્ષ પરથી ઊડી બીજા વૃક્ષ પર, ભ્રમર એક ફૂલ પરથી ઊડી બીજા ફૂલ પર જઈ બેસે છે તેમ આ જીવ સંસારમાં નિરંતર એક ભવ પૂરો કરી બીજો ભવ ધારણ કર્યા

જ કરે છે. આ પ્રમાણે જીવોની અસ્થિરતા–કોઈ પણ એક સ્થાને સ્થિર નહિ રહેવાની પરિણતિ–જાણી સુબુધજન પ્રાયઃ કોઈના જન્મે હર્ષ કે કોઈના મરણે શોક કરતો નથી. ૧૯.

મનુષ્યદેહની દુર્લભતા અને કર્તવ્ય :–

भ्राम्यत्कालमनंतमत्र जनने प्राप्नोति जीवो न वा,
मानुष्यं यदि दुष्कुले तदधतः प्राप्तं पुनर्नश्यति।
सज्जातावथ तत्र याति विलयं गर्भेऽपि जन्मन्यपि,
द्राग्धाल्येऽपि ततोऽपि नो वृष इति प्राप्ते प्रयत्ने वरः।।२०।

भ्रमते काल अनंत जगतमें जीव न नर-भव पावे,
यदि पावे भी तो दुष्कुलमें अघसें फिर नश जावे।
सत्कुलमें आ गर्भहिं विनशै, लेते जनम मरे वा,
बचपनमें नश है, तब वृष पा, क्यों तहँ यत्न करे ना।।२०।

ભાવાર્થ :– આ સંસારમાં અનંતકાળ ભ્રમણ કરવા છતાં પણ

અહીં પ્રસંગોપાત ગર્ભનાં દુઃખો, બચપણનાં દુઃખો વર્ણવ્યા છે અને તે શ્રી કુંદકુંદાચાર્યપ્રભુ રચિત 'ભાવપાહુડ' માંથી ઉધ્ધૃત કર્યા છે.

पित्तं तमुत्तफेफसकालिज्जयरुहिरखरिसकिमिजाले।
उयरे वसिओ सि चिरं णवदसमासेहिं पत्तेहिं।।३९।।

અર્થ :– હે આત્મન્ ! તેં પિત્ત, આંત (આંતરડા), મૂત્ર, મેદ, કાળજું, રુધિર, શ્લેષ્મ અને કૃમિના સમૂહથી ભરેલ ઉદરમાં અનંતવાર નવ–દશ મહિના વાસ કર્યો છે. ૩૯.

दियसंगट्ठियमसणं आहारिय मायभुत्तमण्णांते।
छद्दिखरिसाण मज्झे जढरे वसिओ सि जणणीए।।४०।।

અર્થ :– હે આત્મન્ ! તેં માતાનાં પેટમાં રહી, માતાનાં દાંતે ચોંટેલ અને માતાનું ખાધેલ એઠું અન્ન ખાઈ વમન અને શ્લેષ્મ વિષે નિવાસ કર્યો છે. ૪૦.

જીવને મનુષ્ય ભવની પ્રાપ્તિ થતી નથી, કદી થાય છે તો દુષ્કુળમાં; ત્યાં જન્મીને પણ પાપનાં કારણે માનુષ્ય (મનુષ્યપણું) પુનઃ નષ્ટ થાય છે. અને યદિ સત્કુળમાં માનુષ્યની પ્રાપ્તિ થાય છે તો ત્યાં જીવ ગર્ભમાં જ વિલય પામે છે, કાં જન્મતાં જ મરી જાય છે અને કાં બચપણમાં જ મરણ પામે છે. આ સર્વ અવસ્થાઓમાં તો ધર્મની પ્રાપ્તિનો કોઈ અવસર જ હોવો નથી, માટે યુવાવસ્થાદિનો અવસર મળે તો ધર્મની સાધના અર્થે ઉત્તમ પ્રયત્ન કરવો જોઈએ. આ તકને શોકાદિમાં ન ખોઈ નાંખવી જોઈએ. ૨૦.

જગતનાં સ્વરૂપનું વર્ણન :–

स्थिरं सदपि सर्वदा भृशमुदेत्यवस्थांतरैः,
प्रतिक्षणमिदं जगज्जलदकूटन्नश्यति।
तदत्र भवमाश्रिते मृतिमुपागते वा जने।
प्रियेऽपि किमहो मुदा किमु शुचा प्रबुद्धात्मनः।।२१।।

કદાચ આયુના કારણે બચપણમાં જીવતો રહ્યો તોપણ બચપણમાં તેં કેવાં દુઃખો ભોગવ્યા છે તે સાંભળ.

सिसुकाले य अयाणे असुईमज्झम्मि लोलिओ सि तुमं।
असुई असिया बहुसो मुणिवर बालत्तपत्तेण।।४१।।

અર્થ :– હે મુનિવર ! તું અજ્ઞાનમયી બાલ્યાવસ્થામાં અપવિત્ર જગ્યામાં લોટ્યો છે તથા બાળપણાના કારણે ઘણીવાર અપવિત્ર વસ્તુ (મળ-મૂત્ર આદિ) ખાઈ ચૂક્યો છે. ૪૧.

असुई बीहत्थेहि य कलिमलबहुलाहि गब्भवसहीहि।
वसिओ सि चिरं कालं अणेयजणणीण मुणिवर।।१७।।

અર્થ :– હે મુનિપ્રવર ! (કુદેવયોનિથી ચ્યવી) તમે અનેક માતાઓનાં અપવિત્ર, ઘૃણાજનક અને પાપરૂપ મળથી મલિન ગર્ભસ્થાનોમાં બહુ કાળ સુધી વસ્યા છો; માટે હવે શુદ્ધાત્મરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કરો, જેથી જન્મ–મરણનાં ફેરા ટળી જાય.

थिर सतरूप सदा जग भी यह उपजे विनशे ऐसे,
पर्यायांतर कर क्षण क्षण में जलदपटल हो जैसे।
इससे जगमें जन्मत-मरते इष्ट जनों के प्यारो,
हर्ष किये क्या ? अहो शोक कर क्या है साध्य ? विचारो।।२१।

ભાવાર્થ :– આ જગત (દ્રવ્યદૃષ્ટિએ) સદા સત્સ્વરૂપ તથા સ્થિર હોવા છતાં પણ (પર્યાયદૃષ્ટિએ) અવસ્થાંતરો દ્વારા ક્ષણ ક્ષણમાં મેઘપટલ (વાદળાં)ની જેમ ઊપજે છે અને વિનશે છે, અતઃ આવી વસ્તુસ્થિતિ હોવા છતાં બુદ્ધિમાન પુરુષોને આ સંસારમાં કોઈ પ્રિયજનના જન્મપ્રસંગે હર્ષ કરવાથી અને મરણપ્રસંગે શોક કરવાથી શું ફળ છે ? કાંઈ પણ નહિ. ૨૧.

મૃત્યુ ટાળવાને દેવો પણ અસમર્થ તો મનુષ્યની કઈ ગણતરી ? :–

लंध्यन्ते जलराशयः शिखरिणो देशास्तटिन्यो जनैः,
सा वेला तु मृतेर्न पक्ष्मचलनस्तोकाऽपि देवैरपि।
तत्कास्मिन्नपि संस्थिते सुखकरं श्रेयो विहाय ध्रुवम्,
कः सर्वत्र दुरंतदुःखजनकं शोकं विदध्यात्सुधीः।।२२।।

सागर-पर्वत देश-नदों को मनुज लाँघकर जावें,
मरण-घड़ी को पलकमात्र भी देव न लँघने पावें।
इससे मरते किसी स्वजनके श्रेय त्याग सुखकारी,
सदा घोर दुःखदाह-शोकको कौन करे मतिधारी ?।।२२।।

ભાવાર્થ :– મનુષ્યો સમુદ્રો, પર્વતો, દેશો અને મોટી–મોટી નદીઓ ઓળંગી જઈ શકે છે; પરંતુ મૃત્યુવેળાએ–મરણઘડીએ –એક

પલકમાત્ર પણ મૃત્યુને ટાળવા–રોકવા, દેવો પણ સમર્થ થઈ શકતા નથી, તો મનુષ્ય કેમ ટાળી શકે ? માટે એવો કોણ સુધીજન હોય કે જે સ્વજનના મરણ–સમયે સુખકર પુણ્ય–ધર્માચરણ છોડી સદા ઘોર દુઃખદાયક શોકનું અનુષ્ઠાન કરે ? કોઈ પણ સુધીજન શોક ન કરે; મૂઢજન જ શોક કર્યા કરે. ૨૨.

કર્મપ્રબંધ–ઉદયવશ સારાય જગતને જન્મ–મરણની પ્રાપ્તિ :–

शार्दूलविक्रीडित

आक्रंदं कुरुते यदत्र जनता नष्टे निजे मानुषे,
जाते यञ्च मुदं तदुन्नतधियो जल्पन्ति वातूलताम्।
यज्जाड्यात्कृतदुष्टचेष्टितभवत्कर्मप्रबंधोदया-
न्मृत्युत्पत्तिपरंपरामयमिदं सर्वं जगत्सर्वदा।।२३।।

स्वजन मरे पर जगमें मानव-गण जो अति बिललावें,
जन्मे मोद करें तिहिं गणधर वातुलता बतलावें।
कारण, जड़ता-दुश्चेष्टार्जित-कर्म-प्रबंध-उदयसे,
जन्म-मरण-परिपाटी-मय है यह सब जगत सदासे।।२३।।

ભાવાર્થ :– આ સંસારમાં, સ્વજનના મરણ–પ્રસંગે જનતા અતિવિલાપ સાથે રુદન કરે છે અને બાળકના જન્મ-પ્રસંગે આનંદ માને છે તેને બુદ્ધિમાન–ઉદાર ગણધરદેવ પાગલપણું કહે છે; કેમકે અજ્ઞાન અને દુષ્ચેષ્ટાઓથી ઉત્પન્ન કર્મપ્રબંધના ઉદયવશ આ આખુંય જગત્ અનાદિથી જન્મ-મરણની પરંપરાને પ્રાપ્ત છે. તેમાં નવીનતા, અસાધારણતા અથવા અદ્ભુત ઘટના જેવી કોઈ વાત નથી કે જે હર્ષ–શોકનો વિષય બનવા યોગ્ય હોય ! કોઈ વિશેષ–ખાસ–કારણ વિના હર્ષ–શોકમાં પ્રવૃત્ત થવું તે પાગલપણાનું લક્ષણ છે. ૨૩.

દુઃખરૂપ જાળથી ગૂંચાયેલ સંસારમાં વાસ કર્યા પછી શોક કરવો તે જડતા :–

गुर्वी भ्रान्तिरियं जडत्वमथवा लोकस्य यस्माद् वसन्,
संसारे बहुदुःखजालजटिले शोकी भवत्यादि।
भूतप्रेतपिशाचफेरवचितापूर्णे श्मशाने गृहं,
कः कृत्वा भयदादमंगलकृताद्भावाद्भवेच्छंकितः।।२४।।

बड़ी भ्रान्ति यह जग-जीवोंकी अथवा जड़ता मानें,
बहु दुःख-जाल-जटिल जगमें बस आपदि शोक जु ठानें।
भूत-प्रेत-चिति-फेरु-अमंगल-पूरित मरघटमाही-
करके घर, भयदाइ वस्तु से को शंके मन माहीं ? ।।२४।

ભાવાર્થ :– આ તે જગતના જીવોની કોઈ મોટી ભ્રાંતિ અથવા જડતા છે કે બહુવિધ દુઃખોની જાળથી ગૂંચાયેલ સંસારમાં વાસ કરતાં છતાં પણ મુસીબત આવ્યે અથવા દુઃખો ઉપસ્થિત થયે શોક કરે છે ! એવો કોણ વિવેકી મનુષ્ય હોય કે જે ભૂત, પ્રેત, પિશાચ, શિયાળ ને ચિત્તા આદિથી પરિપૂર્ણ શ્મશાનભૂમિમાં ઘર બનાવીને રહેવાનું સ્વીકાર્યા પછી ભયકારક ને અમંગલકારી પદાર્થોથી શંકિત થાય ? કોઈ પણ ન થાય. જેને એમ થાય તેને ભ્રાંતિ અથવા જડતાને વશ સમજીએ તેમ, સંસારમાં વસનારાઓને પણ આપત્તિ સમયે શોક કરે તો તેવા સમજવા જોઈએ; અન્યથા શ્મશાનભૂમિ તૂલ્ય અને સર્વત્ર દુઃખોની જાળથી ગૂંચાયેલ સંસારનો વાસ છોડવો જોઈએ, પરંતુ આ તરફ કોઈ પ્રયત્ન જોવામાં આવતો નથી અને તેથી સંસારમાં રહેવા છતાં મરણાદિના પ્રસંગે શોકયુક્ત થવું તે તેમની ભ્રાંતચિત્તતા અથવા જડતાનું સૂચક જ છે. ૨૪.

ઉદયાસ્ત આધીન ચંદ્રનું દૃષ્ટાંત :–

मालिनी

भ्रमति नभसि चंद्रः संसृतौ शश्वदङ्गी,
लभत उदयमस्तं पूर्णतां हीनतां च।
कलुषितहृदयः सन् याति राशिं च राशेस्तनुमिह
तनुस्तत्कोऽत्र मुत्कश्च शोकः।।२५।।

नभमण्डलमें चंद्र भ्रमे ज्यों त्यों जगमें नित प्राणी,
गति उदयाऽस्त लहै वा त्यों ही हानि वृद्धि वखानी।
अथवा राशीसे राशीको गमन करे राशि जैसे,
तनु तज तनु धारे कलुषित जिय हर्ष-शोक फिर कैसे ?।।२५।

ભાવાર્થ :– આકાશમાં જે પ્રકારે ચંદ્ર ભ્રમણ કરે છે અને ઉદયાસ્ત તથા હાનિ–વૃદ્ધિને પ્રાપ્ત થાય છે તે પ્રકારે આ દેહધારી જીવ પણ આ સંસારમાં પરિભ્રમણ કરે છે અને હાનિવૃદ્ધિને પ્રાપ્ત થાય છે અથવા જે રીતે ચંદ્ર, મેષ આદિ રાશિથી અન્ય રાશિમાં જાય છે તે રીતે આ કલુષિત–હૃદય સંસારી પ્રાણી પણ એક દેહ છોડી અન્ય દેહ ધારણ કરે છે. માટે સંસારની એવી સ્વાભાવિક સ્થિતિમાં હર્ષ-શોક કરવાથી શું ફળ છે ? કાંઈ નહિ. ૨૫.

तदिदिव चलमेतत्पुत्रदारादिसर्वं,
किमिति तदभिघाते खिद्यते बुद्धिमद्भिः।
स्थितिजननविनाशं नोष्णतेवानलस्य,
व्यभिचरति कदाचित् सर्वभावेषु नूनम्।।२६।।

विद्युत्सम क्षणभंगुर सुत-दारादिक यह सब जानें,
नशते उनके खेद करें क्यो ? जो नर चतुर सयाने।

*उपजन-विनशन-थितिधारण यह शील सभी द्रव्योंका,
अग्नि-शील ज्यों उष्णपना है, नहि इसमें कहुँ धोका।।२६।

ભાવાર્થ :– સ્ત્રી પુત્રાદિરૂપ જે કુટુંબ પરિવાર છે તે સર્વ વીજળીની ચમક સમાન ક્ષણભંગુર છે; તેમાં સ્વભાવગતઃ ચલાચલી (જવા–આવવારૂપ ચંચળતા) લાગેલી પડી છે. આવી સ્થિતિ હોવા છતાં, કોઈ સ્વજન ગામતરું કરે તો તેના માટે સમજું, બુદ્ધિમાન મનુષ્ય શા માટે ખેદ કરે છે તે કાંઈ સમજવામાં આવતું નથી. જેમ ઉષ્ણપણું અગ્નિનો સ્વભાવ છે તેમ ઉપજવું, વિનશવું અને ટકવું (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યનો સ્વભાવ છે, તેમાં કદી વ્યભિચાર આવતો નથી–

---

* **શ્રી કુંદકુંદાચાર્યદેવે** 'પ્રવચનસારના જ્ઞેયત્વ અધિકાર'માં કહ્યું છે કે :–
सदवस्थितं स्वभावे द्रव्यं द्रव्यस्य यो हि परिणामः।
अर्थेषु स स्वभावः स्थितिसंभवनाशसंबंद्धः।।९९।।

શબ્દાર્થ :– સ્વભાવમાં રહેલ–ટકેલ હોવાથી દ્રવ્ય સત્ છે; દ્રવ્યનો ગુણપર્યાયમાં જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત પરિણામ છે તે સ્વભાવ છે.

આવી રીતે **શ્રી ઉમાસ્વામીએ** 'મોક્ષશાસ્ત્ર'માં કહ્યું છે કે :–
सद्द्रव्यलक्षणम्।।२९।।
उत्पादव्ययध्रौव्ययुक्तं सत्।।३०।।

શબ્દાર્થ :– દ્રવ્યનું લક્ષણ સત્ (અસ્તિત્વ) છે; જે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત હોય તે સત્ છે.

આવું જ કથન **પં. શ્રી રાજકમલ્લે** અધ્યાત્મકમલમાર્તંડમાં કર્યું છે; જે કે :–

कैश्चित्पर्य्यवियदिगमैर्व्येति द्रव्यं ह्य देति समकाले।
अन्यैः पर्ययभवनैर्धर्मद्वारेण शाश्वतं द्रव्यम्।।१६।।

અર્થ :– એક જ સમયમાં, દ્રવ્ય કોઈ પર્યાયના વિનાશથી વ્યયને પ્રાપ્ત થાય છે અને અન્ય કોઈ પર્યાયના ઉત્પાદથી ઉદયને પ્રાપ્ત થાય છે તથા દ્રવ્યત્વરૂપે તે શાશ્વત રહે છે અર્થાત્ સદા સ્થિર રહે છે. એ પ્રમાણે દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદાદિ ત્રયાત્મક પ્રસિદ્ધ છે.

જરાપણ ફરક પડતો નથી. તેમજ કોઈ ભ્રમની વાત નથી; પર્યાયો (અવસ્થા)ની અપેક્ષાએ જીવનું ઉપજવું, *વિનશવું નિરંતર થયાં કરે છે અને દ્રવ્યની અપેક્ષાએ સદા ધ્રૌવ્યપણું રહે છે. માટે પર્યાય–પરિવર્તન નિમિત્તે ખેદ કરવો તે બુદ્ધિમાનોનું ચિહ્ન નથી –કેવળ મોહનું પરિણામ છે. ૨૬.

શોક કરવાથી અસાતાવેદનીય કર્મનો બંધ ને તેનું ફળ નરક તિર્યંચ ગતિ :–

प्रियजनमृतिशोकं सेव्यमानोऽतिमात्रं,
जनयति तदसातं कर्म यच्चाऽग्रतोऽपि
प्रसरति शतशाखं देहिनि क्षेत्र उप्तं,
वट इव तनुबीजं त्यज्यतां सप्रयत्नात्।।२७।।

मृत्यु-शोक से इष्टजनोके उपजे कर्म असाता,
उसकी फिर शतशाखा फैलें देहीमें दुःखदाता।
छोटासा वट-बीज खेतमें बोया ज्यों भवि प्राणी ?
बहु विस्तार धरे त्यों, यह लख शोक तजो अघखानी।।२७।।

ભાવાર્થ :– ઇષ્ટજનોનાં મૃત્યુ પ્રસંગે અતીવ અફસોસ કરવાથી ભારે અસાતાવેદનીય કર્મ બંધાય છે; પછી તેની સેંકડો દુઃખદાયી શાખાઓ, ખેતરમાં રોપેલા છોટાસા વટવૃક્ષનાં બીજમાંથી વિસ્તરેલ શાખા–પ્રશાખાદિની જેમ પ્રસરે છે. માટે શોક પ્રયત્નપૂર્વક તજવો જોઈએ; તે પાપની ખાણ અથવા તો દુઃખ-પરંપરાનું મૂળ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અત્યંત શોક કરવાથી ગાઢ અસાતાવેદનીય કર્મ બંધાય છે અને તેના ફળમાં નરક, તિર્યંચ આદિ અનેક યોનિઓમાં ભ્રમણ કરી નાના પ્રકારનાં દુઃખો સહેવા પડે છે. માટે આચાર્ય પ્રભુ

કહે છે કે સુજ્ઞજનોએ જેમ બને તેમ શોક છોડી દેવા પ્રયત્ન કરવો જોઈએ. ૨૭.

ક્ષણે ક્ષણે આયુનાં થતાં ક્ષયથી મૃત્યુ થવાનું જ તેમ જાણવા છતાં શોક કરવો એ જ આશ્ચર્ય :–

आर्या

आयुः क्षतिःप्रतिक्षणमेतन्मुखमंतकस्य तत्र गताः,
सर्वे जनाः किमेकः शोचयत्यन्यं मृतं मूढः।।२८।।

क्षण क्षणमें जो आयू छीजे यह यम-मुख सब जानें,
उसमें गत सब जीव, एक फिर अन्य शोक क्यों ठानें ?।।२८।

ભાવાર્થ :– ક્ષણે ક્ષણે આયુનો જે ક્ષય થાય છે તે યમમુખ છે; તે યમ-મુખમાં-કાળના કોળિયામાં સર્વે પ્રાણી ગયેલા છે અર્થાત્ સર્વેની આયુ પ્રતિક્ષણ ઘટતી જાય છે; ત્યારે એક પ્રાણી મૂઢ બની અન્યનો શા માટે શોક કરે છે ?

કહેવાનો આશય તો એ છે –યદિ આયુકર્મનો અંત ન હોય અથવા તો જીવો મરતા જ ન હોય તો ઇષ્ટજનનો શોક કરવો ઉચિત છે; પરંતુ સમયે–સમયે આયુકર્મનો નાશ થઈ રહ્યો છે અને અનેક જીવો મરી ચૂક્યા છે, મરતાં જોઈએ છીએ, વળી પોતાને પણ મરવાને તૈયાર રહેવું પડશે, એમ જાણતા છતાં પણ અજ્ઞાની જીવ શોક કરે છે એ જ બહુ આશ્ચર્યજનક છે. ૨૮.

સર્વ પ્રાણી કાળનો કોળિયો છે; માટે શોક કરવો તે વ્યર્થ :–

अनुष्टुप

यो नात्र गोचरं मृत्योर्गतो याति न यास्यति।
स हि शोकं मृते कुर्वन शोभते नेतरः पुमान।।२९।।

जो यम-गोचर है न जगतमें, हुआ कभी नहीं होवे।
वह ही शोभे मृतक-शोक कर, अन्य वृथा ही रोवे।।२९।।

ભાવાર્થ :– ખરેખર, જે પ્રાણી આ જગતમાં યમગોચરકાળનો ગ્રાસ કદી થયો નથી, થતો નથી, અને થશે નહિ તે જ પોતાના પ્રિય મૃતક શોક કરી શોભાને પ્રાપ્ત થઈ શકે છે; અન્ય કોઈ પણ મનુષ્ય શોક કરી શોભા પામી શકતો નથી. ૨૯.

ઉદયાસ્તને પ્રાપ્ત થતા સૂર્યદેવનું દૃષ્ટાંત :–

मालिनी

प्रथममुदयमुञ्चैर्दूरमारोहलक्ष्मीमनुभवति च
पातं सोऽपि देवो दिनेशः।
यदि किल दिनमध्ये तत्र केषां नराणाम्,
वसति हृदि विषादः सत्स्ववस्थान्तरेषु।।३०।।

पहले ऊंचा चढकर दिनकर अपना तेज प्रकाशे,
उस ही दिन पुनि नीचे उतरे स्वीय पतन अवभासे।
यह लख कौन मनुज हैं जिनके उरमें शोक बसे है ?
पर्यायों की पलटन होंते, सकल विवेक नसे है।।३०।।

ભાવાર્થ :– જે સૂર્યદેવ ઉદય પામી, પ્રથમ ઊંચા ચડી અને પોતાનું તેજ પ્રકાશી, પોતાની ઉચ્ચતાની શોભાનો અનુભવ કરતા હતા તે જ સૂર્યદેવ તે જ દિવસે નીચે ઊતરે છે અને પોતાનાં પતનનો અનુભવ કરે છે, એ દેખી ક્યો મનુષ્ય હોય કે જેને અવસ્થાઓનું ઊલટ–પાલટ થતાં હૃદયમાં શોક થાય અને વિવેક સ્થાન ન પામે ? આવા અવિવેકી મનુષ્ય વાસ્તવિકપણે મનુષ્ય કહેવડાવવાને પાત્ર નથી. ૩૦.

કાળની ગતિ સંસારમાં સર્વત્ર છે :–

वसंततिलका

आकाश एव शशिसूर्यमरुत्खगाद्याः,
भूपृष्ठ एव शकटप्रमुखाश्चरन्ति।
मीनादयश्च जल एव यमस्तु याति,
सर्वत्र कुत्र भविनां भवति प्रयत्नः।।३१।।

शशि सूरज औ' पवनखगादिक नभमें ही विचरें हैं,
गाड़ी घोड़ा आदिक थलचर भू पर गमन करें हैं।
मीनादिक जलमें हि चलें, यम सर्व ठौर विचरे है,
मुक्ति विना किस थान जीव के रक्षा-यत्न सरे है ?।।३१।।

ભાવાર્થ :– ચંદ્ર, સૂર્ય, વાયુ, પક્ષી આદિ આકાશમાં જ વિચરે છે, ગાડી, ઘોડા આદિ ભૂમિ પર જ ચાલે છે અને મીન આદિ (જલચર જીવ) જલમાં જ ગતિ કરે છે; પરંતુ યમની ગતિ તો સર્વત્ર છે, સંસારમાં એવું ક્યું સ્થાન છે કે જ્યાં યમ-કાળથી બચવાને જીવોનો પ્રયત્ન સફળ થઈ શકે ? કોઈ પણ સ્થાન એવું નથી. +મુક્તિ પ્રાપ્ત કર્યા વિના કોઈ પણ જીવ ગમે તેટલા ઉપાય કરીને પણ કાળની ઝપટ અને તેના આઘાતથી ક્યાંય બચી શકતો નથી. ૩૧.

+ જ્યારે જીવ તદ્દન કર્મરહિત થાય છે અર્થાત્ શુદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે તેની મુક્તિ (મોક્ષ) થાય છે. પછી તેને પુનઃ જન્મ–મરણ હોતાં જ નથી.

પૂર્વ કર્મોદય પાસે દેવ–દેવતાઓ પણ અસમર્થ છે :–

शार्दूलविक्रीडित

किं देवः किमु देवता किमगदो विद्यास्ति किं किं मणिः,
किं मंत्रः किमुताश्रयः किमुसुहृत्किं वा सुगंधोऽस्ति सः।
अन्ये वा किमु भूपतिप्रभृतयः संत्यत्र लोकत्रये,
यैः सर्वैरपि देहिनः स्वसमये कर्मोदितं वार्यते।।३२।।

कर्म-उदय के सन्मुख क्या हैं देव-देवता भाई ?
वैद्य-मंत्र-औषध क्या करहैं, मणि-विद्या-चतुराई ?
त्यों हैं मित्र-नृपादिक-आश्रय तीन लोकके माहीं,
ये सब मिलकर भी कर्मोदय टारन समरथ नाहीं।।३२।।

ભાવાર્થ :– કર્મોના ઉદય સામે દેવ–દેવતા તે કોણ ? ઔષધ, વિદ્યા અને મણિ તે શું કરી શકે ? મંત્ર અને ચતુરાઈ શા કામમાં આવી શકે ? અને વળી આશ્રય, મિત્ર, સુગંધ તથા રાજાદિ પણ શું બનાવી શકે ? કેમકે આ સર્વ એકત્ર થઈને પણ ત્રણલોકમાં કોઈ પણ સ્થળે આ જીવને નિયમપૂર્વક સ્વસમયે ઉદિત કર્મોથી બચાવવાને સમર્થ નથી. આથી એમ સમજો કે કર્મોદય સામે કોઈનુંય ચાલી શકતું નથી; માટે ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગના પ્રસંગોએ શોક ન કરવો જોઈએ. ૩૨.

કાળ પાસે સર્વ અસમર્થ છે તેવો બોધ આપતાં દૃષ્ટાંતો :–

गीर्वाणा अणिमादिसुस्थमनसः शक्ताः किमत्रोच्यते,
ध्वस्तास्तेऽपि परंपरेण सपरस्तेभ्यः कियान् राक्षसः।
रामाख्येन च मानुपेण निहितः प्रोल्लंध्य सोऽप्यंम्बुधिम्,
रामोऽप्यन्तकगोचरः समभवत्कोऽन्यो बलीयान्विधेः।।३३।।

अणिमादिक ऋद्धि-धारक क्यों देव समर्थ बखाने ?
ध्वस्त हुए जब वे रावणसे, तिहि बल भी क्या मानें ?
राम मनुजने जिसको मारा लाँघ अंबुराशी को;
हुआ राम भी वह यम-गोचर, विधि से अन्य बली को ?।।३३।

ભાવાર્થ :– અણિમાદિ ઋદ્ધિધારક દેવોને પણ કેમ સમર્થ જાણવા ? કારણ કે તેઓ તો રાવણથી ધ્વસ્ત થયા; તે જ રાવણ રાક્ષસનું બળ પણ શા હિસાબમાં ? કેમકે તે પણ સમુદ્ર ઓળંગીને ગયેલ રામ નામના મનુષ્યથી મરાયો અને તે જ રામ પણ જ્યારે કાળ-ગોચર થયા ત્યારે વિધિથી-કર્મોદયથી અન્ય કોણ બળવાન સમજવો ? કોઈ પણ નહિ એ સ્પષ્ટ છે. ૩૩.

આબાલવૃદ્ધ સર્વ કાળ શિકારીના કોળિયા છે :–

सर्वत्रोद्‌गतशोकदावदहनुव्याप्तं जगत्काननं,
मुग्धा स्तत्र वधूमृगीगतधिपस्तिष्ठन्ति लोकैणकाः।
कालव्याध इमान्निहन्ति पुरतः प्राप्तान् सदानिर्दयस्त-
स्माज्जीवति नो शिशुर्न च युवा वृद्धोऽपि नो कश्चन।।३४।।

व्याप रहा है शोक दावानल इस भववनके माहीं,
मूढलोक-मृग नारि मृगीमें लीन वहीं निवसाहीं।
कालव्याध निर्दयी सदा पा, सन्मुख इन सबको ही,
मारे, नहिं शिशु तरुण वृद्ध भी उससे बचता कोई।।३४।।

ભાવાર્થ :– આ સંસાર-વન સર્વત્ર શોક-દાવાનળથી વ્યાપી રહેલ છે. ચારે દિશામાં દુઃખ–શોકનો અગ્નિ બળી રહ્યો છે, આમ છતાં મૂઢ લોકરૂપ મૃગો સ્ત્રીરૂપ મૃગીમાં આસક્ત થઈ તે (સંસાર)માં ઘર

કરી રહ્યો છે ! (તેમને કાળરૂપ શિકારીની કાંઈ ખબર જ નથી.) તે નિર્દય કાળ-વ્યાધ (શિકારી) આ સન્મુખ પ્રાપ્ત સર્વ મૃગ-મૃગીઓને સદા મારી નાંખે છે ત્યારે કાળ+ પાસે બચ્ચું, યુવાન કે વૃદ્ધ –કોઈ પણ બચી શકતું નથી; સર્વને કાળના મુખમાં જઈ સ્વાહા થવું જ પડે છે. ૩૪.

***संपञ्चारुलतः प्रियापरिलसद्वल्लीभिरालिंगितः,**
पुत्रादि-प्रियपल्लवो रतिसुखप्रायैः फलैराश्रितः।
जातः संसृतिकानने जनतरुः कालोग्रदावानल-,
व्याप्तश्चेन्न भवेत् तदा वत बुधैरन्यत्किमालोक्यते।।३५।।

लक्ष्मी-चारुलता-युत वनिता-वेलालिंगित जानो,
पुत्रादिक प्रिय पत्र तथा रति-सुख फल-सहित प्रमानो।
यों उपजा भववनमें जनतरु, काल-दावानलसे जो,
व्याप्त न हो तो अ य और क्या बुधजन अवलोक जो।।३५।।

ભાવાર્થ :– આ સંસારવનમાં લક્ષ્મીરૂપ સુંદર લતાથી યુક્ત, વનિતારૂપ સુશોભિત વેલથી આલિંગિત, પુત્રાદિરૂપ પ્રિય પત્રોથી

+ આવું જ કથન શ્રી પૂજ્યપાદ સ્વામીએ 'શ્રાવકાચાર' માં કર્યું છે :–

दावाग्निः शुष्कमादं वा काष्ठं न त्यजति ध्रुवं।
यथा तथा यमो लोके बालं वृद्धं च यौवनं।।९२।।

અર્થ :– જેમ, દાવાગ્નિ શુષ્ક અને લીલા વૃક્ષોને પણ બાળી નાંખે છે તેમ, યમરાજ (મૃત્યુ) બાલ, વૃદ્ધ, યુવાન –સર્વને મારી નાંખે છે. – કોઈને છોડતો નથી. ૯૨.

* સ્વ. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવે કહ્યું છે કે :–

નથી ધર્યો દેહ વિષય વધારવા
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.

મંડિત અને પ્રાયઃ રતિ–સુખરૂપ ફળોથી આશ્રિત બની રહેલ આ પુરુષ-વૃક્ષ ઉત્પન્ન થયેલ છે; તે વૃક્ષ જ્યાં સુધી કાળ-દાવાનળથી વ્યાપ્ત થતું નથી અર્થાત્ કાળાગ્નિ તેમાં રમતો નથી ત્યાં સુધી બુધજન બીજું શું જોઈ રહે છે તે કાંઈ સમજમાં આવતું નથી ! જે દેખવા લાયક ચીજ બની છે તેની તો જ્યારે શીઘ્ર આવી દુર્દશા થનારી છે અને તેથી તે મનપસંદ વસ્તુ રહેવાની નથી ત્યારે બીજી તરફ એવી કઈ સુંદર અને સ્થિર રહેનારી વસ્તુ છે કે જેના તરફ મન લગાડી શકાય ?–એ બુદ્ધિમાનોએ વિચારવું જોઈએ; માટે તેઓએ જ્યાં–ત્યાંની શોભા નીરખવામાં આનંદ અને અગ્નિસંસ્કાર નિમિત્તે ખેદ વ્યક્ત કરવામાં ન પડ્યા રહેતાં સ્વ તરફ જોવું જોઈએ; પોતામાં સ્વરૂપનો–આત્મસ્વરૂપનો-વિચાર કરવો જોઈએ અને જે *ભવ-વનમાં કાળ-દાવાનળ ખેલી રહ્યો છે અને સર્વને ભસ્મ કરી રહ્યો છે તેમાંથી ભાગી છૂટવાનો ખૂબ પ્રયત્ન કરવો જોઈએ. અથવા ઉક્ત વૃક્ષ જેવી સુસંપન્ન દશા પામીને પણ અન્ય અધિક તૃષ્ણામાં ફસાવું ન જોઈએ. તેને જ ગનીમત–સંતોષકારક સમજી પોતાનું *આત્મહિત સાધવા

* આવો જ ભાવ શ્રી પૂજ્યપાદ સ્વામીએ 'ઇષ્ટોપદેશ' ગ્રંથમાં કહ્યો છે :–

विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते।
दह्यमानमृगाकीर्णवनांतरतरुस्थवत्।।१४।।

અર્થ :– અનેક વનચર જીવોથી વ્યાપ્ત વનમાં આગ લાગ્યે વૃક્ષ ઉપર બેઠેલ મનુષ્ય સમાન આ અજ્ઞાની જીવ બીજાના જેવી પોતાની વિપત્તિનો જરાપણ ખ્યાલ કરતો નથી. આ જ પ્રમાણે સદ્‌બોધ શ્રી પૂજ્યપાદસ્વામીએ 'શ્રાવકાચાર' માં કહ્યો છે.

* આત્મહિતોપયોગી આત્મભાવના

येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि।
सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः।।२३।।

પ્રયત્ન કરવો જોઈએ; અને કાળ–દાવાનળ દ્વારા ભસ્મ થવા પહેલાં જ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય ધર્મનું આરાધન કરી દુર્લભ મનુષ્ય-જન્મને સાર્થક કરી લેવો જોઈએ. ૩૫.

મનુષ્ય ભયભીત બની સંસારની વૃદ્ધિ કરે છે :–

वाञ्छन्तयेव सुखं तदत्र विधिना दत्तं परं प्राप्यते,
नूनं मृत्युमुपाश्रयन्ति मनुजास्तत्राप्यतो विभ्यति।
इत्थं कामभयप्रसक्तहृदया मोहान्मुधैव ध्रुवम्।
दुःखार्मिप्रचुरे पतन्ति कुधियः संसारघोरार्णवे।।३६।।

वाँछे हैं सुख मनुज जगतमें, कर्म दिया पर पावें,
मरण अवश्य लहें हैं तौ भी उससे सब भय खावें।
यों इच्छा-भय-लोन-चित्त हो व्यर्थ मोहवश प्राणी,
दुःख-लहर-युत भवसमुद्रमें पड़े कुमति-अगवानी।।३६।।

ભાવાર્થ :– આ સંસારમાં મનુષ્ય નિરંતર સુખની ઇચ્છા રાખે છે, પરંતુ તે પોતાના પૂર્વોપાર્જિત કર્માનુસાર મળે છે; સંસારમાં સર્વને મરવાનું છે –કોઈ પણ આ અવશ્યંભાવી મૃત્યુથી બચી શકતું નથી; છતાંય લોકો તેનાથી ભય પામે છે અર્થાત્ મૃત્યુનું નામ સાંભળતાં જ થરથર કંપે છે. આવી રીતે ઇચ્છા અને ભયમાં લીન-ચિત્ત બની મૂઢ પ્રાણી મોહવશ અત્યંત દુઃખરૂપ લહેરોથી વ્યાપ્ત ઘોર સંસાર-

અર્થ :– હું પોતે જ ચૈતન્યસ્વરૂપે સ્વ આત્મામાં જ સ્વસંવેદન દ્વારા સ્વ આત્માને અનુભવું છું; તે શુદ્ધાત્મસ્વરૂપ હું નથી તો નપુંસક, નથી તો સ્ત્રી, નથી તો પુરુષ, નથી તો એક, બે કે બહુ; આ સર્વ કર્મજનિત અવસ્થાઓ છે. મારું નિજરૂપ નથી. –મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તો આ સર્વથી પર છે. (समाधितंत्र)

સમુદ્રમાં સદાને માટે પડે છે; અર્થાત્ પાપકર્મના બંધ દ્વારા પોતાનો સંસાર વધારી અધિકાધિક દુઃખ વહોરે છે. ૩૬.

સંસાર–સરોવરના ઇન્દ્રિયજનિત વિષયસુખરૂપ જળમાં ક્રીડા કરતા મનુષ્ય-મીનને નિકટવર્તી ઘોર આપદા :–

मालिनी

स्वसुखपयसि दीव्यन्मृत्युकैवर्तहस्त-
प्रसुतधनजरोरुप्रोल्लसज्जालमध्ये।
निकटमपि न पश्यत्यापदां चक्रमुग्रं,
भवसरसि वराको लौकमीनौघ एषः।।३७।।

इन्द्रियसुख-जलमें क्रीडत नित जगत-सरोवर-माहीं,
यम-धीवर-कर-प्रसृत चमके जराजाल जहँ भाई।
उसमें फँसकर लोकरूप यह दीन-मीन-समुदाई,
निकटप्राप्त भी घोर आपदाओं को देखत नाहीं।।३७।।

ભાવાર્થ : આ સંસાર સરોવરમાં યમ ધીવર (માછી)ના હાથથી

પૂજ્યપાદસ્વામીએ 'સમાધિતંત્ર'માં આવું જ કહ્યું છે :–
दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः।
मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद् भृशम्।।७६।।

ભાવાર્થ :– ફાટલ પુરાણું વસ્ત્ર કાઢી નાંખી નવું વસ્ત્ર પહેરતાં જેમ કોઈ પ્રકારે દુઃખ ન થાય તેમ, એક શરીર છોડી બીજું નવું શરીર ધારણ કરતાં –થતાં–કોઈ પ્રકારે દુઃખ ન થવું જોઈએ; પરંતુ અજ્ઞાની જીવ મોહના તીવ્ર ઉદયવશ જ્યારે શરીરને જ આત્મા સમજે છે અને શરીર સંબંધી સ્ત્રી-પુત્ર-મિત્રાદિ પર પદાર્થોને આત્મીય માને છે ત્યારે મરણ સમુપસ્થિત થયે તેને પોતાનો (પોતાના આત્માનો) નાશ અને આત્મીયજનોનો વિયોગ દેખાય છે અને તેથી તે (બહિરાત્મા) મરણથી ઘણો જ ડરે છે. ૭૬.

પથરાયેલ ઘન અને વિસ્તીર્ણ ચમકતી જરાજાળમાં ફસાઈને પણ આ લોકરૂપ દીન–હીન માછલાંનો સમૂહ પોતાના ઇન્દ્રિય–સુખરૂપ જળમાં ક્રીડા કરતો રહે છે અને નિકટમાં જ પ્રાપ્ત થનાર ઘોર આપદાઓના ચક્રને દેખતો નથી એ જ ખેદનો વિષય છે ! અર્થાત્ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થવા છતાં પણ જેઓ ઇન્દ્રિયજનિત વિષય-સુખોમાં મગ્ન રહે છે તેમની દશા ઘણી જ ખેદજનક છે ! એવા લોકો જાળમાં ફસાઈ ક્રીડા કરતાં માછલાંની માફક તરત જ ઘોર આપદાઓને વહોરી લે છે. ૩૭.

મોહી જીવ સંસારની વૃદ્ધિ કરે છે તેથી બંધનમુક્તિ કઠિન :–

शार्दूलविक्रीडित

श्रृण्वन्नन्तकगोचरं गतवतः पश्यन् बहून् गच्छतो,
मोहादेव जनमस्तथापि मनुते स्थैर्यं परं ह्यात्मनः।
संप्राप्तेऽपि च वार्द्धके स्पृहयति प्रायो न धर्माय यत्,
तद्बध्नात्पयधिकाधिकं स्वमसकृत्पुत्रादिभिर्बन्धनैः।।३८।।

सुन गत जीवों को यमगोचर लख बहुतों को जाते,
आत्मस्थिरता मानें जो नर वे मोही कहलाते।
वृद्धावस्था प्राप्त हुए भी जो न धर्म चित्त लावें,
अधिक अधिक वे पुत्रादिक बँधनसे आत्म बँधावें।।३८।।

ભાવાર્થ :– ગત જીવોને કાળના મુખમાં ગયેલા સાંભળી અને ઘણાઓને પોતાની સામે કાળના મુખમાં જતાં–મરતાં દેખીને પણ જે જીવ પોતાને અમર સમજે છે તેનું કારણ એકમાત્ર *મોહ છે અને

* ઊપજે મોહ–વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહીં વાર. **–શ્રીમદ્ રાજચંદ્ર**

તેથી તે મોહી કહેવાય છે. વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ જે જીવ ધર્મમાં મન પરોવતો નથી તે પુત્ર-પૌત્રાદિક બંધનોથી પોતાના આત્માને વારંવાર વધારે–વધારે બાંધતો રહે છે. આવા જીવનું બંધનથી મુક્ત થવાનું કાર્ય કઠિન થતું જાય છે. ૩૮.

दुश्चेष्टाकृतकर्मशिल्पिरचितं दुःसन्धिदुर्बन्धनम्,
सापायस्थितिदोषधातुमलवत्सर्वत्र यन्नश्वरम्।
आधिव्याधिजरामृतिप्रभृतयो यच्चाऽत्र चित्रं न तत्,
तच्चित्रं स्थिरताबुद्धैरपि वपुष्यत्राऽपि यन्मृग्यते।।३९।।

निर्बल संधि-बंधनयुत तनु अघकर्म-शिल्पि-निर्मित जो,
मलदोषादि भरा औ' नश्वर विनशत बार न जिसको।
आधि-व्याधि-जर-मरणादिक यदि हों तो चित्र यहाँ को ?
अचरज है बुधजन भी तनु में अवलोकें स्थिरताको !
।।३९।।

ભાવાર્થ :– નિર્બળ સાંધા અને બાંધાવાળું આ શરીર, દુષ્ચેષ્ટાથી કરાયેલ પાપકર્મરૂપ શિલ્પી દ્વારા ઘડાયેલું–રચાયેલું છે, મળ–મૂત્રાદિથી ભરેલું છે, વાત–પિત્ત–કફાદિ દોષોથી ઘેરાયેલું છે, હાડકાં આદિ કુધાતુઓથી નિર્મિત છે અને સાથે–સાથે નાશવાન્ છે, વિનાશયુક્ત સ્થિતિને પ્રાપ્ત છે –તેને વિનશતાં અને ક્ષીણ થતાં જરા પણ વાર લાગતી નથી; આવા શરીરમાં યદિ આદિ–*વ્યાધિ ઉત્પન્ન

* શ્રી કુંદકુંદાચાર્યદેવે 'ભાવપાહુડ'માં શરીરમાંની વ્યાધિઓનું વર્ણન કર્યું છે કે :–

एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।

થાય –માનસિક તથા શારીરિક વેદનાઓ પોતાના અડ્ડા જમાવે, અને જરા–મરણાદિનો સંચાર થાય તો તેમાં આશ્ચર્યની કોઈ વાત જ નહિ. આશ્ચર્ય તો ત્યારે થાય કે જ્યારે બુધજન પણ આવા શરીરની સ્થિરતાની ખોજ કરે –સદા એકરૂપ રહેવાની ભાવના ચિંતવે. ૩૯.

સાંસારિક વિષય–સુખો વિષમિશ્રિત ભોજન સમાન છે :–

लब्ध्वा श्रीरिह वांछिता वसुमती भुक्ता समुद्रावधिः,
प्राप्तास्ते विषया मनोहरतराः स्वर्गेऽपि ये दुर्लभाः।
पश्चाच्चेन्मृतिरागमिष्यति ततस्तत्सर्वमेतद्विषा-
श्लिष्टं भोज्यमिवातिरम्यमपि धिङ्मुक्तिः परं मृग्यताम्।।४०।।

सागरान्त-भू-भोगी, वाँछित लक्ष्मी जगमें पाई,
पाये वे रमणीय विषय हैं सुरदुर्लभ जो भाई।
पर पीछे आवेगी मृत्यु, इससे वे सब प्यारो !
विष-मिश्रित-भोजन-सम धिक् हैं, मुक्तिमार्ग आवधारो।।४०।।

ભાવાર્થ :– આ જગતમાં મનોવાંછિત લક્ષ્મી પ્રાપ્ત થઈ, સમુદ્ર પર્યંત પૃથ્વી ભોગવી અર્થાત્ તે પર રાજ્ય કર્યું અને સ્વર્ગમાં દેવોને પણ દુર્લભ એવા અતિ મનોહર –રમણીય –વિષય પ્રાપ્ત કર્યાં; પરંતુ આ સર્વને અંતે તો મૃત્યુ આવશે જ. માટે હે આત્મન્ ! જે વિષયમાં તું રચી-પચી રહ્યો છે અને જેમાં ઈષ્ટ–વિયોગાદિરૂપ થોડી બાધા ઉપસ્થિત થયે તું હાહાકાર કરી મૂકે છે, તે સર્વ વિષમિશ્રિત ભોજન સમાન ધિક્કારને પાત્ર છે; અર્થાત્ જેમ વિષ મેળવેલ ભોજન ખાવા સમયે સ્વાદિષ્ટ માલૂમ લાગતાં છતાં પણ અંતે પ્રાણોનું વિનાશક

અર્થ :– મનુષ્યોના શરીરે એકેક અંગુલપ્રદેશે ૯૬–૯૬ રોગ થાય છે; તો કહો કે શેષ સમસ્ત શરીરમાં કેટલાક રોગ હોઈ શકે ? હે જીવ ! તું આ બરાબર સમજ.

હોવાથી ત્યાજ્ય છે તેમ એ વિષયસુખ ભોગવતી વખતે મનરંજક લાગતાં છતાં પણ અંતે દુર્ગતિનું કારણ હોવાથી ત્યાગવા યોગ્ય છે. માટે તે પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરી અને ફરી વિયોગ આદિ કષ્ટો ઉઠાવવા ન પડે તેવા મોક્ષમાર્ગ પર ચડ. ૪૦.

મોટા ચક્રવર્તી રાજાનું બળ કાર્યકારી ક્યાં સુધી ? :–

युद्धे तावदलं रथेभतुरगा वीराश्च हप्ता भृशम्,
मंत्राः शौर्यमसिश्च तावदतुलाः कार्यस्य संसाधकाः।
राज्ञोऽपि क्षुधितोऽपि निर्दयमना यावदज्जघत्सूर्यमः।
क्रुद्धो धावति नैव सन्मुखमितो यत्नो विधेयो बुधैः।।४१।।

रणमें तब तक समरथ रथ गज अश्व वीर गर्वी हैं,
मंत्र पराक्रम खड्ग तभी तक साधक कार्य सभी हैं।
जब तक भूखा भक्षण-इच्छुक निर्दय काल जु मानो,
होकर कुपित न दौड़े सन्मुख पूर्व यत्न बुध ! ठानो।।४१।

ભાવાર્થ :— જ્યાં સુધી ભૂખ્યો, નિર્દયી, ભક્ષણ-ઇચ્છુક યમ કુપતિ થઈ સામો દોડતો આવ્યો નથી ત્યાં સુધી જ રાજાના રથ, હાથી ને ઘોડા યુદ્ધમાં સમર્થ છે, વીર યોદ્ધા ખૂબ ગર્વ ધારણ કરે છે, મંત્ર, પરાક્રમ અને તરવાર પણ કાર્યના અતુલ્ય સાધક બને છે; વિકરાળ કાળ સામે આવતાં જ સર્વના કાર્યોમાં શિથિલતા આવી જાય છે. માટે કાળ સન્મુખ આવે તે પહેલાં જ બુધજનોએ અહીં પોતાનું આત્મહિત સાધવાનો થોડો ઘણો પ્રયત્ન કરવો જોઈએ. મૃત્યુ સાક્ષાત્ સન્મુખ આવતાં અને તેનો કોળિયો થવાની નોબત વાગતાં તો પછી ગકાંઈ પણ બની શકશે નહિ. ૪૧.

ધન અને જીવનની ક્ષણભંગુર સ્થિતિ :–

***राजाऽपि क्षणमात्रतो विधिवशाद्रंकायते निश्चितम्,**
सर्वव्याधिविवर्जितोऽपि तरुणोऽप्याशु क्षयं गच्छति।
अन्यैः किं किल सारतामुपगते श्री-जीविते द्वे तपोः,
संसारे स्थितिरीदृशीति विदुषा ववाऽन्यत्र कार्यो मदः।।४२।।

राजा भी क्षणमें विधि-वशसे अवश रंक हो जावे,
सर्व व्याधिसे रहित तरुण भी शीघ्र नाशको पावे।
औरों से क्या ? साररूप जो धन जीवन दो जानो,
उनकी ऐसी जगमें बुध ! तब कीसमें मद ठानो।।४२।।

ભાવાર્થ :– આ સંસારમાં વિધિવશ–પૂર્વોપાર્જિત કર્માધીન થતાં રાજા પણ ક્ષણભરમાં નિશ્ચયપૂર્વક રંક બની જાય છે અને તદ્દન રોગરહિત તરુણ–નવજુવાન પણ શીઘ્ર નાશ-મૃત્યુને પામે છે; બીજાની તો વાત જ શી ? જ્યારે સંસારમાં સારરૂપ મનાયેલ ધન અને

---

*આવા આશયવાળું કાવ્ય સ્વ. કવિવર પં. બનારસીદાસે કહ્યું છેઃ

जासौं तू कहत वह संपदा हमारी सो तौ,
साधनि[1] अडारी[2] एसैं जैसे नाक सिनकी[3]
ताहि तू कहत याहि पुन्न[4] जोग पाई सो तौ,
नरककी सांई[5] है [6]वडाई डढ दिनकी।।
घेरा[7] मांहि पर्‍यौ[8] तू विचारै मुख आंखिनकों[9],
माखिनके[10] चूटत मिठाई जैसे भिनकी[11]
एते परि होहि न उदासी जगवासी जीव,
जगमें असाता है न साता [12] एक छिनकी[13]।।

૧. સાધુ, ૨. છોડે, ૩. શેડા-શ્લેષ્મ, ૪. પુણ્ય, ૫. બાનું, ૬. મોટાઈ, ૭. કુટુંબીજનના ઘેરામાં, ૮. રહ્યો, ૯. આંખનું, ૧૦. માખીઓના, ૧૧. બણબણાટ, ૧૨. સુખ, ૧૩. ક્ષણમાત્રની

જીવતર –બંનેની આવી ક્ષણભંગુર સ્થિતિ છે ત્યારે બુધજનોએ શું મેળવી અભિમાન કરવું રહ્યું ? તેમના મદ માટે કોઈ પણ સ્થાન નથી. વિધિના ચક્રમાં પડ્યે તેમના બધાય મદના દમભરમાં ચૂરેચૂરા થઈ જશે. ૪૨.

हन्ति व्योम स मुष्टिनात्र सरितं शुष्कां तरत्याकुल-
स्तृष्णार्तोऽथ मरीचिकाः पिबति च प्रायः प्रमत्तो भवन्।
प्रोत्तुंगाचलचूलिकागतमरुत्प्रेखत्प्रदीपोपमैर्यः
संपत्सुतकामिनीप्रभृतिभिः कुर्यान्मदं मानवः।।४३।।

मुट्ठी से वह व्योम हने या शुष्क नदी तिरता है,
व्याकुल हो वा मत्त-तृषातुर हो मरीचि पीता है।
ऊँचा पर्वत शिखर पवनसे कंपित-दीप-समानी,
धन-कान्ता-सुत-आदिकमें मद कर नर जो है मानी।।४३।।

ભાવાર્થ :– સંપત્તિ, સ્ત્રી, પુત્રાદિની સ્થિતિ ઊંચામાં ઊંચા પર્વતના શિખર પર રાખેલ અને ત્યાં પવનના ઝપાટાથી કંપતા બધા તેમજ ક્ષણભરમાં બુઝાવાની સ્થિતિવાળા દીપકના જેવી જ છે. એવા ક્ષણભંગુર ધનાદિ પામીને જે મનુષ્ય ઘમંડ–અભિમાન કરે છે તે પ્રાયઃ પાગલ થઈ મુક્કા મારી આકાશનો નાશ કરવા ચાહે છે ! વ્યાકુળ બની સૂકી નદીમાં તરવાની ચેષ્ટા કરે છે ! અને તરસથી પીડિત થઈ મૃગમરીચિકા (મૃગજળ–ઝાંઝવાના નીર) પીવાનો ઉદ્યમ કરે છે ! એ સર્વ કાર્ય જેમ વ્યર્થ છે અને એમ કરનારના પાગલપણાને સૂચવે છે તેમ ધન, પુત્ર, સ્ત્રી આદિ પ્રાપ્ત કરી અહંકાર કરવો તે વ્યર્થ છે અને તે અહંકારીના પાગલપણાને સૂચવે છે. ૪૩.

***लक्ष्मीं व्याधमृगीमंतीवचपलामाश्रित्य भूपा मृगाः,**
पु (भ्रा)त्रादिनपरान्मृगानतिरूपा निघ्नन्ति सेर्ष्यं किल।
सज्जीभूतधनापदुन्नतधनुः संलग्नसंहच्छरं,
नो पश्यन्ति समीपमागतमपि क्रुद्धं यमं लुब्धकम्।।४४।।

व्याध-मृगी चपल-लक्ष्मीको भूपतिमृग अपनाई,
पु (भ्रा) आदिक अन मृगन क्रोधसे मारें ईर्षा लाई।
आपद-धनुष-भयंकर-सज्जित और तीर ताने जो,
कुपितरूप सन्मुख आया भी काल-व्याध न लखें वो।।४४।

ભાવાર્થ :– ભૂપતિરૂપ મૃગ શિકારીની હરણી સમાન અતીવ ચંચળ લક્ષ્મીને પોતાના આશ્રયમાં લઈ ભાઈ –પુત્રાદિરૂપ અન્ય મૃગો સાથે ઇર્ષાભાવ ધારણ કરી તેમને અતિ ક્રોધપૂર્વક મારે છે, પરંતુ આવી રીતે વર્તતો તે (ભૂપતિરૂપ મૃગ), તીર ચઢાવીને ખેંચેલ આપદરૂપ ભયંકર ધનુષથી સજ્જિત ને સાક્ષાત્ ક્રોધ–મૂર્તિ બનેલ કાળ–શિકારીને, સન્મુખ આવેલ હોવા છતાં પણ દેખતો નથી એ જ બહુ ખેદની વાત છે ! જે, કાળ–શિકારીની માયામય મૃગી છે

---

* પૂજ્યપાદ સ્વામીએ 'લક્ષ્મીની ચંચળતા' સંબંધી 'ઇષ્ટોપદેશ' ગ્રંથમાં બહુ સુંદર રીતે સમજાવ્યું છે :–

दूरज्येंनासुरक्ष्येण नश्वरेण धनादिना।
स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा।।१३।।

અર્થ :-- જેમ જ્વરથી પીડિત મનુષ્ય જ્વરનો દાહ મટાડ્યાથી ખાઈ ખાઈને પોતાને સુખી માને છે પરંતુ વાસ્તવિકપણે તે સુખી કહી શકાય નહિ; કેમકે ધન કમાતાં અત્યંત કષ્ટ થાય છે, અસુરક્ષ્ય છે અર્થાત્ પ્રાપ્ત થયા પછી બહુ કઠિનતાથી તેની રક્ષા થઈ શકે છે, તદ્ઉપરાંત તે નશ્વર છે. જોતજોતામાં તે નષ્ટ થનારું છે. ૧૩.

અને જે કદી કોઈની થઈ નથી, તેમજ થઈ શકતી નથી એવી ચંચળ લક્ષ્મીના મોહમાં ફસાઈને ઈર્ષાપૂર્વક અન્યને સંહાર કરનાર ભૂપતિ, પોતાના નિકટતમ પ્રાપ્ત મૃત્યુનો જરાપણ ખ્યાલ કરતો નથી એ જ મોટો ખેદનો વિષય છે. ૪૪.

મરણનો શોક કરનારને સંસારનું પરિભ્રમણ

मृत्योर्गोचरमागते निजजने मोहेन यः ¯शोककृत,
नो गंधोऽपि गुणस्य तस्य बढवो दोषाः पुनर्निश्चितम्।
दुःखं कृर्द्धत एव नश्यति चतुर्वर्गो मतेर्विभ्रमः,
पापं रुक्च मृतिश्च दुर्गतिरथ स्याद्दीर्घसंसारिता।।४५।।

ભાવાર્થ :– જે પ્રાણી પોતાના ઇષ્ટ સ્વજનનું મરણ સમીપ આવ્યે મોહવશ શોક કરે છે તેના તે શોકમાં ગુણની ગંધ પણ નથી. કિન્તુ ઘણા દોષોનું હોવું સુનિશ્ચિત છે અર્થાત્ શોક કરવાથી તેને અંશમાત્ર પણ લાભ નથી, ઊલટી બહુ હાનિ સહન કરવી પડે છે. (એ હાનિ સંક્ષેપમાં આ પ્રમાણે છે :–) તેનું દુઃખ વધી જાય છે, ધર્મ–અર્થ–કામ–મોક્ષ –એ ચારે પુરુષાર્થોનો નાશ થઈ જાય છે –શોકદશામાં કોઈપણ પુરુષાર્થ તેનાથી બનતો નથી, બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, પાપ ઉત્પન્ન થાય છે, રોગ સતાવે છે અને કુમરણ થાય છે, તેના ફળસ્વરૂપે દુર્ગતિને પ્રાપ્તિ થઈ સંસાર–પરિભ્રમણ વધી જાય છે. ૪૫.

આ સંસારનું દુઃખનું જ ઘર છે :–

आर्या

आपन्मयसंसारे क्रियेते विदुषा किमापदि विषादः।
कखस्यति लंघनतः प्रविधाय चतुष्पथे सदनम्।।४६।।

* यह जग है ए सब दुःख-सदन जब यहाँ वसेरा ठाना,
दुःखोंसे किस हेतु सुजन तब चित्त अपना अकुलाना ?
जो अपना घर बाँध रहे हैं, मनुज चतुष्पथमाहीं,
लंघनके भयसे तब कैसे यह शंके मनमांही ?।।४६।।

ભાવાર્થ :– આ આખો સંસાર દુઃખમય–દુઃખોનું ઘર છે; જ્યારે એવામાં રહેવા–વસવાનું સ્થાન લીધું છે ત્યારે દુઃખો સામા આવ્યે વિદ્વાનો શાના માટે આકુળતા–વ્યાકુળતા કરે છે ? ચિત્તમાં આકુળતા–વ્યાકુળતા લાવવાથી કોઈ લાભ નથી. યદિ કોઈ મનુષ્ય પોતાનું ઘરને અથડાઈને જાય તો તે બાબતથી તેણે શા માટે ત્રાસવું જોઈએ ? જેમ ચારાવાળું ઘર જનતાથી ઓળંગાવું અનિવાર્ય છે અને તેથી ભય રાખવાનો નકામો છે, તેમ સંસારવાસના દુઃખોથી આક્રાન્ત થવું અનિવાર્ય છે અને તેથી +ભય રાખવો નિરર્થક છે. જેને સંસારના દુઃખોથી ભય લાગે છે તેણે સંસારનો વાસ છોડવો જોઈએ. છોડવા

* મૂળનો સંક્ષિપ્ત ભાવાનુવાદ આ પ્રકારે થઈ શકે છે :–
दोहा - `विपतमयी जगमें सुजन ! क्या विषाद दुखमाहिं ?
लँघनके भय को करें ? कर धर चतुपथ-माहिं'

\+ જ્ઞાનીને મરણનો ભય ન હોય એમ શ્રી અમૃતચંદ્રાચાર્ય મહારાજે કહ્યું છે :–

प्राणोच्छेददमुदाहरन्ति मरणं प्राणः किलास्यात्मनो,
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्त।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,
निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति।।१५९।।

અર્થ :– પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે. આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી, તેથી આવું જાણતા જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય ? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે. (निर्जराधिकार)

તરફ ખરાં પગલાં માંડવાં જોઈએ –મોક્ષમાર્ગ પર જવું જોઈએ. અન્યથા, દુઃખ આવ્યે રુદન–કલ્પાંત તે બુદ્ધિમાનોનું કાર્ય ન ગણાતાં પાગલોની ચેષ્ટા કહેવાશે. ૪૬.

ક્યો મનુષ્ય પાગલ ?

वसंततिलका

वातूल एष किमु किं ग्रहसंग्रहीतो,
भ्रान्तोऽथवा किमु जनः किमथ प्रमत्तः।
जानाति पश्यति श्रृणोति व जीवितादि,
विद्यच्चलं तदपि नो कुरुते स्वकार्यम्।।४७।।

क्या उसको वातूल कहें या भूताविष्ट बखानें ?
भ्रान्तचित्त क्या उसको जानें वा उन्मत्त प्रमानें।
जीवनादिकी विद्युत्-सम चल जो देखे औ' जाने,
कानों से अपने पुन सुनहै, तोहु न निजहित ठाने।।४७।।

ભાવાર્થ :– જીવનાદિ-સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ, ધનાદિ વીજળી સમાન ચંચળ છે –આમાંથી કોઈ પણ સ્થિર રહેનાર નથી એમ જે મનુષ્ય જાણતો, દેખતો અને સાંભળતો છતાં પણ સ્વકાર્ય (પોતાના આત્મહિતની સાધના) કરતો નથી –ઊલટો મોહમાં ફસાઈ રહી તેમાં આસક્ત રહે છે –તેને પાગલ કહેવો, ગ્રહ-પીડિત કહેવો કે ભ્રાંતચિત્ત નામ આપવું તે સમજવામાં આવતું નથી ! હા ! એટલું જરૂર કહી શકાય કે તેની પ્રવૃત્તિ પાગલાદિ જેવી છે તેથી તેને ચહાય તે કહી શકાય તે સમજી શકાય. ૪૭.

આયુકાળ પૂર્ણ થતાં દવા, મંત્રાદિ પણ વ્યર્થ :–

शार्दूलविक्रीडित

दत्तं नौषधमस्य नैव कथितः कस्याऽप्ययं संवप्पो,
नो कुर्याच्छुचमेवमुन्नतमतिर्लोकान्तरस्थे निजे।
यत्ना यान्ति यतोङ्गिनः शिथिलतां सर्वे मृतेः सन्निधौ,
बन्धाश्चर्मविनिर्मिताः परिलसद्वर्षाम्बुसिक्ता इव।।४८।।

'हा ! मैं इसको औषध नहिं दी, मांत्रिकको न दिखाया !'
इस विध शोक न करना बुधजन ! स्वजन तजे जब काया।
कारण, काल-समीप मनुजके शिथिल यत्न सब होवें,
जल-सिंचित-दृढ चार्मिक बंधन ज्यों ढीले पड़ जावें।।४८।।

ભાવાર્થ :– વિવેકી મનુષ્યે, પરલોકયાત્રા કરતા–દેહત્યાગ કરતા– ઇષ્ટ સ્વજન માટે એવો શોક કરવો ન જોઈએ કે 'હા ! મેં એને અમુક દવા ન આપી, અમુક મંત્રવાદી પાસે ન દેખાડ્યો;' કેમકે જ્યારે કોઈનો કાળ નજદીક આવે છે ત્યારે જળથી સિંચિત થઈ ઢીલા થતાં ચામડાના દ્રઢ બંધનની જેમ મનુષ્યના સર્વ પ્રયત્નો શિથિલ થઈ જાય છે; તે સમયે કોઈની પણ કોઈ યુક્તિ ચાલતી નથી. માટે ઉક્ત પ્રકારની વાતનો વિચાર કરી પશ્ચાતાપ કરવો અને શોક કરવો વ્યર્થ છે ! આવા પ્રસંગે તો એમ સમજવું જોઈએ કે એવી જ ભવિતવ્યતા હતી. ૪૮.

અવિવેકી મનુષ્યનું મૃત્યુ 'મે–મે, મારું–મારું' કરતું થાય છે :–

शिखरिणी

स्वकर्मव्याध्रेण स्फुरितनिजकालादिमहसा,
समाघ्रातः साक्षाच्छरणरहिते संसृति बने।

प्रिया मे पुत्रा मे द्रविणमपि मे मे गृहमिदम्,
वदन्नेवं मे मे पशुरिव जनो याति मरणम्।।४९।।

कालादिक पा तेजयुक्त जो कर्मसिंह बलधारी,
उससे पकड़ा शरणरहित भव-वनमें जन अविचारी।
`मेरी भार्या, मेरा धन-गृह, मेरा सुत-परिवारा,'
अज-सुतसम यों `मे-मे' करता मरण लहे बेचारा।।४९।।

ભાવાર્થ : જેમ નિર્જન વનમાં સિંહથી પકડાયેલ બકરીનું બચ્ચું ‘મેં–મેં’ કરતું પોતાના પ્રાણ છોડી દે છે, કોઈ પણ ત્યાં તે સમયે તે બિચારાને સહાયક હોતું નથી અર્થાત્ તેના પોકારને સાંભળનાર કોઈ રક્ષક હોતો નથી, તેમ આ શરણરહિત સંસારવનમાં જ્યારે આ અવિવેકી મનુષ્ય પ્રાણી પોતાના પૂર્વોપાર્જિત કર્મરૂપ સિંહ કે જે ઉદયકાળાનુસાર મહા તેજસ્વી તેમજ પરાક્રમી બને છે તેનાથી પકડાય છે ત્યારે અવિવેકી પણ ‘મારી સ્ત્રી, મારો પુત્ર, મારું ધન, મારું ઘર’ ઇત્યાદિરૂપ મે-મે (મારું-મારું) કરતો કરતો મરણ પામે છે, કોઈપણ તે સમયે તેને સહાયક થતો નથી; સર્વ નિરુપાયી બની ઊભા ઊભા ટક–ટક દેખી રહે છે ! અને કાળ તેને ક્ષણભરમાં ગળી જાય છે ! આવી અસહાય–દશામાં કોઈના વિયોગ માટે શોક કરવો વ્યર્થ છે. ૪૯.

આયુષ્યનો વિનાશ દેખવા છતાં પણ પોતાને અમર માનવો તે જડબુદ્ધિ જ છે :–

वसंततिलका

दिनानि खंडानि गुरुणि मृत्युना,
विहन्यमानस्य निजायुषो भृशम्।

पतन्ति पश्यन्नपि नित्यमग्रतः,
स्थिरत्वमात्मन्यभिमन्यते जडः।।५०।।

यमसे अतिशय पीडित अपनी आयु सभी जन जानो,
दिन हैं गुरुतर खंड उसीके, यह निश्चय उर आनो।
उनको नित निज सन्मुख खिरते लखकर भी जो प्राणी,
अपने को स्थिर मान रहा है वह क्यों नहिं अज्ञानी ?।।५०।

ભાવાર્થ :– એ સુનિશ્ચિત છે કે આપણું આયુ યમથી પીડિત છે – કાળ દ્વારા બરાબર હણાઈ રહ્યું છે અને દિવસો તેના મોટા મોટા ખંડ છે –અંશ છે, આ ખંડો –અંશોને નિરંતર આપણી સામે ખરતાં –વીખરાતાં અને એ રીતે આયુનો વિનાશ થતાં–દેખીને પણ જે મનુષ્ય પોતાને અમર–સ્થિર માની રહ્યો છે તે જડબુદ્ધિ છે અર્થાત્ નિરંતર કાળના મુખમાં પડવાનો–ચાલ્યા જવાનો જેને ખ્યાલ જ હોતો નથી તે શું અજ્ઞાની નથી ? અવશ્યમેવ અજ્ઞાની છે. ૫૦.

शार्दूलविक्रीडित

कालेन प्रलयं व्रजन्ति नियतं तेऽपीन्द्रचंद्रादयः,
का वार्ताऽन्यजनस्य कीटसदृशोऽशक्तेरदीर्घायुषः।
तस्मान्मृत्युमुपागते प्रियतमे मोहं वृथा (मुघा) मा कृथाः,
कालः क्रीडति नाऽत्र येन सहसा तत्किञ्चिदन्विष्यताम् *।।५१।

इन्द्र-चंद्र-आदिक भी निश्चय काल-गाल जब जावें,
निर्बल-जन अल्पायु-कीटसमकी क्या बात बतावें ?

---

* આત્માર્થી તો એમ વિચારે કે :–
छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जाद विप्पलयं।
जह्मा तह्मा गच्छदु तहवि हु ण परिग्गहो मज्झ।।२०९।।

इससे स्वजन-मरण पर भविजन मोह वृथा मत कीजे,
काल न तनु में खेले जिससे शीघ्र आत्म लख लीजे।।५१।

ભાવાર્થ :– જ્યારે ઇન્દ્ર અને ચંદ્રાદિ પણ કાળના મુખમાં નિશ્ચયપૂર્વક ચાલ્યા જઈ પ્રલયને પ્રાપ્ત થાય છે તો કીડા સમાન નિર્બળ અને અલ્પાયુષી અન્ય જનની તો વાત જ શી ? કદી તેનું ક્ષણભરમાં મરણ થઈ જાય તો તેમાં જરાપણ આશ્ચર્ય નથી; માટે પોતાના પ્રિયજનના મરણ નિમિત્તે વૃથા મોહમય શોક ન કરવો જોઈએ; પરંતુ કાળ પોતાના શરીરમાં ખેલવા ન આવે અર્થાત્ આત્માનું દુર્ગતિરૂપ

ભાવાર્થ :– પરદ્રવ્યરૂપ આ શરીર છેદાઓ, ભેદાઓ, કોઈ તેને લઈ જાઓ, નષ્ટ થઈ જાઓ અથવા ગમે તે રીતે જાઓ, તથાપિ તે પરિગ્રહ ખરેખર મારો નથી. ત્યારબાદ આત્માની ઓળખાણ કરવા વિચારે કે :–

अनाद्यनंतमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुचैश्चकचकायते।।४१।।

અર્થ :– જે અનાદિ, અનંત, અચલ, સ્વસંવેદ્ય (જે પોતે પોતાથી જ જણાય તેવું,) અને પ્રગટ એવું આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે તે પોતે જ જીવ–આત્મા છે. (સમયસાર કળશ)

સ્વ. કવિવર શ્રી બનારસીદાસે સૂચવેલ આત્મ-અનુભવ કરવાનો વિધિ ઉપયોગી હોઈ ને અત્રે દાખલ કર્યો છે :–

प्रथम सुद्रिष्टिसौं शरीररूप कीजं भिन्न,
तामें और सूच्छम् सरीर भिन्न मानिये।
अष्टकर्मभावकी उपाधि सोऊ कीजै भिन्न,
ताहूमें सुबुद्धिकौ विलास भिन्न जानिये।।
तामें प्रभु चेतन विराजत अखंडरूप,
वहै श्रुतग्यान कै प्रवांन उर आनिये।
वाहीकौ विचार करि वाहीमें मगन हजै,
बाकौ पद साधिबेकौं एसी विधि ठानिये।।५५।।

પરિણામ ન થવા પામે તે માટે તત્ત્વની શીઘ્ર ખોજ કરવી જોઈએ– પોતાના આત્મસ્વરૂપની ઓળખાણ કરી તેમાં સ્થિર થઈ જવું જોઈએ. ૫૧.

સંતજનોને સંયોગ–વિયોગ, જન્મ–મરણમાં હર્ષ–શોક ન જ હોય :–

संयोगो यदि विप्रयोगविधिना चेज्जन्म तन्मृत्युना,
संपञ्चेद्विपदा सुखं यदि तदा दुःखेन भाव्यं ध्रुवम्।
संसारेऽत्र महुर्मुहुर्बहुविधाऽवस्थान्तरप्रोल्लसद्-
वेषान्यत्वनटीकृताङ्गिनि सतः शोको न हर्षः क्वचित्।।५२।।

ભાવાર્થ :– જે પદાર્થોનો કર્મોદયાનુસાર સંયોગ છે તેનો વિયોગ પણ અવશ્ય થનાર છે અર્થાત્ જેનો જેની સાથે સંયોગ થયો છે, તે બંનેનો કોઈ એક દિવસે એકબીજાથી વિયોગ થવાનું અવશ્યંભાવી છે, જન્મ સાથે મૃત્યુ રહેલું છે. જે જન્મે છે તે કોઈ એક દિવસ મરે જ છે. સંપદા વિપદાથી અવશ્યમેવ ઘેરાયેલી છે તથા સુખ–દુઃખની નિઃસંદેહ વ્યાપ્ત છે, અને આ જીવ સંસારમાં વિવિધ પ્રકારની

ભાવાર્થ :– પહેલાં ભેદવિજ્ઞાન દ્વારા સ્થૂળ શરીરને આત્માથી ભિન્ન માનવું જોઈએ, પછી આ સ્થૂળ શરીરમાં તૈજસ, કાર્મણ સૂક્ષ્મ શરીર છે તેનાથી આથ્માને ભિન્ન જાણવો ઉચિત છે. પશ્ચાત્ અષ્ટકર્મની ઉપાધિજનિત રાગ–દ્વેષને ભિન્ન કરવા અને પછી ભેદવિજ્ઞાનને પણ ભિન્ન માનવું જોઈએ તે ભેદવિજ્ઞાનમાં અખંડ આત્મા વિરાજમાન છે તેને શ્રુતજ્ઞાન, પ્રમાણ વા નય, નિક્ષેપ આદિથી નિશ્ચિત કરી તેનો વિચાર કરવો જોઈએ અને તેમાં લીન થવું જોઈએ. મોક્ષપદ પામવાની નિરંતર આવી જ રીતિ છે. ૫૫.

समयसार नाटक-बंधद्वार।

ગતિ–જાતિ અવસ્થારૂપ વિવિધ વેષો ધારણ કરીને વારંવાર નાચી રહ્યો છે; એ દેખી સંતજનોને મનમાં કદી પણ હર્ષ યા શોક થતો નથી. સંસારની આવી સ્થિતિનો વિવેક જ તેને હર્ષ–શોકમાં આત્મ–સમર્પણ કરવા દેતો નથી. ૫૨.

રાગ–દ્વેષરૂપ વિષરહિત સત્પુરુષ જ સુખમાં રહે છે :–

लोकाश्चेतसि चिन्तयन्त्यनुदिनं कल्याणमेवात्मनः,
कुर्यात्सा भवितव्यताऽऽगतवती तत्तत्र यद्रोचते।
मोहोल्लासवशादतिप्रसरतो हित्वा विकल्पान्बहून,
***रागद्वेषविषोज्झितैरिति सदा सद्भिः सुखं स्थीयताम्।।५३।।**

अपने हितकी चिन्ता निशदिन लोक करें मनमाहीं,
पर भावी-अनुसार होत सब, इसके संशय नाहीं।
इससे फैले तीव्र मोह-वश बहु विकल्पके त्यागी,
रागद्वेष-विष-रहित सदा सुखमें तिष्ठें बड़भागी।।५३।।

* આવો જ સદુપદેશ સ્વ. કવિવર પં. બનારસીદાસજીએ આપ્યો છે :—

लोकनिसौं कछु नातौ न तेरी न,
तोसौं कछु इह लोककी नातौ।
ए तौ रहे रमि स्वारथ के रस,
तू परमारथ के रस मातौ।।
य तनसौं तनमैं तनसे जड़,
चेतन तू तिनसौं नित हांतौ।
होहु सुखी अपनो बल फोरिकै,
तोरिकै राग विरोधकौ ताँतौ।।९।।

અર્થ :– હે જીવ ! કુટુંબી આદિ જનોને તારાથી કાંઈ સંબંધ નથી અને તેમ નથી તારે એ લોકો સાથે લોક સંબંધી કાંઈ પ્રયોજન; તેઓ તો પોતાની મતલબના કારણે તારા શરીર સાથે મહોબત રાખે છે; અને તું

ભાવાર્થ :– સંસારી પ્રાણીઓ દિનરાત પોતાના હિતની જ ચિંતામાં લાગેલા રહે છે; પરનું તો જે થવાનું હોય તે જ થાય છે. અંતઃ તીવ્ર મોહવશ ફેલાયેલા બહુ વિકલ્પોના ત્યાગ કરનાર, રાગ–દ્વેષરૂપ વિષરહિત સત્પુરુષો જ સદા સુખમાં રહે છે. રાગ અને દ્વેષનું વિષ ભારે બેચેની ઉત્પન્ન કરે છે; કદી નિરાકુળ થવા દેતું નથી અને તેથી આ જીવને સુખ–શાંતિની પ્રાપ્તિ થતી નથી. જે રાગ–દ્વેષ જીતે છે તે સહજ મોહ પર વિજય પ્રાપ્ત કરે છે; તેની સર્વ મોહજન્ય વિકલ્પજાળ છૂટી જાય છે. આ પ્રમાણે તે વિષમ સ્થિતિમાંથી છૂટી સ્વયં સુખ–શાંતિની સમસ્થિતિમાં આવી જાય છે – નિરાકુળ સુખનો અનુભવ કરવા લાગે છે. ૫૩.

સાંસારિક વસ્તુ માત્ર અસ્થિર છે તે પર ધ્વજાનું દૃષ્ટાંત :–

वसंततिलका

लोका ! गृहप्रियतमासुतजीवितादि-
वाताहतध्वजपटाऽग्रचलं समस्तम्।
***व्यामोहमत्र परिहत्य धनादिमित्रे,**
धर्मे मतिं कुरुत किं बहुभिर्वचोभिः।।५४।।

તારા આત્મહિતમાં મસ્ત થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહેલ છે તેથી તેઓ શરીર સમાન જડબુદ્ધિ છે; જ્યારે તું ચૈતન્ય છો, તેમનાથી અલગ છો, માટે રાગ–દ્વેષના તંતુઓ તોડી નાંખી સ્વાત્મબળ પ્રગટ કર ને સુખી થા. ૯. साध्य-साधक द्वार।

* મોહ કર્મ હઠાવવાનો–નાશ કરવાને બાર અનુપ્રેક્ષા–ભાવના, દસ યતિધર્મ વગેરે સાધનો છે. તેનું ચિંતન બુધજનો (મુનિઓ, શ્રાવકો) એ કરી આત્મકલ્યાણ કરેલ છે. તેથી આ જ પદ્મનંદિ મુનિરાજ–રચિત બાર અનુપ્રેક્ષા આ પુસ્તકનો ચોથો ફરમો પૂર્ણ કરવા અત્રે દાખલ કરેલ છે.

भविजन ! यह घर नारी सुत औ' जीवन आदिक जानो,
पवन-प्रताडित-ध्वजा-वस्त्र सम चंचल सकल बखानो।
छोड़ धनादिक मित्रोंमें यह मोह महा-दुखदाई,
`जुगल' धर्ममें प्रीति करो अब अधिक कहें क्या भाई।।५४।

द्वादशाऽपि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः।
तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम्।।

અર્થ :– ઉત્તમ પુરુષોએ બાર ભાવનાઓનું સદા ચિંતવન કરવું જોઈએ, કેમકે આ ભાવનાઓનું ચિંતવન સમસ્ત કર્મોનો નાશ કરનાર કારણ થાય છે.

આચાર્યવર બાર ભાવનાઓના નામ દર્શાવે છે :–

अध्रूवाशरणे चव भव एकत्वमेव च।
अन्यत्वमशुचित्वं च तथैवास्त्रवसंवरौ।।
निर्जरा च तथा लोको बोधिदुर्लभधर्मता।
द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवैः

અર્થ :– અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ –એ બાર અનુપ્રેક્ષા શ્રી જિનેન્દ્ર દેવોએ કહેલી છે.

૧. અનિત્ય ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम्।
तन्नाशेऽपि न कर्तव्यः शोको दुष्कर्मकारणम्।।

અર્થ :– જીવોના સમસ્ત શરીર, ધન, ધાન્ય આદિ અનિત્ય–વિનાશિક છે, માટે તે સર્વ નષ્ટ થયે જીવોએ જરાપણ શોક ન કરવો જોઈએ, કેમકે શોક કરવાથી માત્ર ખોટા કર્મોનું કારણ જ થાય છે.

૨. અશરણ ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

व्याघ्रेणाघ्रातकायस्य मृगशावस्य निर्जने।
यथा न शरणं जन्तोः संसारे न तथापदि।।

અર્થ :– નિર્જન વનમાં વાઘનાં પંજામાં પકડાયેલ હરણના બચ્ચાને બચાવવાનો કોઈ સમર્થ નથી, આ સાંસારની આપત્તિઓમાં પકડાયેલ જીવને કોઈ –ઇન્દ્ર, અહમિન્દ્ર, આદિ પણ રક્ષક નથી; માટે ભવ્ય જીવોએ ધર્મ સિવાય કોઈને પણ રક્ષક ન સમજવો.

ભાવાર્થ :– હે ભવ્ય જનો ! જેમ પવનથી પ્રતાડિત ધ્વજા-વસ્ત્રનો અગ્રભાગ ચંચળ રહે છે તેમ આ ઘર (સ્ત્રી, પુત્ર, જીવિત, ધન આદિ સર્વ ચંચળ છે. આમાં કોઈ પણ વસ્તુ સ્થિર સદા એક રસરૂપ રહેનારી

---

૩. સંસાર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

यत्सुखं तत्सुखाभासो यद् दुःखं तत्सदञ्जसा।
भवे लोकः सुखं सत्यं मोक्ष एवं स साध्यताम्।।

અર્થ :– હે જીવ ! સંસારમાં જે સુખ દેખાય છે તે સુખ નથી પણ સુખાભાસ છે; અને જે દુઃખ છે તે સત્ય છે. પરંતુ વાસ્તવિક સુખ તો મોક્ષમાં જ છે; માટે તારે મોક્ષની પ્રાપ્તિ માટે જ સુપ્રયત્ન કરવો જોઈએ.

૪. એકત્વ ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

स्वजनो वा परो वाऽपि नो कश्चित्परमार्थतः।
केवलं स्वाजितं कर्म जीवेनंकेन भुज्यते।।

અર્થ :– યદિ પરમાર્થથી જોઈએ તો સંસારમાં જીવનો નથી કોઈ સ્વજન કે નથી કોઈ પર જન; માત્ર આ જીવ એકલો જ સ્વોપાર્જિત કર્મના ફળ ભોગવે છે.

૫. અન્યત્વ ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

क्षीरनीरवदेकत्र स्थितयोदेहदेहिनोः।
भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा।।

અર્થ :– શરીર અને આત્માની સ્થિતિ દૂધ અને પાણી સમાન એકત્ર છે; જ્યારે તે બંને ય પરસ્પરથી ભિન્ન છે ત્યારે સર્વથા ભિન્ન સ્ત્રી, પુત્ર, ધાન આદિની તો વાત જ શી ? માટે ડાહ્યા પુરુષોએ શરીર, સ્ત્રી, પુત્ર, ધનાદિને કદાપિ પોતાના નહિ માનવા જોઈએ.

૬. અશુચિ ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

तथाऽशुचिरियं कायः कृमिधातुमलान्वितः।
यथा तस्यैव संपकदिन्यत्राप्यपवित्रता।।

નહિ હોવાના કારણે મન લગાડવા જેવી ચીજ નથી. માટે આ ધન, સ્ત્રી, પુત્ર, મિત્રાદિ પ્રત્યેનો મહાદુઃખદાયી મોહ છોડી ધર્મમાં ચિત્ત

અર્થ :– કીડા, ધાતુ, મળ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થોથી ભરેલ આ શરીર એટલું અપવિત્ર છે કે તેના સંબંધથી બીજી વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે.

૭. આસ્રવ ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

जीवपोतो भवाम्भौधौ मिथ्यात्वादिकरन्ध्रवान्।
आस्रवति विनाशार्थं कर्माम्भः प्रचुरं भ्रमात्।।

અર્થઃ– આ સંસારરૂપ સમુદ્રમાં જે સમયે જીવરૂપે વહાણ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ છિદ્રોવાળું થાય છે તે સમયે તે પોતાના વિનાશ માટે અજ્ઞાનતાથી પ્રચૂર કર્મરૂપ જળને આસ્રવે–ખેંચે છે.

૮. સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

कर्मास्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम्।
साक्षादेतदनुष्ठानं मनोवाक्कायसंवृत्तिः।।

અર્થ :– આવેલ કર્મોનો નિરોધ તે નિશ્ચયથી સંવર છે; અને મન, વચન, કાયાનું સંવરણ (સ્વાધીન રાખવું) તે જ સંવરનું આચરણ છે.

ભાવાર્થ :– જે સમયે મન, વચન, કાયરૂપ યોગ, મિથ્યાત્વ, કષાય આદિ રહિત થઈ ગુપ્તિ, સમિતિ, ધર્મ–અનુપ્રેક્ષાના ચિંતવનમાં લીન થાય તે સમયે સંવર થાય છે.

૯. સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम्।
तपोभिर्बहुभिः सा स्याद्वैराग्याश्रितचेष्टितैः।।

અર્થ :– પૂર્વોપાર્જિત કર્મોનો એકદેશરૂપ નાશ થવો –ખરવું તે નિર્જરા છે. આ નિર્જરા, સંસાર દેહ પ્રત્યેના વૈરાગ્યયુક્ત અંતઃકરણ, દ્વારા અનશન આદિ બાહ્ય અને પ્રાયશ્ચિત આદિ આંતરિક ઘણા તપોથી થાય છે.

૧૦. સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः
दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम्।।

લગાડો, મુનિ અને શ્રાવક ભેદરૂપ ઉભય પ્રકારના ધર્મમાં અનુરાગ વધારો; હવે આથી વિશેષ શું કહેવું આ સર્વનો સાર છે.૫૪.

અનિત્ય પંચાશત્‌ના સ્વાધ્યાયનું ફળ —

पुत्रादिशोकशिखिशांतकरी यतीन्द्र-
श्रीपद्मनंदिवदनाम्बुधरप्रसूतिः।

અર્થ :– આ સમસ્તલોક સર્વત્ર વિનાશિક અને અનિત્ય છે તથા વિવિધ દુઃખકારી છે એવું વિચારી ઉત્તમ પુરુષોએ સદા મોક્ષ પ્રત્યે જ બુદ્ધિ લગાડવી જોઈએ.

૧૧. સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीब दुर्लभा।
लब्धा कथं कथञ्चित्तेत्कार्यो यत्नो महानिह।।

અર્થ :– રત્નત્રય (સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર)ની પ્રાપ્તિનું નામ બોધિ છે અને આ બોધિની પ્રાપ્તિ અત્યંત કઠિન છે. યદિ કોઈ પ્રકારે તેની પ્રાપ્તિ પણ થઈ જાય તો તેની રક્ષા અર્થે બુધજનોએ પ્રબલ યત્ન કરવો જોઈએ.

ભાવાર્થ :– અનંત જીવ એવા છે કે જે અત્યારે નિગોદમાં જ પડેલા છે. તેમણે આ સિવાય બીજું શરીર ધારણ કર્યું જ નથી; પૃથ્વીકાય આદિ સ્થાવરપણું, ત્રસપણું, પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યભવ, ઉચ્ચકુળ, ચિરાયુ વગેરેની પ્રાપ્તિ ઉત્તરોત્તર વધારે કઠિન છે. દૈવયોગાત્ આ સર્વ મળી જાય તોપણ રત્નત્રયની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. સત્પુરુષના પરિચયે અને સ્વપુરુષાર્થે તેની પ્રાપ્તિ થાય છે, પણ પ્રમાદવશ તેની રક્ષા કરતા નથી; માટે ભવ્ય પુરુષોએ તેની રક્ષા કરવા પ્રયત્ન કરવો જોઈએ –આ પ્રકારનું ચિંતવન તે બોધિદુર્લભ અનુપ્રેક્ષા.

૧૨. સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન :–

निजधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां मतः।
तथा बाह्यो यथा साक्षादा मोक्षं सह गच्छति।।

सद्बोधशस्य-जननी जयतादनित्य-
पंचाशदुन्नतधियाममृतैकवृष्टिः।।५५।।

पद्मनंदि-मुनि-मुखजलधरसे उपजी बुध-हितकारी,
पुत्र-मित्र-भार्यादि-शोक-आताप मिटावनहारी।
अमृतवृष्टि, सुबोध-घान्यकी 'जुगल' जन्मदातारी,
जयवंती वर्तो जगमें यह अथिर-भावना- प्यारी।।५५।।

ભાવાર્થ :– આ 'અનિત્ય પંચાશત્' શ્રી પદ્મનંદિ મુનિરાજના મુખરૂપ મેઘ–વાદળમાંથી ઉત્પન્ન થયેલ અમૃતવૃષ્ટિ–અમરરસની વર્ષા છે. વળી તે પુત્ર, મિત્ર, ભાઈ તથા ધનાદિના શોકજન્ય આતાપને મટાડનારું અને સમ્યગ્જ્ઞાનરૂપ ધાન્યને ઉપજાવનારું છે; માટે બુધજનોને હિતરૂપ આ 'અનિત્ય પંચાશત્' જગતમાં સદા જયવંત રહો. આ પ્રાપ્ત કરી જગતના જીવો પોતાના શોક સંતાપને સદાય મટાડી આત્મામાં સમ્યગ્જ્ઞાન ઉગાડવામાં–જગાડવામાં સમર્થ થાઓ તેવી અનુવાદકની આંતરિક ભાવના છે. ૫૫.

शुभं भवतु।

અર્થ :– જિનેન્દ્રકથિત જ્ઞાનાનંદસ્વરૂપ નિજધર્મની પ્રાપ્તિ જીવોને અત્યંત દુર્લભ છે, તેથી આ આત્મસ્વભાવ રત્નત્રયસ્વરૂપ તથા ઉત્તમ ક્ષમાદિસ્વરૂપ ધર્મ એવી દૃઢતાથી અંગીકાર કરવો જોઈએ જે મોક્ષપર્યંત તે સાથે જ રહે.

दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे।
धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः।।

અર્થ :– વિવિધ દુઃખરૂપ મગરથી વ્યાપ્ત સંસારરૂપ ખારો સમુદ્ર પાર કરવાને ધર્મરૂપ જહાજને ગણધર આદિ મહાપુરુષોએ ઉત્તમ કહ્યું છે.

अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः।
कुर्वन्ते तत्परं पुण्यं हेतुर्यत्सर्वगमोक्षयोझः।।

અર્થ :– સજ્જનોએ વારંવાર હૃદયમાં આ બાર ભાવનાઓનું ચિંતવન કર્યું છે; તેથી એવું પુણ્ય પ્રાપ્ત થાય છે કે જે પુણ્ય સ્વર્ગ તથા મોક્ષનું કારણ બને છે; માટે સ્વર્ગ–મોક્ષના કારણરૂપ પુણ્યને ચાહનાર ભવ્ય જીવોએ આ બાર ભાવનાઓનું સદા ચિંતવન કરવું જોઈએ.

રત્નમંજૂષા

वृक्षा दावाग्निना लग्नास्तत्सख्यं कुर्वते वनै।
आत्मारूढतरोरग्निमागच्छन्तं न वेत्यसौ।।
अन्यस्यान्यः समाख्याती मृतोऽद्य दिवसेऽमुकः।
एवं स किं न जानाति ममाप्येति यमः क्वचित्।।

અર્થ :– કોઈ મનુષ્ય દાવાગ્નિથી બળતા વૃક્ષો માટે સહાનુભૂતિ દેખાડે છે પરંતુ જે વૃક્ષ પર પોતે ચઢેલો છે તે જ વૃક્ષ નજદીક અગ્નિ આવી રહ્યો છે તે તરફ દૃષ્ટિ પણ કરતો નથી ! વળી એક મનુષ્ય અન્યો પ્રત્યે કહે છે કે 'આજ અમુક ભાઈ મરી ગયા,' પરંતુ એ શું નથી જાણતો કે 'હું પણ એક દિવસ આ પ્રમાણે મરી જઈશ' !

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः।
नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः।।

અર્થ :– શરીર અનિત્ય છે, વૈભવ પણ શાશ્વત નથી; મૃત્યુ શિર પર ગાજી રહ્યું છે; માટે ધર્મનો સંગ્રહ કરવો જ જોઈએ.

जीवन्तं मृतकं मन्ये देहिनं धर्मवर्जितम्।
मृतो धर्मेण सयुक्तो दीर्घजीवी भविष्यति।।

અર્થ :– આચાર્ય મહારાજ કહે છે કે –જીવતા પણ ધર્મરહિત મનુષ્યોને હું મૃતક જ સમજું છું. અને જે મનુષ્ય આત્મધર્મ સહિત મર્યો છે તે દીર્ઘજીવી થશે અર્થાત્ તે મોક્ષમાં વસનારો થશે.

–શ્રી પૂજ્યપાદ સ્વામી

રાજપત્રાવલિ

કોઈ પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ હોય એમ દીઠું નથી, જાણ્યું નથી, તથા સંભવતું નથી; મૃત્યુનું આવવું અવશ્ય છે. એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે.

જે દેહ, યુવાવસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાવા છતાં પણ ક્ષણભંગુર છે તે દેહમાં પ્રીતિ કરીને શું કરીએ ? જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે એવો આ દેહ તે પણ દુઃખનો હેતુ છે; તો, બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી ? જે પુરુષોએ, વસ્ત્ર જેમ શરીરથી જુદું છે એમ આત્માથી શરીર જુદું છે એમ દીઠું છે તે પુરુષોને ધન્ય છે !

વિચારવાનને દેહ છૂટવા સંબંધી હર્ષ–વિષાદ ઘટે નહિ.

આત્મપરિણામનું વિભાવપણું તે જ હાનિ અને તે જ મુખ્ય મરણ છે.

જીવતાં મરાય તો ફરી મરવું ન પડે એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.

જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે; તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતના વારંવાર વિચાર કરવા યોગ્ય છે.

સંગ્રાહક –
ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

રાજરત્નકણિકા

દેહ છે તે જીવને વેશધારીપણું છે. મૃત્યુનું અવશ્ય આવવું છે.

* * *

ચિત્તને રોગાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી. અસ્થિર પરિણામ ઉપશમાવવા યોગ્ય છે.

* * *

દેહાદિનો અભાવ થવો, મૂર્છાનો નાશ થવો તે જ મુક્તિ.

* * *

સમ્યક્‌દૃષ્ટિને બહારના દુઃખ આવ્યે ખેદ હોય નહિ; જોકે રોગ આવે એવું ઇચ્છે નહિ, પણ રોગ આવ્યે રાગ–દ્વેષ પરિણામ થાય નહિ.

* * *

લાકડું કરવતથી વ્હેરાય તેમ આયુષ ચાલ્યું જાય છે.

* * *

વેદનીય કર્મ એ નિર્જરારૂપે છે, પણ દવા ઇત્યાદિ તેમાંથી ભાગ પડાવી જાય.

* * *

જ્ઞાનીએ અનંત ઔષધિ અનંત ગુણસંયુક્ત જોઈ છે; પરંતુ મોત મટાડી શકે એવી ઔષધિ કોઈ જોવામાં આવી નહિ !

* * *

વૈદ્ય અને ઔષધિ એ નિમિત્તરૂપ છે.

* * *

દેહ છૂટે છે તે પર્યાય (અવસ્થા) છૂટે છે. પણ આત્મા આત્માકારે અખંડ ઊભો રહે છે. પોતાનું કાંઈ જતું નથી, જે જાય છે તે પોતાનું નથી, એમ પ્રત્યક્ષ જ્ઞાન થાય નહિ ત્યાં સુધી મૃત્યુનો ભય લાગે છે.

સૂર્યના ઉદ્યોતની પેઠે દિવસ ચાલ્યો જાય, તેમ અંજલિ જળની માફક આયુષ્ય ચાલ્યું જાય.

જીવ તો સદાય જીવતો જ છે. તે કોઈ વખત ઊંઘતો નથી કે મરતો નથી, મરવો સંભવતો નથી. સ્વભાવે સર્વ જીવ જીવતા જ છે.

* * *

વૃદ્ધ, જુવાન, બાળ –એ સર્વ કાળના મુખમાં છે, એમ ભય રાખવો; તે ભય રાખીને સંસારમાં ઉદાસીનપણે રહેવું.

* * *

દેહ સાચવ્યો સચવાતો નથી; કેમકે તે, ક્ષણમાં ભાંગી જાય છે– ક્ષણમાં રોગ, ક્ષણમાં વેદના થાય. દેહ પ્રગટ માટી જેવો છે. રાખ્યો રખાય નહિ. દેહનો પ્રગટ અનુભવ કરી શાસ્ત્રમાં કહ્યું છે કે તે અનિત્ય છે; દેહમાં મૂર્ચ્છા કર્યા જેવું નથી.

* * *

આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય.

* * *

આયુઃ કર્મનો જે પ્રકારે બંધ હોય તે પ્રકારે દેહસ્થિતિ પૂર્ણ થાય.

* * *

પુદ્‌ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણવી.

* * *

જ્ઞાની ઉદયને જાણે છે પણ શાતા–અશાતામાં પરિણમતા નથી.

* * *

સમભાવથી મૃત્યુને જોવું. મોતથી હર્ષ માનવો.

* * *

મૃત્યુ પાછળ રાગથી રોવું નહિ.

* * *

ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે; વિષમ પરિણામે વેદવા યોગ્ય નથી.

* * *

અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહિ.

* * *

સંયોગસંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે; તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ જ્ઞાનીના આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે.

* * *

જ્યાં ઉપાય નહિ ત્યાં ખેદ કરવો યોગ્ય નથી.

* * *

પુણ્ય–પાપ અને આયુષ્ય એ, કોઈ બીજાને ન આપી શકે; તે દરેક પોતે જ ભોગવે.

શરણ (આશ્રય) અને નિશ્ચય કર્ત્તવ્ય છે, અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી.

રાજ–રસાયન

જેમ આત્માને સ્થૂળ દેહનો વિયોગ થાય છે તેને મરણ કહેવામાં આવે છે, તેમ સ્થૂળ દેહના આયુષ્ય આદિ સૂક્ષ્મ પર્યાયનો પણ સમયે–સમયે હાનિ–પરિણામ થવાથી વિયોગ થઈ રહ્યો છે; તેથી તેનું સમયે–સમયે મરણ કહેવા યોગ્ય છે. આ મરણ તે વ્યવહારનયથી કહેવાય છે. નિશ્ચયથી તો આત્માને સ્વાભાવિક એવા જ્ઞાન–દર્શનાદિ ગુણ–પર્યાયની, વિભાવ–પરિણામના યોગને લીધે હાનિ થયા કરે છે અને હાનિ આત્માના નિત્યપણાદિ સ્વરૂપને પણ ગ્રહી રહે છે તે સમયે–

સમયે મરણ છે.

*   *   *

દેહ રેતીના ઘર જેવો, મસાણની મઢી જેવો છે, પર્વતની ગુફાની માફક દેહમાં અંધારું છે, ચામડીને લીધે દેહ ઉપરથી રૂપાળો લાગે છે; દેહ અવગુણની ઓરડી, માયા અને મેલને રહેવાનું ઠેકાણું છે; દેહમાં પ્રેમ રાખવાથી જીવ રખડ્યો છે. દેહ અનિત્ય છે, બદફેલની ખાણ છે, તેમાં મોહ રાખવાથી જીવ ચારે ગતિમાં રઝળે છે. કેવો રઝળે છે ? ઘાણીના બળદની માફક આંખે પાટો બાંધે છે, તેને ચાલવાના માર્ગમાં સંકડાઈ રહેવું પડે છે. છૂટવાનું મન થાય પણ છૂટી શકાય નહિ, ભૂખ્યા–તરસ્યાનું કહેવાય નહિ, શ્વાસોચ્છ્વાસ નિરાંતે લેવાય નહિ. તેની પેઠે જીવ પરાધીન છે; જે સંસારમાં પ્રીતિ કરે છે તે આવા પ્રકારનું દુઃખ સહન કરે છે.

*   *   *

જ્ઞાનીઓએ માનેલું છે કે દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી. જ્યારે–ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. આવું સમજી જ્ઞાની ખેદ કરતા નથી. પણ જેવી રીતે કોઈની વસ્તુ લીધી હોય ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે અર્થાત્ દેહમાં પરિણમતા નથી.

*   *   *

પરમયોગી એવા શ્રી ઋષભદેવ આદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું–નિર્મોહપણું–કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મ–મરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું–નિર્મોહપણું–યથાર્થ

સમરસપણું–રહે છે તેટલું મોક્ષપદ નજીક છે, એમ પરમજ્ઞાની પુરુષનો નિશ્ચય છે.

*   *   *

આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્ માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે; એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.

*   *   *

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે, તે પ્રકાર કેવળ નીરસ અને નીંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે કોઈને વિશે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિશે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે; કોઈ જીવ હજી સુધી તો પિતા–પુત્ર થઈ શક્યા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા; પણ વિચારતાં આ વાત કોઈપણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે અને તે મૂઢતા કોઈપણ પ્રકારે સત્સંગની ઇચ્છાવાળા જીવને ઘટતી નથી.

*   *   *

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે, તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે તે મહાપુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

*   *   *

પૂર્વ ઉપાર્જિત કરેલું એવું જે કંઈ પ્રારબ્ધ છે તે વેદવા સિવાય બીજો પ્રકાર નથી અને યોગ્ય પણ તે રીતે છે એમ જાણી જે જે

પ્રકારે જે કાંઈ પ્રારબ્ધ ઉદય આવે છે તે સમપરિણામથી વેદવાં ઘટે છે.

*   *   *

'જૈસેં કંચુક ત્યાગસેં, બિનસત નહીં ભુજંગ;'
'દેહ ત્યાગસેં જીવ પુનિ, તૈસેં રહત અભંગ.'

જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી તેમ દેહનો ત્યાગ કરવાથી જીવ પણ અભંગ રહે છે એટલે નાશ પામતો નથી. અહીં દેહથી જીવ ભિન્ન છે એમ સિદ્ધતા કરેલી છે.

દેહ અને જીવની ભિન્નતા નથી અને દેહનો નાશ થવાથી પણ જીવનો નાશ થાય છે એમ કેટલાક માને છે અને કથે છે તે માત્ર વિકલ્પરૂપ છે પણ પ્રમાણભૂત નથી; કેમકે તેઓ કાંચળીના નાશથી સર્પનો પણ નાશ થયલો સમજે છે અને એ વાત તો પ્રત્યક્ષ છે કે સર્પનો નાશ કાંચળીના ત્યાગથી નથી; તેમ જ જીવને માટે છે.

દેહ છે તે જીવની કાંચળી માત્ર છે. કાંચળી જ્યાં સુધી સર્પના સંબંધમાં છે, ત્યાં સુધી જેમ સર્પ ચાલે છે, તેમ તેમ તેની સાથે ચાલે છે, તેનિ પેઠે વળે છે; અને તેની સર્વ ક્રિયાઓ સર્પની ક્રિયાને આધીન છે. સર્પે તેનો ત્યાગ કર્યો કે ત્યાર પછી તેમાંની એકેય ક્રિયા કાંચળી કરી શકતી નથી; જે ક્રિયામાં પ્રથમ જે જે વર્તતી હતી તે સર્વ ક્રિયાઓ માત્ર સર્પની હતી. એમાં કાંચળી માત્ર સંબંધરૂપ હતી. એમ જ દેહ પણ, જેમ જીવ કર્માનુસાર ક્રિયા કરે છે તેમ વર્તે છે; ચાલે છે, બેસે છે, ઊઠે છે એ જીવરૂપ પ્રેરકથી છે; તેનો વિયોગ થવાથી કાંઈ નથી.

*   *   *

આ દેહનું આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થયું જાય છે, એ માટે અત્યંત શોક થાય છે અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમ જેવા અવિચારી પણ થોડા સમજવા.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રદેવે લખેલા દિલાસાપત્રો

મુંબઈ, ફાગણ સુદ ૧૧ ગુરુ ૧૯૪૮

ચિ. ચંદુના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થયો. 'જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવ-સિદ્ધ દેખાય છે, તેમ છતાં આપણું ચિત્ત અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિશે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.'

'મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગીરી ન કરતાં ધીરજથી તે દુઃખ સહન કરવું, એ જ આપણો ધર્મ છે.'

'આ દેહ પણ જ્યારે–ત્યારે એમ જ ત્યાગવાનો છે' એ વાત સ્મરણમાં આવ્યા કરે છે, અને સંસાર પ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યા કરે છે.

'પૂર્વકર્મને અનુસરી જે કંઈ પણ સુખ–દુઃખ પ્રાપ્ત થાય તે સમાન ભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ' સાંભરી આવી છે તે લખી છે.

વવાણીઆ, વૈશાખ વદ ૬ રવિ, ૧૯૫૨.

આર્યશ્રી માણેકચંદાદિ પ્રત્યે–શ્રીસ્થંભતીર્થ.

શ્રી સુંદરલાલે વૈશાખ વદી એકમે દેહ છોડ્યાના ખબર લખ્યા તે વાંચ્યા. વિશેષ કાળની માંદગી વિના, અકસ્માત દેહ છોડવાનું બન્યાથી સામાન્યપણે ઓળખતા માણસોને પણ તે વાતથી ખેદ થયા વિના ન રહે, તો પછી જેણે કુટુંબાદિ સંબંધ–સ્નેહે મૂર્ચ્છા કરી હોય, સહવાસમાં વસ્યાં હોય, તે પ્રત્યે કંઈ આશ્રય ભાવના રાખી હોય તેને ખેદ થયા વિના કેમ રહે ? આ સંસારમાં મનુષ્ય પ્રાણીને જે

ખેદના અકથ્ય પ્રસંગો પ્રાપ્ત થાય છે, તે જ અકથ્ય પ્રસંગમાંનો એક આ મોટો ખેદકારક પ્રસંગ છે. તે પ્રસંગમાં યથાર્થ વિચારવાન પુરુષો સિવાય સર્વ પ્રાણી ખેદવિશેષને પ્રાપ્ત થાય છે, અને યથાર્થ વિચારવાન પુરુષોને વૈરાગ્ય વિશેષ થાય છે, સંસારનું અશરણપણું, અનિત્યપણું અને અસારપણું વિશેષ દૃઢ થાય છે.

વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્ચ્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ ભાસે છે, અને વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ ભાસે છે, અને તે સત્ય છે, મૂર્ચ્છાભાવે ખેદ કર્યાથી પણ જે સંબંધીનો વિયોગ થયો છે તેની પ્રાપ્તિ થતી નથી, અને જે મૂર્ચ્છા થાય છે તે પણ અવિચારદશાનું ફળ છે એમ વિચારી વિચારવાન પુરુષો તે મૂર્ચ્છાભાવ પ્રત્યયી ખેદને શમાવે છે. અથવા ઘણું કરીને તેવો ખેદ તેમને થતો નથી. કોઈ રીતે એવા ખેદનું હિતકરીપણું દેખાતું નથી, અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે, એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને, જીવને હિતકારી એવો ખેદ ઉત્પન્ન થાય છે. સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું અને તુચ્છપણું તેમજ અન્યત્વપણું દેખીને પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે 'હે જીવ ! તારે વિશે કંઈ પણ આ સંસારને વિશે ઉદયાદિ ભાવે પણ મૂર્ચ્છા વર્તતી હોય તો તે ત્યાગ કર, ત્યાગ કર. તે મૂર્ચ્છાનું કંઈ ફળ નથી, તે સંસારમાં ક્યારેય શરણત્વાદિપણું પ્રાપ્ત થવું નથી, અને અવિચારીપણા વિના તે સંસારને વિશે મોહ થવા યોગ્ય નથી, જે મોહ અનંત જન્મ–મરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે; દુઃખ અને ક્લેશનું બીજ છે તેને શાંત કર, તેનો ક્ષય કર. હે જીવ ! એ વિના બીજો કોઈ હિતકારી ઉપાય નથી.' એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચળ કરે છે. જે કોઈ જીવ યથાર્થ વિચારથી જુએ છે તે આ જ પ્રકારે ભાસે છે.

આ જીવને દેહ સંબંધ હોઈને મૃત્યુ ન હોત તો આ સંસાર સિવાય બીજે તેની વૃત્તિ જોડાવાનો અભિપ્રાય થાત નહિ. મુખ્ય કરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાનકે વૃત્તિ પ્રેરી છે, તે પણ કોઈક વીરલા જીવને પ્રેરિત થઈ છે. ઘણા જીવોને તે બાહ્ય નિમિત્તથી મૃત્યુભય પરથી બાહ્ય ક્ષણિક વૈરાગ્ય પ્રાપ્ત થઈ વિશેષ કાર્યકારી થયા વિના નાશ પામે છે. માત્ર કોઈક વિચારવાન અથવા સુલભબોધી કે હળુકર્મી તે ભય પરથી અવિનાશી, નિઃશ્રેય સત્ પદ થાય છે.

મૃત્યુભય હોત તોપણ તે મૃત્યુ વૃદ્ધાવસ્થાએ નિયમિત પ્રાપ્ત થતું હોત તોપણ જેટલા પૂર્વે વિચારવાનો થયા છે તેટલા ન થાત; અર્થાત્ વૃદ્ધાવસ્થા સુધી તો મૃત્યુનો ભય નથી એમ દેખીને પ્રમાદસહિત વર્તત. મૃત્યુનું અવશ્ય આવવું દેખીને તથા તેનું અનિયમિતપણે આવવું દેખીને, તે પ્રસંગ પ્રાપ્ત થયે, સ્વજનાદિ સૌથી અરક્ષણપણું દેખીને પરમાર્થ વિચારવામાં અપ્રમત્તપણું જ હિતકારી લાગ્યું અને સર્વ સંગનું અહિતકારીપણું લાગ્યું. વિચારવાન પુરુષોને તે નિશ્ચય નિઃસંદેહ સત્ય છે, ત્રણે કાળ સત્ય છે. મૂર્ચ્છાભાવનો ખેદ ત્યાગીને અસંગભાવ પ્રત્યયી ખેદ વિચારવાનને કર્ત્તવ્ય છે.

જો આ સંસારને વિશે આવા પ્રસંગોનો સંભવ ન હોત, પોતાને અથવા પરને તેવા પ્રસંગની અપ્રાપ્તિ દેખાતી હોત, અશરણાદિપણું ન હોત તો પંચ વિષયનાં સુખસાધનનું કશું ન્યૂનપણું પ્રાયે નહોતું એવા શ્રી ઋષભદેવ આદિ પરમ પુરુષો અને ભરત આદિ ચક્રવર્તીઓ તેનો શા કારણે ત્યાગ કરત ? એકાંત અસંગપણું શા કારણે ભજત ?

હે આર્ય માણેકચંદ આદિ ! યથાર્થ વિચારના ઓછાપણાને લીધે, પુત્રાદિ ભાવની કલ્પના અને મૂર્ચ્છાને લીધે તમને કંઈ પણ ખેદવિશેષ પ્રાપ્ત થવો સંભવિત છે તોપણ તે ખેદનું બેયને કંઈ પણ હિતકારી

ફળ નહિ હોવાથી હિતકારીપણું માત્ર અસંગવિચાર વિના કોઈ અન્ય ઉપાયે નથી એમ વિચારી, થતો ખેદ યથાશક્તિ વિચારથી, જ્ઞાનીપુરુષોના વચનામૃતથી તથા સાધુ પુરુષના આશ્રય, સમાગમાદિથી અને વિરતિથી ઉપશાંત કરવો, એ જ કર્તવ્ય છે.

વવાણીઆ, માગશર સુદ ૬ ગુરુ, ૧૯૫૩.

શ્રીમદ્ માણેકચંદનો દેહ છૂટવા સંબંધી ખબર જાણ્યા.

સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણ રાહત છે. માત્ર તે દેહનું યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તેનું મમત્વ છોડીને નિજ સ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા છે, તે જ જીવો મરણ કાળે શરણ રહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી; અથવા મરણ કાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે અને એ જ તમારે, અમારે સૌએ લક્ષ રાખવા યોગ્ય છે. પ્રીતિબંધનથી ખેદ થવા યોગ્ય છે, તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહિ હોવાથી તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો, એ જ વિચારવાનને કર્તવ્ય છે.

મુંબઈ, જેઠ વદ ૧૨ શનિ, ૧૯૫૩.

શ્રી ત્ર્યંબક આદિ – સાયલા

આર્ય શ્રી સોભાગના જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે કલાક ૨૦ ને ૫૦ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે, તેમ છતાં પણ અનાદિથી દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે. જન્મ–મરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં, મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચય અસંગતાથી નિજ ઉપયોગમયદશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.

* * *

તેમના તમારા પ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી, તેમણે તમારા સર્વ પ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય તથા તેમના ગુણોનું જે જે અદ્ભુતપણું તમને ભાસ્યું હોય, તેને વારંવાર સંભારી, તે પુરુષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખીને તેમણે આરાધવા યોગ્ય જે જે વચનો કહ્યાં હોય તેનું સ્મરણ આણી, તેમાં આત્માને પ્રેરવો એમ તમો સર્વ પ્રત્યે વિનંતી છે.

* * *

મોહે કરી જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનું અદ્ભુતપણું સ્મરણમાં આણી, મોહથી થતો ખેદ સમાવીને ગુણોના અદ્ભુતપણાનો વિરુદ્ધ થયો તે પ્રકારમાં તે પ્રવર્તાવવો યોગ્ય છે.

* * *

ધીરજથી સર્વેએ ખેદ સમાવવો અને તેમના અદ્ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે.

સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે, તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષ–શોક થવા યોગ્ય નથી. તોપણ એમ જણાય છે કે, સત્પુરુષના સમાગમથી કંઈપણ હર્ષ અને તેમના વિયોગથી કાંઈ પણ ખેદ અમુક ગુણસ્થાન સુધી તેમને પણ થવા યોગ્ય છે.

'આત્મસિદ્ધિ' ગ્રંથ વિચારવાની ઇચ્છા હોય તો વિચારશો; પણ તે પહેલાં કેટલાક વચનો અને સર્વ ગ્રંથો વિચારવાનું બનશે તો 'આત્મસિદ્ધિ' બળવાન ઉપકારનો હેતુ થશે એમ લાગે છે.

* * *

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે મુમુક્ષુ જીવને આ કાળને વિશે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે; એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.

પ્રતિકૂળ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ (મુક્તિ) સમીપનું સાધન છે; વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે, માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુ:ખ એવી તેની સ્થિતિ છે અનુકૂળ કલ્પનાએ અનુકૂળ ભાસે છે, પ્રતિકૂળ કલ્પનાએ પ્રતિકૂળ ભાસે છે, અને જ્ઞાની પુરુષે તે બેય કલ્પના કરવાની ના કહી છે.

વિચારવાનને શોચ ઘટે નહિ એમ તીર્થંકર કહેતા હતા.

'નવ કાળ મૂકે કોઈને'

(હરિગીત છંદ)

મોતી તણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરા તણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૧.

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા,
કાંચનકડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ ભાન ભૂતળ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૨.
દશ આંગળીમાં માંગલિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી.
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૩.
મૂછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હરકોઈનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટક્યા તજી સહુ સોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૪.
છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યાં,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૫.
જે રાજનીતિ નિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;
એ ભાગ્યશાળી ભાગિયા ખટપટો સૌ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૬.
તરવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેસરી સમ દેખિયા;
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૭.

ઇ૩૨, માર્ગશીર્ષ વદ ૦)) ગુરુ ૧૯૫૫.

યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે–સમયે જીવ તે દ્વારા વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ દૃષ્ટિવાન જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇન્દ્ર, ચંદ્ર, નાગેંદ્ર કે જિનેંદ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય વેદવો જ જોઈએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તોપણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સદ્દૃષ્ટિવાન જીવો શાંતભાવે વેદે તો તેથી વેદના વધી જતી નથી પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની, બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે, કે 'હું શરીર નથી પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું, આ વેદના માત્ર પૂર્વકર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી' –એમ આત્માનું અનુપ્રેક્ષન હોય છે.

મુંબઈ, બીજા અષાઢ વદ ૧૦, ૧૯૪૯.

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણીવાર શારીરિક વેદનાનુ ફળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્ પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે, તથાપિ હૃદયને વિશે વરંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં કેટલીક રીતે તે સમ્યક્ પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ તથા પરિગ્રહના પ્રસંગોથી જીવમાં સ્મૃતિ કરી તે વિશે

તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્ પરિણામ ફળિભૂત થયા છે. અને વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મોનું કારણ થતી નથી. વ્યાધિ રહિત શરી હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી તે પ્રત્યેથી મોહ–મમત્વાદિ ત્યાગ્યા હોય તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પનન્ન થયે તેવી ભાવના ભાવતા જીવને નિશ્ચળ એવું ઘણું કરી, કર્મબંધન થતું નથી. અને મહાવ્યાધિની ઉત્પત્તિકાળે તો દેહનું મમમત્વ જીવે જરૂર ત્યાગી, જ્ઞાની પુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. જોકે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહાદુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે તે વહેલે–મોડે ફળિભૂત થાય છે.

।।इति शुभम्।।

વીણેલાં રત્ન

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં
વચનામૃતમાંથી

હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.

*

જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર યોગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.

*

અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.

*

જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ

અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.

*

સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધા જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.

*

અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતા અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. ૬૦.

*

ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ–પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત

સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. ૭૧.

*

અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત–અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. ૭૨.

*

સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર –સ્વરૂપમાં લીન –થઈ ગયા છે. સ્વરૂપ જ તેનું આસન, સ્વરૂપ જ નિંદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે. સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે. ૭૮.

*

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ–કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ–માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડ્યાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.

*

મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. ૯૫.

કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ–ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. ૧૪૬.

*

ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ –સર્વ વૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે. બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું એ જ કરવાનું છે. ૧૮૪.

*

મુનિરાજ કહે છે :– ચેતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે. ચૈતન્યમાં સ્થિર થઈ અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણનીય સમાધિ પ્રાપ્ત ન કરી, તો અમારો જે વિષય છે તે અમે પ્રગટન કર્યો. બહારમાં ઉપયોગ આવે છે ત્યારે દ્રવ્યગુણપર્યાયના વિચારોમાં રોકાવું થાય છે, પણ ખરેખર તે અમારો વિષય નથી. આત્મામાં નવીનતાઓનો ભંડાર છે.

ભેદજ્ઞાનના અભ્યાસ વડે જો તે નવીનતા–અપૂર્વતા પ્રગટ ન કરી, તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. ૧૮૫.

*

તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, એમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ અનંત અદ્ભુત

આત્માને–પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એકભાવને–અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે. ૧૮૯.

*

મેં અનાદિ કાળથી બધું બહાર–બહારનું ગ્રહણ કર્યું –બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધુ કે મેં ઘણું કર્યું. શુભભાવ કર્યા પણ દ્રષ્ટિ પર્યાય ઉપર હતી. અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો. સામાન્યસ્વરૂપને ગ્રહણ કર્યુ નહિ, વિશેષને ગ્રહ્યું. ૧૯૦.

*

દ્રષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્યસ્વરૂપને ગ્રહણ કર. પછી ભલે બધું જ્ઞાન થાય. એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની –દ્રવ્યની હોય છે. ૧૯૧.

*

સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામા ંધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે–એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમજ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ–જ્ઞાતાધારા– બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દ્રષ્ટિને

ચોથા ગુણસ્થાન અનુસાર પ્રમાણે અને મુનિને છઠ્ઠા–સાતમા ગુણસ્થાન પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિનાના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે. ૧૯૩.

*

જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર–ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ રાખે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, ‘આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ, –બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,’ ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ? પાપભાવ ત્યાગી ‘સર્વસ્વ કર્યું’ માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દ્રષ્ટિને તો ‘ઘણું બાકી છે, ઘણું બાકી છે’ એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દ્રષ્ટિ–અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં–પાંદડા જરૂર સૂકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું જ નથી. ‘સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું’–

એમ બાહ્યદૃષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી. ૧૯૯.

*

અપિરણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ 'અપરિણામી' નિજાત્મા.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી, અપરિણામી તેમજ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે, સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.

પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર –જ્ઞાયક –ઉપર દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર –તળ ઉપર — દૃષ્ટિ સ્થાપ ને !

પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણ-પર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા –એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં – પલટતા અંશમાં –દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય અવલંબ ને !

જ્ઞાનાનંદસાગરનાં તરંગોને ન જોતાં તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ. તરંગો તો ઊછળ્યા જ કરશે. તું એમને અવલંબે છે શું કામ ?

અનંત ગુણના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ–અપરિણામી અભેદ એક દળ –તેમાં દૃષ્ટિ દે.

પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદ્રષ્ટા થઈ જઈશ. ૨૦૧.

*

તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ. તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ ? તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધક માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે ? સમકિત કેમ થશે ? સાધકપણું કેમ આવશે ? કેવળજ્ઞાન કેમ પ્રગટશે ?

અનંતકાળનો અજાણ્યો માર્ગ ગુરુવાણી અને આગમ વગર જણાતો નથી. સાચો નિર્ણય તો પોતે જ કરવાનો છે પણ તે ગુરુવાણી અને આગમના અવલંબને થાય છે. સાચા નિર્ણય વગર – સાચા જ્ઞાન વગર – સાચું ધ્યાન થઈ શકતું નથી. માટે તું શ્રુતના અવલંબનને, શ્રુતના ચિંતનને સાથે જ રાખજે.

શ્રવણયોગ હોય તો તત્કાળબોધક ગુરુવાણીમાં અને સ્વાધ્યાયયોગ હોય તો નિત્યબોધક એવાં આગમમાં પ્રવર્તન રાખજે. તે સિવાયના કાળમાં પણ ગુરુવાણી ને આગમે બતાવેલા ભગવાન આત્માના વિચાર ને મંથન રાખજે. ૨૧૦.

*

વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના અનંત ગુણોનો સ્વામી કેવો છે – તે જાણ્યા વગર ધ્યાન કેવું ? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે ? એકાગ્રતા

ક્યાં જામશે ? ૨૧૧.

*

સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.

દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. એને –દ્રવ્યદૃષ્ટિવાળા જીવને –ખબર છે કે અનંત કાળમાં જીવોએ આવી રીતે દ્રવ્યો ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે. ૨૧૬.

*

દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્ય-દૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકરસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં –પર્યાયમાં–ચોંટી નથી જતી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર– દ્રવ્યસ્વભાવ ઉપર – જામેલી તે જામેલી જ રહે છે. ૨૧૭.

આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો– ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નો ઓરડા બધા ખુલ્લા થઈ ગયા. ૨૩૧.

*

ઓહો ! આ તો ભગવાન આત્મા ! સાર્વાંગે સહજાનંદ મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ. ૨૪૧.

*

ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારા બધા કર્મો તૂટીને નાશ થઈ જશે. ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રુજી ઊઠે છે, તો આ તો ત્રણલોકનો બાદશાહ –ચૈતન્યચક્રવર્તી ! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે ? ૨૪૨.

*

ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૨૪૪.

*

મુનિઓને અંતરમાં પગલે પગલે– પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે. ૨૫૦.

*

દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી પડતી નથી. ૨૫૧.

*

તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા–જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ? ૨૬૪.

*

અહો ! દેવ–શાસ્ત્ર–ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ–શાસ્ત્ર–ગુરુનું દાસત્વ જોઈએ છે.

પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભૂલાય ?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ–ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો. ૨૬૯.

*

પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય ? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ

ને જીવન પૂરું થઈ જાય. ૨૭૭.

*

બહારનાં બધાં કાર્યમાં સીમા–મર્યાદા હોય. અમર્યાદિત તો અંતર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા—મર્યાદા નથી. અંદરમાં – સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિકાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. ૨૮૧.

*

આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્યતા કરવી તે જ કરવાનું છે. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય. ૨૯૦.

*

જોકે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતા–અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખવૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં –પ્રશસ્ત–અપ્રશસ્ત રાગમાં –દુઃખ ન લાગે અને અંદરમાં–વીતરાગતામાં –સુખ ન લાગે તો તે અંદર કેમ જાય ? ક્યાંક રાગ વિશે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે– વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ

કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ નિવૃત્તિ થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.

*

રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત–અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.

*

ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન–ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે. ૩૨૦.

*

પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્ય સામાન્યનો જ સ્વીકાર હોય છે ૩૨૧.

*

જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ

અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે. ૩૨૩.

*

જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ-અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ૩૨૫.

*

મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્‌ભુત ઋદ્ધિને અનુભવે છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્નભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આંનદતરંગોમાં ડોલે છે. મુનિરાજ તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવના દર્શન થશે. ૩૨૯.

*

દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, ચારિત્રદશા પ્રગટે, પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે, ઘણું ભર્યું છે, તે આત્મદ્રવ્ય પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં ચોંટી જાય તો મિથ્યાત્વમાં આવી જાય. ૩૩૭.

*

મોક્ષમાર્ગનું સ્વરૂપ ટૂંકામાં કહીએ તો 'અંદરમાં જ્ઞાયક આત્માને

સાધ'. આ ટૂંકામાં બધું કહેવાઈ ગયું. વિસ્તાર કરવામાં આવે તો અનંત રહસ્ય નીકળે, કારણ કે વસ્તુમાં અનંતા ભાવો ભરેલા છે. સર્વાર્થસિદ્ધિના દેવો તેત્રીસ તેત્રીસ સાગરોપમ જેટલા કાળ સુધી ધમચર્ચા, જિનેંદ્રસ્તુતિ ઇત્યાદિ કર્યા કરે છે. એ બધાંનો સંક્ષેપ 'શુભાશુભ ભાવોથી ન્યારા એક જ્ઞાયકનો આશ્રય કરવો, જ્ઞાયકરૂપ પરિણતિ કરવી' તે છે. ૩૪૫.

*

ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ–કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા ! જેમને બહારમાં કોઈ વાતની ખામી નહોતી, જે ઇચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલા પણ, ઇન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરના –એવા ઉત્કૃષ્ટ પુણ્યના ઘણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ–પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા, તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને ? માટે, હે જીવ ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા–અપેક્ષાએ તો છોડ ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ–આત્મા–પ્રાપ્ત થશે. ૩૪૯.

*

જ્ઞાયકની સ્વાનુભૂતિ વિના 'જ્ઞાન' હોય નહિ અને જ્ઞાયકના દૃઢ આલંબને આત્મદ્રવ્યને સ્વભાવરૂપે પરિણમીને જે સ્વાભાવભૂત

ક્રિયા થાય તે સિવાય 'ક્રિયા' છે નહિ. પૌદ્ગલિક ક્રિયા આત્મા ક્યાં કરી શકે છે ? જડનાં કાર્યે તો જડ પરિણમે છે; આત્માથી જડનાં કાર્ય કદી ન થાય. 'શરીરાદિનાં કાર્ય તે મારાં નહિ અને વિભાવકાર્યો પણ સ્વરૂપપરિણતિ નહિ, હું તો જ્ઞાયક છું' –આવી સાધકની પરિણતિ હોય છે. સાચા મોક્ષાર્થીને પણ પોતાના જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ. ભલે પ્રથમ સવિકલ્પપણે હો, પણ એવો પાકો નિર્ણય કરવો જોઈએ. પછી જલદી અંતરનો પુરુષાર્થ કરે તો જલદી નિર્વિકલ્પ દર્શન થાય, મોડો કરે તો મોડું થાય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી, સ્થિરતા વધારતાં વધારતાં, જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. –આ વિધિ સિવાય મોક્ષ પ્રાપ્ત કરવાની અન્ય કોઈ વિધિ નથી. ૩૫૦.

*

તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ–ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે ! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો. ૩૫૪.

*

મુનિરાજનો નિવાસ ચૈતન્યદરબારામાં છે. ઉપયોગ તીખો થઈને

ઊંડે ઊંડે ચૈતન્યની ગુફામાં ચાલ્યો જાય છે. બહાર આવતાં મડદા જેવી દશા હોય છે. શરીર પ્રત્યેનો રાગ છૂટી ગયો છે. શાંતિનો સાગર પ્રગટ્યો છે. ચૈતન્યની પર્યાયના વિવિધ તરંગો ઊછળે છે. જ્ઞાનમાં કુશળ છે, દર્શનમાં પ્રબળ છે, સમાધિના વેદનાર છે. અંતરમાં તૃપ્ત તૃપ્ત છે. મુનિરાજ જાણે વીતરાગતાની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. દેહમાં વીતરાગ દશા છવાઈ ગઈ છે. જિન નહિ પણ જિનસરખા છે. ૩૫૬.

*

સહજતત્ત્વનો કદી નાશ થતો નથી, તે મલિન થતું નથી, તેમાં ઊણપ આવતી નથી. શરીરથી તો ભિન્ન છે, ઉપસર્ગ તેને અડતા નથી, તરવાર તેને છેદતી નથી, અગ્નિ તેને બાળતો નથી, રાગદ્વેષ તેને વિકારી કરતા નથી. વાહ તત્ત્વ ! અનંત કાળ ગયો તોપણ તું તો એવું ને એવું જ છે. તને કોઈ ઓળખે કે ન ઓળખે, તું તો સદા એવું જ રહેવાનું છે. મુનિના તેમજ સમ્યગ્દૃષ્ટિના હૃદયકમળના સિંહાસનમાં આ સહજતત્ત્વ નિરંતર બિરાજમાન છે. ૩૫૯.

*

સમ્યગ્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઈ કાળ નથી. પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે. સમ્યગ્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે, હઠપૂર્વકનો નથી. દૃષ્ટિ પ્રગટ થઈ પછી તે એક બાજુ પડી છે એમ નથી. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી. અંદરમાં ભેદજ્ઞાનનું –જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે. સહજ જ્ઞાતાધારા ટકી રહી છે તે પુરુષાર્થથી ટકી રહી છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે, તોપણ ચૈતન્યપરિણતિ ડોલે નહિ —એવી સહજ દશા છે. ૩૬૦.

*

તું જ્ઞાયકસ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડ્યું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.

'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.

શુભભાવ આવશે ખરા, પણ 'શુભભાવથી ક્રમે મુક્તિ થશે, શુભભાવ ચાલ્યા જાય તો બધુ ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'– એવી શ્રદ્ધા છોડ.

તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો. તેની શ્રદ્ધા કર અને આગળ જા. અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે. ૩૬૧.

*

મુનિરાજ આશ્ચર્યકારી નિજ ઋદ્ધિથી ભરેલા ચૈતન્યમહેલમાં નિવાસ કરે છે; ચૈતન્યલોકમાં અનંત પ્રકારનું જોવાનું છે તેનું અવલોકન કરે છે; અતીન્દ્રિય આનંદરૂપ સ્વાદિષ્ટ અમૃતભોજનના થાળ ભરેલા છે તે ભોજન જમે છે. સમરસમય અચિંત્ય દશા છે ! ૩૬૩.

*

ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું' –ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશા ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા

જેવુ છે. અવસર ચૂકવા યોગ્ય નથી. ૩૬૪.

*

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી –જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિકાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું –શુભાશુભ ભાવનું–પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભભાવથી મુક્તિ થતી હોત, તો તો ક્યારની થઈ ગઈ હોત ! હવે, જો પૂર્વે અનંતવાર કરેલા શુભભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે – જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. ૩૬૫.

*

ચૈતન્યતત્ત્વને પુદ્‌ગલાત્મક શરીર નથી, નથી. ચૈતન્યતત્ત્વને ભવનો પરિચય નથી, નથી. ચૈતન્યતત્ત્વને શુભાશુભ પરિણતિ નથી, નથી. તેમાં શરીરનો, ભવનો, શુભાશુભ ભાવનો સંન્યાસ છે.

જીવે અનંત ભવોમાં પરિભ્રમણ કર્યું, ગુણો હીણારૂપે કે વિપરીતરૂપે પરિણમ્યા, તોપણ મૂળતત્ત્વ એવું ને એવું જ છે, ગુણો એવા ને એવા જ છે. જ્ઞાનગુણ હીણારૂપે પરિણમ્યો તેથી કાંઈ તેના સામર્થ્યમાં ઊણપ આવી નથી. આનંદનો અનુભવ નથી એટલે કાંઈ આનંદગુણ ક્યાંય ચાલ્યો ગયો નથી, હણાઈ ગયો નથી, ઘસાઈ ગયો નથી. શક્તિરૂપે બધું એમ ને એમ રહ્યું છે. અનાદિકાળથી જીવ બહાર ભમે છે, ઘણું ઓછું જાણે છે, આકુળતામાં રોકાઈ ગયા છે, તોપણ ચૈતન્યદ્રવ્ય અને તેના જ્ઞાન-આનંદાદિ ગુણો એવાં ને એવાં સ્વયમેવ સચવાયેલાં રહ્યાં છે, તેમને સાચાવવા પડતાં નથી.

–આવા પરમાર્થસ્વરૂપની, સમ્યગ્દૃષ્ટિ જીવને અનુભવયુક્ત પ્રતીતિ હોય છે. ૩૬૯.

*

જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાણું પડતાં, તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર પ્યાલામાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં–સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. ૩૭૨.

*

બધાં તાળાની ચાવી એક — 'જ્ઞાયકનો અભ્યાસ કરવો'. આનાથી બધા તાળા ખૂલી જશે. જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળા ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી. ૩૭૩.

*

પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે. આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું –વ્યક્ત થતી વિભૂતિઓનું –વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી –તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ

છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે–અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે –દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર. ૩૭૬.

*

સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે, તે માટે નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે, –દિનરાત રોમેરોમમાં એક આત્મા જ રમી રહ્યો છે. શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજસ્વભાવોને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષ કરે છે. જેમ માતાનો છેડો પકડીને બાળક કાંઈક મુશ્કેલી દેખતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરિષહ–ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે. 'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !' એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. ૩૭૭.

*

જેમ કંચનનેકાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.

*

જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે,પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે

બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ–ન્યાય જાણ્યા, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ. જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.

*

આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.

*

આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને ! તેની અંદર એકવાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનુ તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.

*

મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરાજની આ દૃઢ સંયમપરિણતિ ફરે એમ નથી. બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતા તેઓ

અનંતગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે. બહારથી જોતાં ભલે તોઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે. બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર આંધારું વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયાં છે. બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય, પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે. ઉપસર્ગનાં ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'. અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. ૩૮૮.

*

દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ –ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.

તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન–વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. –આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને –ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.

અજ્ઞાનીએ અનાદિકાળથી અનંત જ્ઞાન–આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.

જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યાં છે. અંદરમાં જ્ઞાન–આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી તેવી નિરાંત થઈ ગઈ છે. ૩૯૧.

*

સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાને; –તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તદેમના સ્વભાવવિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક–બાધકપણાનો ઇત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અને પરિણામો વર્તતા હોય છે, પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે. –આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે. ૩૯૩.

*

મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મમય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારેકોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે.

આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્ભુત દશા છે ! ૩૯૪.

*

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો, તે પરમભાવ આગળ ત્રણલોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય–નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.–આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પોછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.

*

સમ્યકૃદૃષ્ટિને ભલે સ્વાનુભૂતિ પોતે પૂર્ણ નથી, પણ દૃષ્ટિમાં પરિપૂર્ણ ધ્રુવ આત્મા છે. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમજ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર નથી. દૃષ્ટિમાં એકલા સ્વ પ્રત્યેનું –દ્રવ્ય પ્રત્યેનુ બળ રહે છે. ૩૯૯.

*

હું તો શાશ્વત પૂર્ણ ચૈતન્ય જે છું તે છું. મારામાં જે ગુણ છે તે તેના તે જ છે, તેવા ને તેવા જ છે. હું એકેન્દ્રિયના ભવમાં ગયો ત્યાં મારામાં કાંઈ ઘટી ગયું નથી અને દેવના ભવમાં ગયો ત્યાં મારો કોઈ ગુણ વધી ગયો નથી. –આવી દ્રવ્યદૃષ્ટિ તે જ એક ઉપાદેય છે. જાણવું બધું, દૃષ્ટિ રાખવી એક દ્રવ્ય ઉપર. ૪૦૦.

*

જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું

છે. જ્ઞાની નિજસ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અંનતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.' ૪૦૧.

*

અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચપરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે ! પાંચેય પરમેષ્ઠી ભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે ! ત્રણે કાળના તીર્થંકરભગવંતોને –સાથે સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને —'સૌને ભેગા તેમ જ પ્રત્યેક–પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને–સાધકને–આવ્યા વિના રહેતા નથી. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમેરોમ ખડાં થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે અને શુભભાવ તો ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે. ૪૦૭.

*

અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટીંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં

રહી ગુરુના ઉપદેશોને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી, અથવા 'આટલું કામ કરી લઉં; આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહિ. અરેરે ! મનુષ્યભવ એળે ગયો !' એમ તે પસ્તાય તોપણ શા કામનું ? મરણસમયે તેને કોનું શરણ છે ? તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.

ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિસમયે તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે. વિકટ પ્રસંગે નિજ શુદ્ધાત્માનુ શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખ-સરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે –જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાંતિનો અખૂટ નિધિ છે. તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત થનાર –એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. ૪૦૯.

*

જેણે આત્માના મૂળ અસ્તિત્વને પકડ્યું નથી, 'પોતે શાશ્વત તત્ત્વ છે, અનંત સુખથી ભરપૂર છે' એવો અનુભવ કરીને શુદ્ધ પરિણતિની ધારા પ્રગટાવી નથી, તેણે ભલે સાંસારિક ઇન્દ્રિયસુખોને નાશવંત અને ભવિષ્યમાં દુઃખ દેનારાં જાણી તજી દીધાં હોય અને બાહ્ય મુનિપણું ગ્રહણ કર્યું હોય, ભલે તે દુર્ધર તપ કરતો હોય અને ઉપસર્ગ–પરિષહમાં અડગ રહેતો હોય, તોપણ તેને તે બધું નિર્વાણનું કારણ થતું નથી, સ્વર્ગનું કારણ થાય છે; કારણ કે તેને શુદ્ધ પરિણમન

બિલકુલ વર્તતું નથી, માત્ર શુભ પરિણામ જ —અને તે પણ ઉપાદેયબુદ્ધિએ –વર્તે છે. તે ભલે નવ પૂર્વભણી ગયો હોય તોપણ તેણે આત્માનુ મૂળ દ્રવ્ય–સામાન્યસ્વરૂપ અનુભવપૂર્વક જાણ્યું નહિ હોવાથી તે બધું અજ્ઞાન છે.

સાચા ભાવમુનિને તો શુદ્ધાત્મદ્રવ્યાશ્રિત મુનિયોગ્ય ઉગ્ર શુદ્ધ-પરિણતિ ચાલું હોય છે, કર્તાપણું તો સમ્યગ્દર્શન થતાં જ છૂટી ગયું હોય છે, ઉગ્ર જ્ઞાતૃત્વધારા અતૂટ વર્તતી હોય છે, પરમ સમાધિ પરિણમી હોય છે. તેઓ શીઘ્ર શીઘ્ર નિજાત્મામાં લીન થઈ આનંદને વેદતા હોય છે. તેમને પ્રચૂર સ્વસંવેદન હોય છે. તે દશા અદ્ભુત છે, જગતથી ન્યારી છે. પૂર્ણ વીતરાગતા નહિ હોવાથી તેમને વ્રત–તપ–શાસ્ત્રરચના વગેરેના શુભભાવો આવે છે ખરા, પણ તે હેય-બુદ્ધિએ આવે છે. આવી પવિત્ર મુનિદશા મુક્તિનું કારણ છે. ૪૧૦.

*

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે ? મરણની વેદના પણ કેટલી હશે ? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે ? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય–દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે. ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે. તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે ? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ–અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે, આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી

'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ૪૧૨.

*

કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણલોકનો નાથ હોવા છતાં તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે ! 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભકાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે ? પણ બહારથી કંઈ મળતું નથી. ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે. ૪૧૪.

મુનિરાજ કહે છે :– અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પીવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પીવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એ પૂર્ણ દશામાં સાદિ–અનંતકાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પીવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે. ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન ! આવી ઉત્કૃષ્ટ-નિર્મળદશાની અમે ભાવના ભાવી ભાવીએ છીએ. (આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ

તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.) ૪૧૫.

*

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર ! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરા થયાં હશે ? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવા નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે ? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા–અશાતાથી ભિન્ન તેમજ આકુળતામય શુભાશુભ ભાવથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.

*

સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપલીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહારમાં આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય–ધ્યાન–વ્રત–સંયમ–તપ–ભક્તિ ઇત્યાદિસંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠરહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ

પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે ?' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે; —જાણે હાલતા-ચાલતા સિદ્ધ ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જાય છે. –આ મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કોઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે. ૪૧૭.

*

સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું. તેનો કદી નાશ થતો નથી. જેને દુઃખના બીજડાં જ બળી ગયાં છે તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે ? એકવાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે તેઓ કદી પણ ભેગા થતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે ? સિદ્ધત્વપરિણમન પ્રવાહરૂપે સાદિ-અનંત છે. સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ પ્રતિસમય પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. જોકે સિદ્ધભગવાનને જ્ઞાનઆનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યાં જ કરે છે –ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા એવા ને એવા જ પરિપૂર્ણ રહે છે. સ્વભાવ અદ્ભુત છે. ૪૧૮.

*

પ્રશ્ન :– અંનતકાળનાં દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે ?

ઉત્તર :– 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુઃખ ટળશે, અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે –એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ–અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.

*

પ્રશ્ન :– જિજ્ઞાસુને ચોવીશે કલાક આત્માના વિચાર ચાલે ?

ઉત્તર :– વિચારો ચોવીશે કલાક ન ચાલે. પણ આત્માની ખટક, લગની, રુચિ, ધગશ રહ્યા કરે. 'મારે આત્માનું લક્ષ કરવું છે, મારે આત્માને ઓળખવો છે' એમ લક્ષ આત્મા તરફ વારંવાર વળ્યા કરે. ૪૨૦.

*

પ્રશ્ન :– મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો ?

ઉત્તર :– સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ

વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય કેમ કરવું. પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય. ૪૨૧.

*

પ્રશ્ન :– વિકલ્પ અમારો પીછો નથી છોડતા !

ઉત્તર :– વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને ! વિકલ્પમાં જરા પણ સુખ અને શાંતિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.

પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. ૪૨૨.

*

પ્રશ્ન :– સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?

ઉત્તર :– નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે, અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ

ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્‌ભુત છે, વચનાતીત છે. તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે. ૪૨૩.

*

પ્રશ્ન :– આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને ?

ઉત્તર :– નિશ્ચયથી અશુદ્ધતાના દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે. ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત્ દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહિ, સદાકાળ રહે ! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી. શક્તિ તો શુદ્ધ જ છે, વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે. ૪૨૪.

*

પ્રશ્ન :– આત્માની વિભૂતિને ઉપમા આપી સમજાવો.

ઉત્તર :– ચૈતન્યતત્ત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેને લાગુ પડતી નથી. ચૈતન્યમાં જે વિભૂતિ ભરી છે તે અનુભવમાં આવે છે; ઉપમા શી અપાય ?

*

પ્રશ્ન :– નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ?

ઉત્તર :– દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.

સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી, બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. ૪૩૦.